ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૮૩.૯૮ |
| પાઉન્ડ | ૧૦૯.૯૫ |
| યુરો | ૯૨.૨૧ |
| સઉદી રિયાલ | ૨૨.૩૬ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૮,૩૦૫ |
| ચાંદી (૧ કિલો) | ૯૯,૯૯૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૭૦ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com




### ગેંગરેપની થિયરી નકારી કાઢતી કેન્દ્રીય તપાસનીશ સંસ્થા : 'કોથળામાંથી બિલાડુ'

# કોલકાતા ડોક્ટર રેપ-હત્યા કેસમાં માત્ર એક આરોપી સામે ચાર્જશીટ

**કેસમાં એક જ આરોપી સંજય રોય હોવાનું રટણ કરતી CBI, અધિકારીઓ કહે છે કે જુનિયર ડોક્ટર પર બળાત્કાર અને તેની હત્યા કરવાના મામલામાં આરોપી એક જ છે, ગેંગરેપ થયાની કોઈ શક્યતા કે પુરાવા નથી**

(એજન્સી) કોલકાતા, તા.૭

દેશભરમાં ભારે ચર્ચા તથા ચકચાર જગાવી દેનાર અને હજી સુધી જુનિયર ડોક્ટરો જે કેસ માટે આંદોલન કરી રહ્યા છે એ કોલકાતાની આર.જી. કર મેડિકલ કોલેજ હોસ્પિટલમાં બનેલી જુનિયર ડોક્ટર પર દુષ્કર્મ અને તેની હત્યાની ખૂબ જ સનસનાટીભરી ઘટના અંગે લાંબી તપાસ બાદ અંતે CBI દ્વારા કોલકાતાની સ્પેશિયલ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે અને તેમાં આ કેસના આરોપી તરીકે માત્ર એક જ આરોપી સંજય રોયનું નામ દર્શાવવામાં આવતા ગેંગરેપની આખી થિયરીનો છેદ ઊડી ગયો છે. કોલકાતા નહીં સમગ્ર દેશમાં ભારે વિવાદ અને હોબાળો તથા વિરોધ જગાવી દેનાર આ ઘટનામાં એક જ આરોપી હોવાનું CBIએ દર્શાવ્યું છે અને ચાર્જશીટમાં એક જ નામ મૂકીને CBI અધિકારીઓએ જણાવ્યું છે કે આ ઘટનાને ગેંગરેપની ઘટના ગણાવી શકાય તેમ નથી કેમકે આ ગુનામાં એક જ આરોપી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

CBIના સૂત્રોએ જણાવ્યું હતું કે જુનિયર ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના કેસમાં એક જ આરોપી સંજય રોય છે. આજે કોલકાતાની સ્પેશિયલ કોર્ટ સમક્ષ CBI દ્વારા ચાર્જશીટ મૂકવામાં આવ્યું છે જેમાં એકમાત્ર આરોપી તરીકે રોયનું નામ છે જે સ્થાનિક પોલીસના નાગરિક વોલેન્ટિયર તરીકે કામ કરતો હતો. હોસ્પિટલમાં નવમી ઓગસ્ટે આ સનસનાટીભરી ઘટના બની હતી જ્યારે મહિલા ડોક્ટર એટલે કે તાલીમી જુનિયર ડોક્ટર આરામ માટે હોસ્પિટલના સેમિનાર રૂમમાંથી જઈ રહી હતી ત્યારે તેના પર બળાત્કાર કરીને તેની હત્યા કરી નાખવાની ઘટના બની હતી.



કોલકાતાની સ્પેશિયલ કોર્ટમાં CBI દ્વારા દાખલ કરાઈ ચાર્જશીટ જેમાં આરોપી તરીકે માત્ર રોયનું નામ

સીબીઆઈ દ્વારા રજૂ કરાયેલા ચાર્જશીટમાં ગેંગરેપનો કોઈ ઉલ્લેખ નથી અને તેમાં એવું દર્શાવવામાં આવ્યું છે કે આ ગુનામાં એકમાત્ર રોય અપરાધી છે.

આ ઘટના બન્યા બાદ ૧૦મી ઓગસ્ટે પોલીસે સંજય રોયની ઘટનાના આરોપસર ધરપકડ કરી હતી જે સીસીટીવી ફૂટેજ પોલીસે સેમિનાર રૂમના જોયા હતા તેના આધારે પોલીસે તેની ધરપકડ કરી હતી. એ પછી ૧૪મી ઓગસ્ટથી તો CBI એ તપાસનો હવાલો કોલકાતા હાઈકોર્ટના હુકમથી સંભાળી લીધો હતો અને રોયનો કબજો સંભાળીને તેની વિગતવાર લાંબી પૂછપરછ કરી હતી અને પોલીગ્રાફ ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો.

જોકે આરોપીએ નાર્કો એનાલિસિસ ટેસ્ટ માટે તૈયારી બતાવી નહોતી એટલે CBI એ ટેસ્ટ કરાવી શકી નહોતી. આ કેસમાં સીબીઆઈ દ્વારા તાલા પોલીસ સ્ટેશનના ઓફિસર ઈન્ચાર્જ અભિજિત મોડેલ અને મેડિકલ કોલેજના પૂર્વ આચાર્ય સંદીપ ઘોષની પણ ધરપકડ કરી હતી.

જુનિયર ડોક્ટરની હત્યા થઈ ત્યારથી આ મેડિકલ કોલેજના અને સમગ્ર કોલકાતાના ડોક્ટરો આંદોલન ચલાવી રહ્યા છે અને તેમણે લાંબો સમય હોસ્પિટલની કામગીરી પણ બંધ રાખી હતી. અત્યારે ઈમરજન્સી સેવાઓ ચાલુ છે પરંતુ જુનિયર ડોક્ટરો હવે ત્રણ દિવસથી ભૂખ હડતાળ આંદોલન ચલાવી રહ્યા છે. તપાસ સંભાળ્યા બાદ સીબીઆઈની તપાસ ટીમ દ્વારા ૧૦૦થી વધુ સાક્ષીઓની પૂછપરછ કરવામાં આવી હતી અને બાર જેટલા લોકોના પોલીગ્રાફ ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. આ કેસનો એકમાત્ર અને મુખ્ય આરોપી સંજય રોય જોકે સીબીઆઈ સમક્ષ એક જ રટણ કરતો રહ્યો છે કે મને ફસાવી દેવામાં આવ્યો છે, મેં કશું કર્યું નથી. સીબીઆઈએ તેની મુખ્ય શકમંદ તરીકે પૂછપરછ ચાલુ રાખી હતી અને તપાસ આગળ ચલાવી હતી. પીડિત ડોક્ટરના નખ પરથી અને ચામડી પરથી લોહીના જે ડાઘા મળ્યા હતા તે રોયના ડીએનએ સાથે સરખામણીમાં મેચ થયા હતા. આથી ગુનામાં તેની સંડોવણીનો વધુ એક પુરાવો મળ્યો હતો જેના આધારે હવે સીબીઆઈએ તેને આ ગુનામાં એકમાત્ર આરોપી તરીકે દર્શાવીને સ્પેશિયલ કોર્ટમાં ચાર્જશીટ મૂકી દીધું છે અને ગેંગરેપની આખી થિયરી ઊડી ગઈ છે.

# સઉદી અરેબિયાની બે પવિત્ર મસ્જિદોના વહીવટી તંત્રે યતિ નરસિંહાનંદની પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિરૂદ્ધ નિંદાજનક ભાષણની નિંદા કરી

(એજન્સી) તા.૭

સઉદી અરેબિયાની બે પવિત્ર મસ્જિદોએ શુક્રવારે એક નિવેદન જારી કરીને ભારતના વિવાદાસ્પદ મહંત યતિનરસિંહાનંદ સરસ્વતી દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીની નિંદા કરી હતી. મક્કા અને મદીનામાં પવિત્ર મસ્જિદોના વહીવટીતંત્રે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને સાંપ્રદાયિક તણાવ ઉશ્કેરતા વ્યક્તિઓ સામે પગલાં લેવા અને ધાર્મિક સંવાદિતાને પ્રોત્સાહન આપવા અને ઈસ્લામોફોબિયાને કાબૂમાં લેવા માટે પગલાં લેવા વિનંતી કરી. ફેસબુક પર શેર કરાયેલા એક નિવેદનમાં, હરમૈન શરીફાઈને જણાવ્યું હતું કે, "હરમૈન શરીફાઈન ભારતીય પૂજારી દ્વારા કરવામાં આવેલ પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિરૂદ્ધ ટિપ્પણીની સખત નિંદા કરે છે, અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓને સાંપ્રદાયિક વિખવાદ ઉશ્કેરનારા તત્વોને રોકવા માટે હાકલ કરે છે અને ધાર્મિક સંવાદિતાને પ્રોત્સાહન આપતા ઈસ્લામોફોબિયાનો સામનો કરવા પગલાં લવા કહે છે. આ નિંદા સોશિયલ મીડિયા પર એક વીડિયોને પગલે કરવામાં આવી છે જેમાં યતિનરસિંહાનંદ પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિશે અપમાનજનક ટિપ્પણી કરતા સાંભળી શકાય છે. આ ઉશ્કેરણીજનક ટિપ્પણીના જવાબમાં જમ્મુ અને કાશ્મીર અને હૈદરાબાદ સહિત ભારતના કેટલાક ભાગોમાં વિરોધ ફાટી નીકળ્યો હતો. ગુરૂવારે, ૨૯ સપ્ટેમ્બરના રોજ ગાઝિયાબાદમાં એક કાર્યક્રમમાં ભડકાઉ ભાષણ આપવા બદલ નરસિંહાનંદ વિરૂદ્ધ FIR દાખલ કરવામાં આવી હતી. અહેવાલો અનુસાર, શનિવારે તેની અટકાયત કરવામાં આવી હતી. તેની સામે અમરાવતી, મહારાષ્ટ્ર અને તેલંગાણામાં વધારાની ફરિયાદ દાખલ કરવામાં આવી છે. AIMIMના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ હૈદરાબાદના પોલીસ કમિશનરને ઔપચારિક વિનંતી પણ મોકલી છે અને નરસિંહાનંદની અપમાનજનક ટિપ્પણી માટે તેમની સામે ફોજદારી કેસ નોંધવાની માંગ કરી હતી. નરસિંહાનંદ પર વિવિધ સમુદાયોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાનો આરોપ છે, તેના વિરુદ્ધ સિહાની ગેટ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી ત્રિવેન્દ્ર સિંહની ફરિયાદ પર ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ હેઠળ ધાર્મિક વિસંગતતાને ઉશ્કેરવા બદલ કેસ કરવામાં આવ્યો હતો. આ વિવાદાસ્પદ મહંત પર ડિસેમ્બર ૨૦૨૧માં હરિદ્વારમાં એક કોન્ક્લેવમાં આપવામાં આવેલા દ્વેષપૂર્ણ ભાષણને લગતા આરોપો સહિત ઘણા કેસ પેન્ડિંગ છે, અને તે હાલમાં જામીન પર બહાર હતા.

### પયગમ્બર મુહમ્મદ (સ.અ.વ.) સાહેબ અંગે નરસિંહાનંદની વિવાદાસ્પદ ટિપ્પણી વિવાદ વચ્ચે યોગી

# "કોઈપણ ધર્મ અથવા સંપ્રદાય સાથે જોડાયેલા દેવતાઓ, મહાપુરૂષો અથવા સંતો વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણી અસ્વીકાર્ય છે અને તેના માટે સજા કરવામાં આવશે" : CM

(એજન્સી) તા.૭

ઉત્તરપ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સોમવાર, ૭ ઑક્ટોબરે જણાવ્યું હતું કે કોઈપણ ધર્મ અથવા સંપ્રદાય સાથે જોડાયેલા દેવતાઓ, મહાપુરૂષો અથવા સંતો વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણી અસ્વીકાર્ય છે અને આવું કરનારાઓને "સખ્ત સજા" કરવામાં આવશે. મુખ્ય સચિવ, ડીજીપી અને અન્ય અધિકારીઓ સાથે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા કરતા, મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું હતું કે વિરોધના નામે અરાજકતા, તોડફોડ અથવા આગ લગાડવી સ્વીકાર્ય નથી અને જે પણ આવું કરવાની હિંમત કરશે તેણે તેની કિંમત ચૂકવવી પડશે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે દરેક સંપ્રદાય અને ધર્મની આસ્થાનું સન્માન કરવું જોઈએ. આદિત્યનાથે જારી કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, દરેક નાગરિકમાં મહાપુરુષો પ્રત્યે કૃતજ્ઞતાની ભાવના હોવી જોઈએ, પરંતુ તેના માટે કોઈ દબાણ કરી શકાતું નથી અને તે કોઈ પર લાદી શકાય નહીં. જો કોઈ વ્યક્તિ આસ્થા સાથે છેડછાડ કરશે, મહાપુરુષો, દેવી-દેવતાઓ, સંપ્રદાય વગેરેની આસ્થા વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણી કરશે, તો તેને કાયદાના દાયરામાં લાવવામાં આવશે અને સખત સજા કરવામાં આવશે, પરંતુ દરેક સંપ્રદાય, ધર્મના લોકોએ દરેકનું સન્માન કરવું પડશે. આદિત્યનાથની ટિપ્પણી નરસિંહાનંદની પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ વિરૂદ્ધ વાંધાજનક ટિપ્પણીની પૃષ્ઠભૂમિમાં આવી છે. ઘણા મુસ્લિમ સંગઠનોએ આ પૂજારીની ધરપકડ માટે હાકલ કરી છે, અને BSP, નેશનલ કોન્ફરન્સ અને સમાજવાદી પાર્ટી જેવા રાજકીય પક્ષોના નેતાઓ પણ તેમની સામે કડક કાર્યવાહી માટે માંગ કરી છે.

**નરસિંહાનંદ, અન્ય દસના દેવીના પૂજારીઓ સામે કેસ :** ૩ ઓક્ટોબરના રોજ સબ-ઈન્સ્પેક્ટર ત્રિવેન્દ્ર સિંહે નરસિંહાનંદ વિરૂદ્ધ એફઆઈઆર નોંધાવી હતી, જેમાં જણાવ્યું હતું કે ૧૯ સપ્ટેમ્બરના રોજ, તેમણે લોહિયા નાગામાં હિન્દી ભવનમાં એક કાર્યક્રમ દરમિયાન સમુદાય વિરૂદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી. સિંઘે આને BNSની કલમ ૩૦૨નું ઉલ્લંઘન ગણાવ્યું છે, જે કોઈની ધાર્મિક લાગણીઓને ઈરાદાપૂર્વક ઠેસ પહોંચાડવા માટે શબ્દો ઉચ્ચારવા અથવા અવાજ ઉઠાવવાના ગુના સાથે સંબંધિત છે. પોતાના ભાષણ દરમિયાન તેણે લોકોને પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબના પૂતળા બાળવા માટે ઉશ્કેર્યા હતા જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. વેવ સિટી પોલીસ સ્ટેશનના દાસના વિસ્તારના ઈન્ચાર્જ સબ ઈન્સ્પેક્ટર અને એરિયા બીટ ભાનુ પ્રકાશ સિંહે બીજી એફઆઈઆર નોંધાવી હતી. આ ફરિયાદમાં, પૂજારીના શિષ્યો-અનિલ યાદવ છોટા નરસિમહાનંદ, યતિ રણ સિંઘાનંદ, યતિ રામ સ્વરૂપાનંદ અને દાસના મંદિરના યતિ નિર્ભયાનંદ પર વાંધાજનક ટિપ્પણી કરવાનો આરોપ છે, જેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર જોવા મળ્યો હતો. નરસિંહાનાદની ટિપ્પણી પર વિરોધ બાદ, દેશભરમાં અનેક FIR દાખલ કરવામાં આવી હતી, તેમના સહાયક અનિલ યાદવે ઈસ્લામના પયગમ્બર (સ.અ.વ.) સાહેબ અને ખલીફાઓના પૂતળાં બાળવાની ધમકી આપી હતી. ઓનલાઈન સામે આવેલા એક વીડિયોમાં યાદવ ઉર્ફે 'છોટા નરસિંહાનંદ' એ દાવો કર્યો છે કે વિરોધ પ્રદર્શન એટલા માટે કરવામાં આવી રહ્યા છે કારણ કે લોકોએ નિવેદનનું "ખોટું અર્થઘટન" કર્યું છે. હું નરસિંહાનંદ વિરૂદ્ધ દેશવ્યાપી વિરોધ અંગે સંદેશ આપવા માંગુ છું. તેમના નિવેદનની ગેરસમજ કરવામાં આવી છે, અને નરસિંહાનંદના પૂતળાઓને વિવિધ સ્થળોએ સળગાવવામાં આવ્યા છે. યાદવે ગાઝિયાબાદ કલેક્ટર કચેરીમાં પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) સાહેબ અને ખલીફા હઝરત અલી (ર.અ.) અને હઝરત અબુ બકર સિદ્દીક (ર.અ.)ના પૂતળાં બાળવાની ધમકી આપી હતી. નરસિંહાનંદ વિરૂદ્ધ તેલંગાણાના હૈદરાબાદ અને મહારાષ્ટ્રમાં ૨ સહિત વિવિધ રાજ્યોમાં અનેક FIR દાખલ કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ પોલીસ પ્રશાસનને પણ નિર્દેશ આપ્યો કે દરેક જિલ્લા અને દરેક પોલીસ સ્ટેશને આગામી તહેવારો આનંદ અને સંવાદિતા સાથે ઉજવવામાં આવે તે સુનિશ્ચિત કરવું જોઈએ. વાતાવરણને બગાડનારાઓને ઓળખો અને તેમની સામે કડક પગલાં લો. જેઓ કાયદાની વિરૂદ્ધ કામ કરે છે તેમની સાથે કડક વ્યવહાર કરો. મહિલાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સૂચનાઓ આપતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ભીડભાડવાળા વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ અને પોલીસ રિસ્પોન્સ વાહનો વધુ સઘન બનાવવા જોઈએ. તેમણે કહ્યું કે મહિલાઓની સુરક્ષા અને સુવિધા સુનિશ્ચિત કરવી જોઈએ.



# PM નરેન્દ્ર મોદીની જાહેર સેવાની લાંબી યાત્રા એ સહુ માટે પ્રેરણાની જીવંત ગાથા : અમિત શાહ

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેર જીવનમાં સેવાની લાંબી યાત્રા એ સમર્પણની વિલક્ષણ પ્રેરણાદાયક યાત્રા છે જે બતાવે છે કે, કેવી રીતે એક વ્યક્તિએ તેમનું સમગ્ર જીવન દેશના હિતમાં અને પ્રજાના કલ્યાણમાં સમર્પિત કર્યું છે એટલે એમની જીવનયાત્રા એ પ્રેરણાનું જીવંત ઉદાહરણ છે.




**સમસ્યાઓ તરફ ટુકડે-ટુકડે જોવાને બદલે વડાપ્રધાન મોદીએ નક્કર સમગ્રપણે નિરાકરણનો દેશને સંદેશો અને નવી દૃષ્ટિ આપ્યા છે**

ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અને ત્યારબાદ વડાપ્રધાન તરીકે મોદીએ જાહેર જીવનમાં ૨૩ વર્ષ પરિપૂર્ણ કર્યા છે તેમના આ હોદ્દાના આટલા વર્ષો એ બતાવે છે કે, એમની લાંબી સેવા યાત્રા જાહેર જીવનમાં કામ કરનારા લોકો માટે પ્રેરણાનું જીવંત ઉદાહરણ છે. ગૃહમંત્રીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ લખી હતી કે, આજે વડાપ્રધાન મોદીજીએ એમના જાહેર જીવનમાં મુખ્યમંત્રી અને વડાપ્રધાન પદના હોદ્દા પરના ૨૩ વર્ષ પરિપૂર્ણ કર્યા છે આ એક વિલક્ષણ જાહેર સેવાનું એવું ઉદાહરણ છે જે બતાવે છે કે, એક વ્યક્તિએ દેશના હિતમાં અને પ્રજાના કલ્યાણ માટે જીવન આખું સમર્પિત કર્યું છે.

વડાપ્રધાન મોદીની જાહેર જીવનની યાત્રામા ગૃહમંત્રી અમિત શાહ સતત સાથી તરીકે ઓળખાઈ રહ્યા છે એટલે જ શાહ કહે છે કે, મને એમના જાહેર જીવનની લાંબી યાત્રાને નજીકથી જોવાનો મોકો મળ્યો એ મારૂં સદ્‌ભાગ્ય છે.

**ક્યા બાત હૈ ?!**




# હરિયાણામાં આમ આદમી પાર્ટીના સાંસદ સંજીવ અરોરાના નિવાસસ્થાન પર નાણાં હેરફેર કેસ સબબ ગુરૂગ્રામ ખાતે EDના દરોડા

**આપના નેતા અને દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનિષ સિસોદિયાએ ટ્વિટ કર્યું કે અમારા સાંસદ જે વેપારી પણ છે, એમના પર ED દ્વારા દરોડા પાડવાનું પગલું પક્ષને તોડી પાડવાનો પ્રયાસ છે, પણ આપના સભ્યો અટકશે નહીં અને વેચાશે નહીં અને ડરશે પણ નહીં**

(એજન્સી) ગુરૂગ્રામ, તા.૭

આમ આદમી પાર્ટીના રાજ્ય સભાના સભ્ય સંજીવ અરોરાના ગુરૂગ્રામ ખાતે આવેલા નિવાસસ્થાન પર આજે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા નાણાકીય હેરફેરના કેસ સબબ દરોડા પાડવામાં આવ્યા હતા. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે જમીન ગોટાળા કેસ સાથે સંકળાયેલા નાણાકીય હેરફેરના મામલાની તપાસ સંદર્ભમાં સંજીવ અરોરા અને અન્યના નિવાસ પર રેડ કરવામાં આવી છે. અરોરા પંજાબના છે અને ગુરૂગ્રામ હરિયાણાથી રાજ્યસભાના સભ્ય તરીકે ફરજ બજાવી રહ્યા છે. એમના નિવાસસ્થાન અને લુધિયાણામાં અન્ય કેટલાક લોકોના આવાસો પર સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું. આપના નેતા અને દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ ટ્વિટ કર્યું હતું કે અમારા સાંસદ જે વેપારી પણ છે એમના પર રેડ કરવાનું પગલું પક્ષને તોડી નાખવાનો પ્રયાસ છે. પરંતુ આપના સભ્યો ન તો અટકવાના છે કે ન તો વેચવાના છે કે ન તો ડરવાના છે.

# ચેન્નાઈમાં હજારો મુસ્લિમોની વિરોધ રેલી

## વકફ સુધારા ખરડાનો જોરદાર વિરોધ અને તાત્કાલિક પાછો ખેંચવા માગણી

(એજન્સી) ચેન્નાઈ, તા.૭

ફેડરેશન ઓફ તમિલનાડુ ઈસ્લામિક ઓર્ગેનાઈઝેશન્સ અને રાજકીય પક્ષોના નેજા હેઠળ ચેન્નાઈમાં ઈગમોર ખાતે રાજા રત્નમ સ્ટેડિયમમાં યોજાયેલી જંગી વિરોધ રેલી અને સભામાં હજારો મુસ્લિમો જોડાયા હતા અને સૂચિત વકફ સુધારા ખરડા ૨૦૨૪નો સખત વિરોધ વ્યક્ત કર્યો હતો અને એકી અવાજે હજારો લોકોએ આ ખરડો તાત્કાલિક પાછી ખેંચી લેવાની જોરદાર માગણી કરી હતી. નામાંકિત આગેવાનો તેમજ ધારાશાસ્ત્રીઓ, સમાજના મજહબી નેતાઓ અને વેપારી તથા ઉદ્યોગપતિઓ અને આમ નાગરિકો આ વિરોધ રેલીમાં જોડાયા હતા. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પ્રાઈવેટ લો બોર્ડના મહામંત્રી મૌલાના બસલુર રહીમ મુજાથીદી અને અન્ય નામાંકિત મુસ્લિમ આગેવાનો અને મહાનુભાવો જોડાયા હતા અને આ વિરોધ રેલી અને સભાની આગેવાની ફેડરેશનના પ્રમુખ મૌલાના ખાજા મોઈનુદ્દીન બકાવીએ લીધી હતી. અન્ય નામાંકિત આગેવાનોમાં રાજ્યસભામાં ડીએમકેના નેતા ત્રિચી શિવા તેમજ તમિલનાડુ કોંગ્રેસ કમિટીના પ્રમુખ કે સેલવાપેરૂમ તગાઈ તેમજ ડોક્ટર તિરૂવલ્લ **માયાલાવન** ઉપસ્થિત રહ્યા હતા. માર્કસવાદી પક્ષના આર સચ્ચિથાનંદમ, CPIના સાંસદ કે એ શુબપારાયણ તેમજ કાલીકટની શાહી જામા મસ્જિદના પેશ ઈમામ મોલવી હુસેન મદવપુર પણ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રવચન કરીને એમના વિચારો વ્યક્ત કર્યા હતા અને આ ખરડાનો સખત સજ્જડ વિરોધ કર્યો હતો



અને મુસ્લિમોને પણ તેનો વિરોધ કરવા માટે આગળ આવવાની અપીલ કરી હતી.

અન્ય વક્તાઓ પ્રોફેસર એમ. એચ. જવાહરૂલ્લાહ તેમજ ઉમર ફારૂક અને જમાતે ઈસ્લામી હિન્દના તામિલનાડુના પ્રમુખ મોલવી હનીફા મુંબઈ પણ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રવચનો પ્રાસંગિક કર્યા હતા. એમના પ્રવચનોમાં તમામ નામાંકિત વક્તાઓએ ખરડાને લગતી ચિંતાજનક જોગવાઈઓ પર પ્રકાશ ફેંક્યો હતો અને મુસ્લિમોને તેની સમજણ આપી હતી અને આ જોગવાઈઓના ભય વિશે જાગૃત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે આ સુધારા ખરડો બંધારણે લઘુમતીઓને આપેલા અધિકારોને નબળા પાડીને મુસ્લિમોને તેનાથી વંચિત કરી દેશે. એટલું જ નહીં જે સુધારા દાખલ કરવામાં આવ્યા છે એ મુસ્લિમો માટે પક્ષપાતી છે અને મુસ્લિમો તરફ ભેદભાવ કરશે. જે-જે લોકોએ વકફની જમીનો દબાવી લીધી છે અને દબાણો કર્યા છે તેના માટે સાવ મામૂલી પેનલ્ટી રાખવામાં આવી છે તેથી દબાણકારોને જ ફાયદો થશે અને આ જમીનો ખાલી થશે નહીં બલકે જમીન માફિયાઓ પાસે ચાલી જશે. એટલે ઉલટાનું આવી જમીનો પણ દબાણ કરવાની વૃત્તિને વેગ મળશે એવી આશંકા તમામ વક્તાઓએ વ્યક્ત કરી હતી. મુસ્લિમ સમાજના તમામ આગેવાનો અને રાજકીય પક્ષોના અગ્રણીઓ તથા આલિમોએ પણ એક અવાજે આ સૂચિત સુધારા ખરડાને ગેરબંધારણીય અને ભેદભાવભર્યો ગણાવ્યો હતો અને વકફ બોર્ડની સત્તા પર તરાપ સમાન ગણાવીને મિલકતો માટે જોખમરૂપ ગણાવ્યો હતો અને તાત્કાલિક પાછો ખેંચવાની માગણી કરી હતી.

# જમ્મુ અને કાશ્મીરમાં મતગણતરી પહેલાં, LG દ્વારા પાંચ નામાંકિત વિધાનસભ્યોના નામાંકન દ્વારા ભાજપના લાભ અંગે પ્રશ્નો

(એજન્સી) તા.૭

૮ ઓક્ટોબરે અગાઉના રાજ્ય જમ્મુ અને કાશ્મીરમાં સત્તાવાર રીતે મત ગણતરી શરૂ થાય તે પહેલાં જ ભારતીય જનતા પાર્ટી પાસે સીટો જીતેલી કોલમમાં પાંચ ધારાસભ્યો હશે. લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ ૨૦૧૯ અને જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારા) અધિનિયમ ૨૦૨૩ મુજબ આ પાંચ ધારાસભ્યો નવી વિધાનસભામાં નામાંકિત કરવામાં આવશે. જો કે, તે સ્પષ્ટ થઈ ગયું છે કે, ભાજપને જમ્મુ અને કાશ્મીરમાં આગામી સરકાર બનાવવા માટે જરૂરી સંખ્યા ઓછી પડી શકે છે, જ્યાં એક દાયકાથી વધુ સમય પછી ચૂંટણી યોજાઈ રહી છે. આ નામાંકિત ધારાસભ્યો સરકારની રચનામાં શું ભૂમિકા ભજવશે તે અંગે પ્રશ્નો ઊભા થયા છે.

જમ્મુ અને કાશ્મીરના અગ્રણી વકીલો પૈકી એક શેખ શકીલ કહે છે કે, આ નામાંકિત ધારાસભ્યોને મતદાનનો અધિકાર હશે. સામાન્ય રીતે અને બંધારણીય રીતે નવી સરકારનો અધિકાર હોવો જોઈએ કે એલજીને આવા વ્યક્તિઓના નામની ભલામણ કરે, જેમણે કેબિનેટની સહાય અને સલાહ પર તેમના આદેશો જારી કર્યા હોવા જોઈએ. જો કે, જમ્મુ અને કાશ્મીરના કિસ્સામાં તે તે ખૂબ જ શંકાસ્પદ છે અને તે ગેરબંધારણીય પણ હોઈ શકે છે. આ LGને આપવામાં આવેલ વિવેકાધીન ક્વોટા છે અને તેથી તે બંધારણીય મૂલ્યોની વિરુદ્ધ છે. શું તે જનતાના આદેશને છીનવી લેવાનો માર્ગ નથી?

કેન્દ્ર સરકારે ગત ૧૫ ડિસેમ્બરે જમ્મુ અને કાશ્મીર પુનર્ગઠન (સુધારા) અધિનિયમ ૨૦૨૩ સૂચિત કર્યું, જેમાં એલજીને આ નોમિનેટ કરવાની સત્તા આપવામાં આવી. વિધાનસભાના બે સભ્યો



- તેમાંથી એક મહિલા જે કાશ્મીરી સ્થળાંતર સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે અને એક સભ્ય પાકિસ્તાનના કબજા હેઠળના જમ્મુ અને કાશ્મીર (PoJK)ના વિસ્થાપિત વ્યક્તિઓનું પ્રતિનિધિત્વ કરે છે. આ બે મહિલાઓ સિવાય અન્ય અગાઉના કાયદા મુજબ ધારાસભ્ય તરીકે નામાંકિત કરવામાં આવશે. 'કાશ્મીરી સ્થળાંતર સમુદાય'નો અર્થ માત્ર કાશ્મીરી પંડિતો જ નથી, પરંતુ કાશ્મીરી મુસ્લિમો પણ છે, જેમાંથી ઘણા આતંકવાદીઓના ભયને કારણે સ્થળાંતર કરી ગયા હતા, તેઓ ધારાસભ્ય તરીકે નામાંકિત થવાને પાત્ર હોઈ શકે છે. આ શ્રેણી હેઠળ પાત્ર બનવા માટેના બે માપદંડો છે : કાશ્મીર ખીણ અથવા જમ્મુ અને કાશ્મીર રાજ્યના અન્ય કોઈપણ ભાગમાં નવેમ્બર ૧, ૧૯૮૯ પછી સ્થળાંતર કરનાર વ્યક્તિ અને જે રાહત કમિશનરમાં નોંધાયેલ છે. આવા સ્થળાંતર કરનારાઓમાં એવી વ્યક્તિઓનો પણ સમાવેશ થાય છે કે, જેઓ કોઈપણ ઓફિસમાં સરકારી સેવામાં હોવાને કારણે નોંધાયેલ ન હોય અથવા છેલ્લે તેઓ જ્યાંથી સ્થળાંતર થયા હતા તે સ્થળે સ્થાવર મિલકત ધરાવે છે પરંતુ વિક્ષેપિત પરિસ્થિતિઓને કારણે ત્યાં રહેવા માટે અસમર્થ છે. આ માપદંડ અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા નથી અને જો કોઈ હોય તો તેનું પાલન વર્તમાન એલજી મનોજ સિન્હા દ્વારા કરવામાં આવશે, જે એક 'બહારના વ્યક્તિ' છે, આ પાંચ ધારાસભ્યોને પસંદગી માટે ખૂબ જ બિનકાર્યક્ષમ છે. અન્ય એડવોકેટે કહ્યું કે, તેઓ ચોક્કસપણે ભાજપના સમર્થકો હશે, જેમની પાસેથી અન્ય કોઈપણ પક્ષને બદલે ભાજપને સમર્થન આપવાની અપેક્ષા રાખી શકાય છે. હું જે સમજી શકતો નથી કે શા માટે વિપક્ષે અત્યાર સુધી તેને પડકારવાનું પસંદ કર્યું નથી. પાકિસ્તાન અધિકૃત જમ્મુ અને કાશ્મીરમાંથી વિસ્થાપિત વ્યક્તિઓના કાયદેસર અને વાસ્તવિક અધિકારો માટે સંઘર્ષનું નેતૃત્વ કરતી સંસ્થા એસઓએસ ઈન્ટરનેશનલના અધ્યક્ષ રાજીવ ચુની કહે છે કે, એલજીએ અનામત બેઠક માટે કોઈ રાજકીય પક્ષના ઉમેદવારનું નામાંકન ન કરવું જોઈએ. જમ્મુ અને કાશ્મીર વિધાનસભામાં અનામત બેઠકને કોઈપણ રાજકીય રીતે જોડાયેલા વ્યક્તિ માટે ગણવામાં આવવી જોઈએ નહીં.

તે કહે છે કે, વિસ્થાપિત સમુદાયના હિતોનું સાચા અર્થમાં પ્રતિનિધિત્વ કરવાના તેના હેતુને પૂર્ણ કરવો જોઈએ. જો આપણે ખરેખર PoJK શરણાર્થીઓની જરૂરિયાતોને સંબોધવા માંગતા હોઈએ, તો બિન-રાજકીય નોમિનીને ધ્યાનમાં લેવા જોઈએ. ઘણા રાજકીય વ્યક્તિઓએ વિધાનસભા અને ઉચ્ચ ગૃહ બંનેમાં આ સમુદાયનું પ્રતિનિધિત્વ કર્યું છે, તેમ છતાં તેઓ અર્થપૂર્ણ પરિણામો આપવામાં નિષ્ફળ રહ્યા છે.

ચુનીએ એ પણ આશ્ચર્ય વ્યક્ત કર્યું કે જો સરકારના દાવા પ્રમાણે, પરિસ્થિતિમાં ઘણો સુધારો થયો છે તો પછી કાશ્મીરી સ્થળાંતર કરનારાઓ પાછા આવીને ત્યાં ચૂંટણી કેમ લડી શકતા નથી? અમે અહીં શું સંદેશ મોકલી રહ્યા છીએ? કે કાશ્મીરી સ્થળાંતર કરનારાઓ માટે ઘરે પાછા ફરવું હજુ પણ અસુરક્ષિત છે? જો કે, રાજ્ય સરકારના સૂત્રો કહે છે કે, તેનો વિરોધ હોવા છતાં LG ફરીથી વિચારણા કરશે નહીં અને ચોક્કસપણે તે એવી વ્યક્તિઓને નોમિનેટ કરશે જે તે ભૂમિકા માટે યોગ્ય છે.

# 'મલાપ્પુરમમાં મોટાભાગના સોનાના દાણચોરો મુસ્લિમ' ડાબેરી ધારાસભ્ય કે.ટી. જલીલે વિવાદ સર્જ્યો

(એજન્સી) તા.૭

મલાપ્પુરમ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દ્વારા સોનાની દાણચોરીમાં સંડોવાયેલા મોટાભાગના લોકો મુસ્લિમ સમુદાયના છે તેવી રવિવારે ડાબેરી ધારાસભ્ય કેટી જલીલની ટિપ્પણીથી વિવાદ સર્જાયો હતો. IUML અને અસંતુષ્ટ ધારાસભ્ય પીવી અનવરે આ અંગે તીખી પ્રતિક્રિયા આપી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ફેસબુક' પર એક વિગતવાર પોસ્ટમાં, શાસક પક્ષના ધારાસભ્યએ કહ્યું કે સોનાની દાણચોરી અને હવાલા જેવા ગુનાઓમાં સામેલ મુસ્લિમોનો મોટો વર્ગ માને છે કે આમાંથી કોઈ પણ પ્રવૃત્તિ 'અધાર્મિક' નથી. તેમણે આવા ગુનાઓમાં સંડોવાયેલા સભ્યોમાં જાગૃતિ લાવવા માટે સમુદાયના આગેવાનોના હસ્તક્ષેપની પણ હાકલ કરી હતી. તેમનું નિવેદન રાજ્યમાં ચાલી રહેલા રાજકીય વિવાદ વચ્ચે મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયનની મુસ્લિમ બહુમતી ધરાવતા મલાપ્પુરમ જિલ્લા વિશેની તાજેતરની વિવાદાસ્પદ ટિપ્પણીઓ વચ્ચે આવ્યું છે. એક ફેસબુક પોસ્ટમાં, જલીલે કહ્યું કે ગુનેગારો ગમે તે સમુદાયના હોય, સમુદાયના સભ્યો દ્વારા સખત વિરોધ વ્યક્ત કરવો જોઈએ. તેમણે કહ્યું, 'ખ્રિસ્તીઓએ ખ્રિસ્તી સમુદાયમાં થઈ રહેલી ખોટી બાબતોનો વિરોધ કરવા આગળ આવવું જોઈએ અને મુસ્લિમોએ મુસ્લિમો દ્વારા કરવામાં આવતા અપરાધો તરફ ધ્યાન દોરવું જોઈએ.' થાવનુર ધારાસભ્યએ કહ્યું કે હિંદુઓએ તેમના પોતાના સમુદાયમાં ખોટી પ્રથાઓ પર ધ્યાન આપવું જોઈએ નહીં તો અન્ય ધર્મો દ્વારા તેમને નીચે લાવવાના પ્રયાસ તરીકે આવી દખલગીરીનું ખોટું અર્થઘટન થઈ શકે છે. તેમણે કહ્યું, 'કરીપુર ઈન્ટરનેશનલ એરપોર્ટ (મલાપ્પુરમ)ની આસપાસ સોનાની દાણચોરીના કેસમાં પકડાયેલા મોટાભાગના લોકો મુસ્લિમ સમુદાયના છે.' જલીલે પૂછ્યું, 'મુદ્દો ગમે તે હોય, મલાપ્પુરમ પ્રત્યે પ્રેમનો ઉપદેશ આપનારાઓ મુસ્લિમ સમુદાયમાં કયો સુધારો અને પ્રગતિ લાવવા માગે છે?' જલીલની પોસ્ટ પછી તરત જ, IUMLએ તેની આકરી ટીકા કરી અને તેને 'અત્યંત અપમાનજનક' ગણાવ્યું. IUMLના વરિષ્ઠ નેતા પીએમએ સલામે પૂછ્યું, 'તેમણે શું કહ્યું કે મુસ્લિમ સમુદાયના લોકો દાણચોરી કરે છે. તેને આ માહિતી ક્યાંથી મળી? તે કયા આધારે આવું બોલી રહ્યો છે?' અસંતુષ્ટ ધારાસભ્ય અનવરે પણ જલીલની ટિપ્પણી પર પ્રહાર કરતા કહ્યું કે જો થાવનુર ધારાસભ્યએ ખરેખર આવી ટિપ્પણી કરી હોય તો તે તેમના જાહેર જીવનમાં 'સૌથી ખરાબ વસ્તુ' હતી.

# 'અમે સાથે મળીને ચણાના શાકનું અને રીંગણ સાથે 'તુવેરની દાળ' સાથેની 'હરભર્યાચી ભાજી' બનાવી : રાહુલ ગાંધીએ દલિત વ્યક્તિ, તેના પરિવાર સાથે રસોઈ પર હાથ અજમાવ્યો



(એજન્સી) નવી દિલ્હી, તા.૭

કોંગ્રેસ સાંસદ અને વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ એક વીડિયો શેર કર્યો હતો જેમાં દલિત સમુદાયના અજય તુકારામ સનડે અને તેમની પત્ની અંજના તુકારામ સનડે સાથે ભોજન વહેંચવાનો તેમનો અનુભવ દર્શાવવામાં આવ્યો હતો. વીડિયોમાં રાહુલ દંપતીની સાથે પરંપરાગત વાનગીઓ રાંધવામાં અને 'દલિત ભોજન' વિશે વધુ શીખવામાં ભાગ લેતા જોવા મળ્યા હતા. રસોઈ સત્ર દરમિયાન, કોંગ્રેસના નેતાએ દલિત ભોજન અને તેના સામાજિક અને રાજકીય મહત્વને સમજવામાં રસ દર્શાવ્યો હતો. X પરની એક પોસ્ટમાં રાહુલે કાર્યકર્તા શાહુ પટોલેને ટાંક્તા લખ્યું, : 'કોઈને ખબર નથી કે દલિતો શું ખાય છે.' ગાંધીએ સનેડે પરિવારના રસોડામાં સમય પસાર કર્યો, રીંગણ સાથે 'હરભર્યાચી ભાજી' અને 'તુવેરની દાળ' જેવી વાનગીઓ શીખી અને તૈયાર કરી. રાહુલે કહ્યું, 'તેમણે મને મહારાષ્ટ્રના કોલ્હાપુર સ્થિત તેમના ઘરે ખૂબ આદર સાથે આમંત્રણ આપ્યું અને મને રસોડામાં મદદ કરવાનો મોકો આપ્યો. એક પોસ્ટમાં રાહુલે કહ્યું, અમે સાથે મળીને 'હરભર્યાચી ભાજી', બનાવી જે ચણા, અને રીંગણને 'તુવેર દાળ' સાથે બનાવવામાં આવે છે'. તેમણે ઉમેર્યું, 'પટોલે જી અને સનેડે પરિવારના જાતિ અને ભેદભાવના અંગત અનુભવો વિશે વાત કરતાં, અમે દલિત ભોજન વિશે જાગૃતિના અભાવ અને આ સંસ્કૃતિના દસ્તાવેજીકરણના મહત્વ વિશે ચર્ચા કરી,'. રાંધવાની સાથે સાથે, રાહુલે જાતિ આધારિત ભેદભાવ સાથેના સનેડે પરિવારના અંગત અનુભવો સાંભળ્યા અને દલિત ખાદ્ય સંસ્કૃતિ વિશે જાગૃતિના અભાવ અને તેના દસ્તાવેજીકરણના મહત્વ વિશે ચર્ચા કરી. કોંગ્રેસના નેતાએ દલિત સમુદાયના સભ્ય સાહુ પટોલે જી સાથે દલિત મુદ્દાઓ વિશે ચર્ચા કરી, જેઓ હાલમાં 'દલિત કિચન ઓફ મરાઠવાડા' નામનું પુસ્તક લખી રહ્યા છે. રાહુલે જાતિ ભેદભાવના વ્યાપક મુદ્દાને સંબોધિત કરતી વખતે દલિત સંસ્કૃતિને જાળવવાની જરૂરિયાત તરફ ધ્યાન દોર્યું. તેમણે કહ્યું, 'બંધારણ બહુજનને સહભાગિતા અને અધિકારો આપે છે, અને અમે તે બંધારણનું રક્ષણ કરીશું. પરંતુ સમાજમાં સાચો સમાવેશ અને સમાનતા ત્યારે જ પ્રાપ્ત થશે જ્યારે દરેક ભારતીય તેમના હૃદયમાં ભાઈચારાની ભાવના કેળવશે.'

# ઝોમેટોના CEO ગુરૂગ્રામના મોલ પર નારાજ; કહ્યું કે, ઓર્ડર લેવા જવા માટે મોલ દ્વારા લિફ્ટનો ઉપયોગ કરવાનો ઈન્કાર કરી દેવાયો અને ડિલિવરી બોય તરીકે હું ગયો હતો અને મને અટકાવી દીધો

### CEO દિપેન્દ્ર ગોયલે પોતાના ડિલિવરી બોયની પરિસ્થિતિ અને એમને થતાં અનુભવનો અંદાજો લેવા માટે અને પડકારો સમજવા માટે ડિલિવરી બોય બનવાની ભૂમિકા ભજવી અને જાતે વિગત મેળવી



(એજન્સી) નવી દિલ્હી, તા.૭

જાણીતી ડિલિવરી કંપની ઝોમેટોના સીઈઓ દિપેન્દ્ર ગોયલે પોતાના ડિલિવરી બોયની કામગીરી અને તેમને કેવા પડકારોનો સામનો કરવો પડે છે અને કેવી પરિસ્થિતિ થાય છે તેનો જાતે અનુભવ મેળવવા માટે ડિલિવરી બોયની ભૂમિકા ભજવી હતી ત્યારે એમને ગુરૂગ્રામના એક જાણીતા મોટા મોલમાં કડવો અનુભવ થયો હતો અને ઓર્ડર લેવા જવા માટે એમને લિફ્ટનો ઉપયોગ કરવા દેવાયો નહોતો અને કહી દેવાયું હતું કે, સિડી પરથી જાઓ.

ડિલિવરી બોય તરીકે પડકારો શું છે તેનો જાતે અનુભવ મેળવવા માટે અને અભ્યાસ કરવા માટે ગોયલ અને એમના પત્ની ગ્રીસિયા મુનોઝ દ્વારા ભૂમિકા ભજવવામાં આવી હતી ત્યારે એમને ગુરૂગ્રામના એમ્બિયન્સ મોલમાં કડવો અનુભવ થયો હતો એ પછી ગોયલે જણાવ્યું હતું કે, મારા સેકન્ડ ઓર્ડર દરમિયાન મને જાણવા મળ્યું હતું કે, આપણે મોલ સાથે વધુ સારા અને નજદીકી સંપર્ક સાથે કામ કરવું પડશે અને મોલના સંચાલકો પણ ડિલિવરી પાર્ટનર સાથે વધુ માનવતાવાદી રીતે વર્તન કરે એ જરૂરી છે. ગોયલે ઝોમેટો ડિલિવરી એજન્ટ યુનિફોર્મમાં વીડિયો સંદેશો આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, હું હલ્દીરામનો ઓર્ડર લેવા માટે ગુરૂગ્રામના એમ્બિયન્સ મોલ પહોંચ્યો ત્યારે મને સિડીઓ પરથી જવા માટે કહેવાયું હતું. એ પછી હું ફરી મુખ્ય પ્રવેશદ્વાર તરફ ગયો હતો અને મને જાણવા મળ્યું હતું કે, ડિલિવરી પાર્ટનર માટે લિફ્ટનો ઉપયોગ કરવા દેવામાં આવતો નથી અને એમને સિડી પર ચઢીને જવું પડે છે. ગોયલને ઓર્ડર લેવા માટે ત્રીજા માળે જવાનું હતું પણ એમને લિફ્ટનો ઉપયોગ કરવા દેવાયો નહોતો. છેવટે તેઓ ચૂપચાપ ગાર્ડની નજર ચૂકવીને લિફ્ટમાં ઉપર પહોંચી ગયા હતા. તેમણે પોતાના તમામ ડિલિવરી પાર્ટનર સાથે પોતાના અનુભવનું વર્ણન કર્યું હતું અને એમને માર્ગદર્શન આપ્યું હતું. આ લોકોએ એમનો વીડિયો જોઈને પ્રતિક્રિયા આપી હતી અને કહ્યું હતું કે, માત્ર મોલ નહીં પણ ઘણી બધી સોસાયટીઓ અને રહેણાંક બિલ્ડિંગવાળા પણ ડિલિવરી બોયને મુખ્ય લિફ્ટનો ઉપયોગ કરવા દેતા નથી. એક ગ્રાહકે કહ્યું હતું કે, દરેક સોસાયટી તથા દરેક મોલ અને દરેક ઓફિસના સંચાલકોએ ડિલિવરી પાર્ટનરને લિફ્ટનો ઉપયોગ કરવા દેવો જોઈએ અને તેના નિયમ બનાવવા જોઈએ.

- કેરાલા સરકારે એડિ. ડીજીપી અજિતકુમારને કાયદો-વ્યવસ્થાની ફરજથી દૂર કર્યા
- પોતાને ભૂમાફિયા ગણાવવા બદલ કોંગ્રેસ નેતા ડોલી શર્મા સામે બદનક્ષીનો કેસ કરતા ભાજપના ગાઝિયાબાદ ખાતેના સાંસદ અતુલ ગર્ગ; FIR પણ દાખલ થઈ.
- હૈદરાબાદ ભારતીય જનતા યુવા મોરચાના પ્રમુખ લડુ યાદવનો હુંકાર; દાંડિયા રાસમાં આવવું હોય તો 'ઘર વાપસી' કરો... મુસ્લિમોને પ્રવેશ ન કરવા દેવા ચેતવણી આપી.
- ભારતની 'પાડોશી પ્રથમ' નીતિમાં અગ્રસ્થાને માલદિવ છે : PM મોદીએ માલદિવના પ્રમુખ મોહમ્મદ મુઈઝ્ઝુને હૈયાધારણ આપી.
- ચેન્નાઈ એરશૉમાં ગરમીને કારણે મોત થયા છે, ભાગદોડથી નથી થયા; પાંચ મોત અંગે તમિલનાડુ આરોગ્ય મંત્રીનો ખુલાસો.
- UAPA કેસમાં ઉમર ખાલિદ અને શર્જિલ ઈમામની જામીન અરજી પર ૨૫મી નવેમ્બરે દિલ્હી હાઈકોર્ટમાં સુનાવણી. 'નફરત સામે એક બનો' સંગઠનના સ્થાપક ખાલિદ સૈફી વગેરેની પણ જામીન અરજી.
- હિમાલયની ૧૭ હજાર ફૂટ ઉંચાઈ પર ફસાયેલી અમેરિકા અને યુકેની બે પર્વતારોહક મહિલાને ૭૨ કલાકની જહેમત બાદ ઉગારી લેતી વાયુસેના.
- 'જમીન સાટે નોકરી' કેસમાં રાજદના સુપ્રિમો લાલુપ્રસાદ યાદવ અને તેજસ્વી યાદવને જામીન આપતી દિલ્હી કોર્ટ : સમન્સને કારણે લાલુ અને બંને પુત્રો કોર્ટમાં ઉપસ્થિત થયા હતા.
- મલયાલમ અભિનેતા સિદ્દીકની દુષ્કર્મ આરોપસર પૂછપરછ કરતી 'સિટ' : સુપ્રીમમાંથી કલાકારે ધરપકડ સામે વચગાળાનો સ્ટે મેળવ્યો છે.
- પ.બંગાળ : બીરભૂમની કોલસાની ખાણમાં ધડાકો થતાં સાત કામદારોનાં મોત, સંખ્યાબંધ ઘાયલ, ખાનગી કંપની ખાણ સંચાલન કરે છે.

# રાજસ્થાન SI પેપર લીક કેસ : કેવી રીતે પિતાના જેલના કોન્ટેક્ટ દ્વારા ભાઈ-બહેનને સબ ઈન્સપેક્ટરની પરીક્ષા ક્રેક કરવામાં મદદ મળી

(એજન્સી) તા.૭

રાજસ્થાનમાં પેપર લીક કેસની તપાસ માટે રચાયેલી સ્પેશિયલ પોલીસ ટીમ SOGને મોટી સફળતા મળી છે. વર્ષ ૨૦૨૧ની રાજસ્થાન પોલીસ SI ભરતી પરીક્ષાના પેપર લીક કેસમાં SOGએ બે તાલીમાર્થી SIની ધરપકડ કરી છે. બંને તાલીમાર્થી SI ભાઈ અને બહેન છે. પૂછપરછ દરમિયાન બંનેએ કબૂલાત કરી હતી કે તેમને પરીક્ષા પહેલા જ પેપર મળી ગયું હતું. પૂછપરછ બાદ SOG આ કેસમાં આગળની કાર્યવાહી હાથ ધરી છે. ભાઈ-બહેનોની ઓળખ દિનેશ બિશ્નોઈ અને પ્રિયંકા બિશ્નોઈ તરીકે થઈ છે. બંને રાજસ્થાન પોલીસ એકેડમીમાં એસઆઈની પોસ્ટ માટે ટ્રેનિંગ લઈ રહ્યા હતા. ભાઈ અને બહેન રાજસ્થાનના જાલોર જિલ્લાના બસરા ધનજી ગામના રહેવાસી છે. મળતી માહિતી મુજબ, દિનેશ અને પ્રિયંકા બિશ્નોઈના પિતા ભગીરથ બિશ્નોઈ અફીણની દાણચોરી કરે છે. ભગીરથ બિશ્નોઈની જોધપુર જેલમાં બંધ છે. પોલીસે જણાવ્યું હતું કે ભગીરથે પેપર લીક કરનાર ભૂપેન્દ્ર સરન ગેંગનો સંપર્ક કર્યો હતો. તેણે ૨૦ લાખ રૂપિયા આપીને એસઆઈની ભરતીની પરીક્ષાના પેપર ખરીદ્યા હતા. કાર્યવાહી અંગે SOG એડીજી વીકે સિંહે જણાવ્યું હતું કે, 'SI ભરતી-૨૦૨૧ પેપર લીક કેસમાં અમારી કાર્યવાહી ચાલુ છે.' ઉલ્લેખનીય છે કે સબ ઈન્સ્પેક્ટર ભરતી ૨૦૨૧માં પેપર લીકના મામલામાં એસઓજીએ અત્યાર સુધીમાં ૪૨ પસંદગીના ટ્રેઈની એસઆઈની ધરપકડ કરી છે. પેપર લીક ગેંગ સાથે સંકળાયેલા ૩૦થી વધુ લોકોની પણ ધરપકડ કરવામાં આવી છે.

# યુપીમાં MBBS વિદ્યાર્થીનો મૃતદેહ કેમ્પસમાંથી શંકાસ્પદ હાલતમાં મળી આવ્યો

### મરનારની ઓળખ થઈ છે, વરૂણ અર્જુન મેડિકલ કોલેજનો ૨૪ વર્ષીય વિદ્યાર્થી કુશાગ્ર પ્રતાપસિંઘ જાતે બિલ્ડિંગ પરથી પડી ગયાની અથવા કોઈએ ધક્કો માર્યાની આશંકા

(એજન્સી) શાહજહાંપુર, તા.૭

ઉત્તરપ્રદેશના શાહજહાંપુરની વરૂણ અર્જુન મેડિકલ કોલેજના એક વિદ્યાર્થીનો મૃતદેહ શંકાસ્પદ સંજોગોમાં મળી આવ્યો હતો એમ પોલીસે જણાવ્યું હતું. MBBSના બીજા વર્ષમાં ભણતા વિદ્યાર્થીની ઓળખ કુશાગ્ર પ્રતાપસિંઘ (૨૪) તરીકે થઈ છે. કોલેજના પ્રિન્સિપાલ નિવૃત્ત કર્નલ ડો. રવિન્દ્રનાથ શુકલાએ જણાવ્યું હતું કે, મરનાર વિદ્યાર્થી ગોરખપુરનો હતો. હોસ્ટેલની પાછળથી તેનો મૃતદેહ મળી આવતા તુરંત પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્રણ માળની હોસ્ટેલના ગ્રાઉન્ડ ફ્લોર પરના રૂમમાં રહેતો હતો. પોલીસે પ્રથમદર્શી એવી શંકા છે કે, વિદ્યાર્થીએ કાં તો ઉપરથી પોતે કૂદકો માર્યો હોય અથવા કોઈએ ધક્કો માર્યો હોય એવું લાગે છે.

# હિંદુઓને લઘુમતી સંચાલિત શાળાઓને સમર્થન ન આપવાનું કહેવા બદલ કર્ણાટકના લેક્ચરર પર ગુનો નોંધવામાં આવ્યો

(એજન્સી) બેંગ્લુરૂ, તા.૭

મેંગ્લોર યુનિવર્સિટીના લેક્ચરર અને રિસર્ચ સ્કોલર પર હિંદુઓને તેમના બાળકોને ધાર્મિક લઘુમતીઓ દ્વારા સંચાલિત શાળાઓમાં ન મોકલવા અને તેમની માલિકીના લગ્ન હોલ ભાડે ન રાખવાની સલાહ આપવા બદલ કેસ કરવામાં આવ્યો છે.

મેંગ્લુરૂ પોલીસે અરૂણ ઉલ્લાલ પર કથિત રીતે મેંગ્લુરૂ નજીક કિન્યામાં એક કાર્યક્રમમાં વિવાદાસ્પદ ટિપ્પણી કરવા બદલ કેસ કર્યો હતો. ઉલ્લાલે દાવો કર્યો હતો કે, લઘુમતી સંચાલિત શાળાઓ અને મેરેજ હોલમાંથી થતી આવકનો એક ભાગ વિદેશમાં મોકલવામાં આવે છે અને તેઓએ હિંદુઓને તેમને સમર્થન ન આપવા વિનંતી કરી હતી. ધ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ તેઓ નવપરિણીત યુગલોના સન્માન માટે આયોજિત એક કાર્યક્રમમાં સભાને સંબોધિત કરી રહ્યા હતા.

પોલીસે શનિવારે ઉલ્લાલ વિરુદ્ધ ભારતીય ન્યાયસંહિતાની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો. તેમના ભાષણનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. એક સમયે લઘુમતી સંચાલિત કોલેજમાં ભણાવતા ઉલ્લાલે કહ્યું કે, જો તેણે તેના પૂર્વ એમ્પ્લોયરના હોલમાં લગ્ન કર્યા હોત તો તેને ડિસ્કાઉન્ટ મળી શક્યું હોત પરંતુ તેણે તેના બદલે હિંદુ માલિકીની જગ્યા પસંદ કરી હતી. ઉલ્લાલે હિંદુઓને અન્ય લોકો દ્વારા પૂરી પાડવામાં આવતી સુવિધાઓને ધ્યાનમાં લીધા વિના તેમના સમુદાયની માલિકીની સુવિધાઓનો ઉપયોગ કરવા માટે પ્રાધાન્ય આપવા પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે એમ પણ કહ્યું કે, મેંગ્લુરૂમાં હિન્દુ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં ઓછી નોંધણી છે માટે તેઓ અસ્તિત્વ માટે સંઘર્ષ કરી રહી છે જ્યારે લઘુમતી જૂથો દ્વારા ચલાવવામાં આવતી સંસ્થાઓ સમૃદ્ધ થઈ રહી છે. ઉલ્લાલના કોઈ જાણીતા રાજકીય જોડાણો ન હોવા છતાં તેમના આ લઘુમતીઓ અને ખાસ કરીને મુસ્લિમો વિરુદ્ધની તેમની આ દ્વિધા અને તેમના વ્યવસાયો અને સંસ્થાઓનો બહિષ્કાર કરીને મુસ્લિમોને પછાત રાખવાની હિંદુત્વ વ્યૂહરચનાનો એક ભાગ તરીકે જોવામાં આવે છે.

# ISRO ભરતી ૨૦૨૪ : ૧૦૩ જગ્યાઓ માટે સરકારી નોકરીની ખાલી જગ્યાઓ, ૨,૦૮,૭૦૦ રૂપિયા સુધીનો પગાર, યોગ્યતા તપાસો

(એજન્સી) તા.૭

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)એ તેની નવીનતમ ભરતી પ્રક્રિયા હેઠળ ઘણી નોકરીઓ માટે અરજીઓ આમંત્રિત કરી છે. આ ભરતીનો હેતુ મેડિકલ ઓફિસર-SD, મેડિકલ ઓફિસર-SC, સાયન્ટિસ્ટ એન્જિનિયર-SC, ટેક્નિકલ આસિસ્ટન્ટ, સાયન્ટિફિક આસિસ્ટન્ટ, ટેકનિશિયન-B, ડ્રાફ્ટ્સમેન-બી અને આસિસ્ટન્ટ (રાજભાષા) સહિતની વિવિધ જગ્યાઓ માટે ૧૦૩ ખાલી જગ્યાઓ ભરવાનો છે. લાયક અને રસ ધરાવતા ઉમેદવારો ISROની સત્તાવાર વેબસાઈટ, isro.gov.in પર જઈને આ પોસ્ટ માટે અરજી કરી શકે છે. અરજીઓ સબમિટ કરવાની છેલ્લી તારીખ ઓક્ટોબર ૯, ૨૦૨૪ છે. તમામ પોસ્ટ્સ બેંગલુરૂમાં છે, ખાસ કરીને ISROના હ્યુમન સ્પેસ ફ્લાઈટ સેન્ટર (HSFC) માટે. સત્તાવાર સૂચના અનુસાર, આ પોસ્ટ્સ હાલમાં અસ્થાયી હોવા છતાં, તે અનિશ્ચિત સમય માટે ચાલુ રહેશે તેવી દરેક શક્યતા છે. ઉંમર મર્યાદા : પોસ્ટ માટે વય મર્યાદા નીચે મુજબ છે : મેડિકલ ઓફિસર (S.D.) : ૧૮થી૩૫ વર્ષ મેડિકલ ઓફિસર (S.C.) : ૧૮થી૩૫ વર્ષ વૈજ્ઞાનિક ઈજનેર (S.C.) : ૧૮થી૩૦ વર્ષ ટેક્નિકલ આસિસ્ટન્ટ : ૧૮થી૩૫ વર્ષ સાયન્ટિફિક આસિસ્ટન્ટ : ૧૮થી૩૫ વર્ષ ટેકનિશિયન (B) :





૧૮થી૩૫ વર્ષ ડ્રાફ્ટમેન (B) : ૧૮થી૩૫ વર્ષ સહાયક (સત્તાવાર ભાષા) : ૧૮થી૨૮ વર્ષ વધુમાં, એસ.સી. અને એસ.ટી. કેટેગરીના ઉમેદવારોને વયમાં પાંચ વર્ષની છૂટછાટ આપવામાં આવશે અને O.B.C. ઉમેદવારોને ત્રણ વર્ષની છૂટછાટ મળશે, પરંતુ માત્ર આ કેટેગરી માટે અનામત જગ્યાઓ માટે. પગાર : સત્તાવાર નોટિફિકેશનમાં જણાવ્યાં મુજબ પસંદ કરાયેલા ઉમેદવારોનો પગાર પોસ્ટના આધારે રૂા.૨૧,૭૦૦થી રૂા.૨,૦૮,૭૦૦ સુધીનો હશે. પસંદગી પ્રક્રિયા : આ જગ્યાઓ માટેની પસંદગી પ્રક્રિયામાં લેખિત પરીક્ષાનો સમાવેશ થશે. ઉમેદવારોને ૧:૫ ના રેશિયોમાં શોર્ટલિસ્ટ કરવામાં આવશે, એટલે કે દરેક પોસ્ટ માટે ઓછામાં ઓછા ૧૦ ઉમેદવારોને બોલાવવામાં આવશે. શોર્ટલિસ્ટેડ ઉમેદવારો પછી ઈન્ટરવ્યુ માટે આગળ વધશે, ત્યારબાદ દસ્તાવેજની ચકાસણી અને તબીબી તપાસ થશે. આ પોસ્ટ્સ માટે અરજી કરવા માટે નીચે આપેલા પગલાં અનુસરો : ISROની સત્તાવાર વેબસાઈટ isro.gov.inની મુલાકાત લો. હોમપેજ પર ISRO ભરતી ૨૦૨૪ની લિંક પર ક્લિક કરો. જરૂરી માહિતી સાથે અરજી ફોર્મ ભરો. જરૂરી દસ્તાવેજો અપલોડ કરો. ફોર્મ સબમિટ કરો અને ભાવિ સંદર્ભ માટે એક નકલ ડાઉનલોડ કરો. ઉમેદવારોને ખાલી જગ્યાઓ, પાત્રતા માપદંડો અને અરજી પ્રક્રિયા સંબંધિત વધુ વિગતવાર માહિતી માટે ISRO વેબસાઈટ પર સત્તાવાર સૂચના જોવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

# બે મહિનામાં જાહેર સ્થળો પરથી ૬૦૪ 'અનધિકૃત ધાર્મિક માળખાં' હટાવવામાં આવ્યા છે : ગુજરાત સરકારની હાઈકોર્ટ સમક્ષ રજૂઆત

(એજન્સી) તા.૭

ગુજરાત સરકારે ગયા અઠવાડિયે હાઈકોર્ટને જાણ કરી હતી કે, જુલાઈથી સપ્ટેમ્બર વચ્ચે પાર્ક અને શેરીઓ જેવા જાહેર સ્થળો પરથી ૬૦૦થી વધુ 'અનધિકૃત ધાર્મિક બાંધકામો' દૂર કરવામાં આવ્યા છે.

ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ડિવિઝન બેન્ચે તેના ૧ ઓક્ટોબરના આદેશમાં સરકારને જાહેર શેરીઓ, જાહેર ભાગો અને અન્ય જગ્યાઓમાંથી 'અનધિકૃત ધાર્મિક માળખાં'ની ઓળખ અને તેને દૂર કરવા સંબંધિત 'પ્રગતિ અહેવાલ' રેકોર્ડ પર મૂકવા જણાવ્યું હતું. કોર્ટ રાજ્યમાં અનધિકૃત બાંધકામો અને અતિક્રમણને લગતી ૨૦૦૬ની અરજીની સુનાવણી કરી રહી હતી.

હાઈકોર્ટે તેના આદેશમાં ૨૦૦૬ની સ્પેશિયલ લીવ પિટિશન (SLP)માં જારી કરાયેલા સુપ્રીમ કોર્ટના નિર્દેશોના પાલનમાં થયેલી પ્રગતિ દર્શાવવા માટે કોર્ટના ૨૨ જુલાઈના આદેશને ધ્યાનમાં રાખીને ગૃહ વિભાગના સચિવની એફિડેવિટમાં કરેલી રજૂઆતોની નોંધ લીધી હતી.

આ આદેશમાં નોંધવામાં આવ્યું છે કે, એવું જણાવવામાં આવ્યું છે કે, અનધિકૃત ધાર્મિક માળખાઓની ઓળખ માટેના પગલાં શરૂ થઈ



ગયા છે અને વાસ્તવિક જમીની વાસ્તવિકતા, આવા બાંધકામોને કારણે થતાં જાહેર અવરોધના આધારે આવા બાંધકામોને દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. ૧/૦૭/૨૦૨૪થી ૧૦/૦૯/૨૦૨૪ના સમયગાળા દરમિયાન આવા અનધિકૃત ધાર્મિક માળખા દ્વારા આવરી લેવામાં આવેલ વિસ્તારમાં તમામ ૬૦૪ ધાર્મિક બાંધકામો દૂર કરવામાં આવ્યા છે, જેમાંથી ૩૧૮ જિલ્લા વિસ્તારોમાં અને ૨૮૬ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં હતા.

કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે, ૮૭ ધાર્મિક સંરચનાઓનું સ્થળાંતર કરવામાં આવ્યું છે અને જાહેર શેરીઓ, સાર્વજનિક ઉદ્યાનો અને અન્ય સાર્વજનિક સ્થળો પરથી ૬ માળખાને નિયમિત કરવામાં આવ્યા છે. ત્યારબાદ કોર્ટે કહ્યું કે, ઉપરોક્તની નોંધ લઈને અમે આ કેસને ૦૩/૧૨/૨૦૨૪ના રોજ બપોરે ૦૧:૦૦ વાગ્યે સુનવણી માટે પોસ્ટ કરીએ છીએ જેથી જાહેર શેરીઓ, જાહેર ભાગો અને અન્ય સ્થળોએથી અનધિકૃત ધાર્મિક માળખાઓની ઓળખ અને તેને દૂર કરવા અંગેનો પ્રગતિ અહેવાલ અમારી સમક્ષ મૂકવામાં આવે. જાહેર સ્થળોએ આ આદેશના પાલનમાં ગુજરાત સરકારના ગૃહ વિભાગના સચિવનું વ્યક્તિગત સોગંદનામું આગામી નિયત તારીખે દાખલ કરવામાં આવશે.

# ફેક વીડિયો શોધી કાઢો, ઈનામ મેળવો મમતા બેનરજીએ મહિલાઓને કરી અપીલ

(એજન્સી) તા.૭

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રાજ્યની મહિલાઓને પોલીસને મદદ કરવા વિનંતી કરી. તેમણે મહિલાઓને નકલી વીડિયો અને ખોટી માહિતીને ઓળખવામાં પોલીસને મદદ કરવા કહ્યું જે ગુનાહિત પ્રવૃત્તિઓમાં વધારો કરે છે. મુખ્યમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે જેઓ પોલીસને ગુનેગારોને ઓળખવામાં અને ધરપકડ કરવામાં મદદ કરશે તેમને પુરસ્કાર અથવા નોકરીની તકો મળશે. મુખ્યમંત્રી બેનરજીએ રવિવારે કોલકાતા પોલીસ બોડી ગાર્ડ લાઈન્સમાં દુર્ગા પૂજાનું ઉદ્ઘાટન કર્યું. આ દરમિયાન, તેણીએ કહ્યું કે જ્યારે પણ તમે ખોટી માહિતી ફેલાવો છો, ત્યારે હું તમને મહિલાઓને જવાબદારી સોંપું છું કે Facebook અને X પર જાઓ, તે છબીઓને 'ફેક' તરીકે માર્ક કરો અને તેને પોલીસ સાયબર ક્રાઈમ યુનિટને મોકલો. હું તમને એક થવા માટે પ્રોત્સાહિત કરું છું. સીએમ બેનરજીએ વધુમાં કહ્યું કે તમે (મહિલાઓ) વાસ્તવિક સ્ટાર છો. તમે સમાજને વધુ સારી રીતે સમજો છો. હું પોલીસને નિર્દેશ આપી રહ્યો છું કે તે મહિલાઓને ૧૦૦ રૂપિયાનું ઈનામ આપો જેઓ ગુનેગારોને ઓળખવામાં અને તેની ધરપકડ કરવામાં મદદ કરે છે અને તેમને નોકરીની તકો માટે પણ ધ્યાનમાં



લેવામાં આવે છે. તમે ઘર અને સમુદાય બંને બાબતોનું સંચાલન કરો છો. દુર્ગા પૂજાના અવસરે સીએમ મમતા બેનરજીએ પોલીસ ફોર્સમાં વધુ મહિલાઓ જોડાય તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. તેણે કહ્યું, 'અમે પોલીસમાં થોડાં વર્ષો પહેલાંની સરખામણીએ અત્યારે વધુ મહિલાઓ છે. ભવિષ્યમાં અમે 'વિનર' પહેલ માટે હજી વધુ મહિલાઓની નિમણૂક કરીશું. હું પોલીસ ફોર્સમાં વધુ મહિલાઓને જોવા માંગુ છું.

# બ્રેડ વેચવાથી લઈને NEET પાસ કરવા સુધી : કાશ્મીરના આ કિશોરે ડૉક્ટર બનવાનું પોતાનું સ્વપ્ન કેવી રીતે સાકાર કર્યું

## કાશ્મીરના ઓગણીસ વર્ષના સજ્જાદ મેહરાજે તમામ અવરોધો સામે તેના બ્રેડ સ્ટોલના કામ અને અભ્યાસને સંતુલિત કરીને ૬૫૦ માર્ક્સ સાથે NEET UG પરીક્ષા પાસ કરી છે

(એજન્સી) તા.૭

કાશ્મીરના કુપવાડા જિલ્લાના ઓગણીસ વર્ષના સજ્જાદ મેહરાજે NEET UG પરીક્ષામાં ૭૫૦માંથી ૬૫૦ માર્ક્સ મેળવીને અસાધારણ સિદ્ધિ હાંસલ કરી છે. આ સિદ્ધિ ખાસ કરીને એટલા માટે પ્રેરણાદાયી છે કારણ કે સજ્જાદ તેના અભ્યાસ સાથે બ્રેડ સ્ટોલ પણ ચલાવે છે. તેમના સમર્પણ અને અતૂટ પ્રતિબદ્ધતાએ સાબિત કર્યું છે કે નિશ્ચય માટે કોઈ સીમા નથી હોતી. કાશ્મીરના ઓગણીસ વર્ષના સજ્જાદ મેહરાજે અનેક પડકારો છતાં બ્રેડ સ્ટોલ અને અભ્યાસને સંતુલિત કરીને NEET UG પરીક્ષામાં ૬૫૦ માર્ક્સ સાથે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે.

ફિઝિક્સવાલાના અલખ પાંડેને દર્શાવતા એક વાયરલ યુટ્યુબ વિડિયોમાં, સજ્જાદે નિખાલસતાથી તેની સફર શેર કરી છે, તે જણાવે છે કે તેણે તેના શિક્ષણના ઉદ્દેશ્ય પર પ્રશ્ન ઉઠાવનાર એક સહાધ્યાયીની નિરાશાને કેવી રીતે દૂર કરી હતી. તેણે કહ્યું હતું કે, શા માટે શેરીમાં બ્રેડ વેચનારને શાળામાં પ્રવેશ આપવામાં આવે છે ? આમ કરીને તેઓ શું હાંસલ કરશે ?'' આ નિરાશાજનક શબ્દો તેના મગજમાં ગુંજતા હતા. જો કે, તેમની બહેન તેમના ગામની પ્રથમ ડૉક્ટર હતી તેણીએ તેમને પ્રોત્સાહિત કર્યા હતા.

સજ્જાદની દિનચર્યા વ્યસ્ત હોય છે. તેના સ્ટોલ પર દરરોજ સાતથી આઠ કલાક કામ કરીને, તે ફિઝિક્સવાલાના ઓનલાઈન લેક્ચરમાં સામેલ થાય છે અને તે લગભગ ૩૦૦ બ્રેડ તૈયાર કરે છે. તેનો દિવસ સવારે ૪ વાગ્યે શરૂ થાય છે, અને



તે ઘણીવાર સાંજે ૭ વાગ્યા સુધીમાં ઘરે પરત ફરે છે, આ તેના સપનાને પૂર્ણ કરવા માટે જરૂરી સંઘર્ષ અને બલિદાનનું ઉદાહરણ છે. ચોથા ધોરણથી, સજ્જાદ તેના ભાઈ સાથે ફૂટવેર અને ક્રોકરીનો સ્ટોલ ચલાવવા સહિત વિવિધ પારિવારિક વ્યવસાયોમાં સંકળાયેલો છે. તેના પિતાની માંદગી બાદ, સજ્જાદે પોતાનો નાન સ્ટોલ શરૂ કર્યો હતો. આવી મુશ્કેલીઓ છતાં, સજ્જાદે શૈક્ષણિક રીતે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો, આઠમા ધોરણમાં તેના સ્થાનિક ક્લસ્ટરમાં ટોચનું સ્થાન મેળવ્યું અને નવમા ધોરણમાં કાશ્મીર શિક્ષણ પહેલ તરફથી શિષ્યવૃત્તિ મેળવી. તેમની શાળાના મુખ્ય શિક્ષકે તેમની તબીબી આકાંક્ષાઓને આગળ વધારવામાં મદદ કરવા માટે ફિઝીક્સવાલા પાસેથી રૂા.૨,૦૦૦માં ડિસ્કાઉન્ટેડ કોર્સ પણ ખરીદ્યો હતો. સજ્જાદની મોટી બહેને પણ NEET પરીક્ષા પાસ કરી હતી અને હાલમાં તે જીએમસી, શ્રીનગરમાં બીજા વર્ષની MBBS વિદ્યાર્થી છે. તેના પિતાનું પ્રોત્સાહન મહત્ત્વનું છે; મર્યાદિત ઔપચારિક શિક્ષણ હોવા છતાં, તેમણે હંમેશા તેમના બાળકોના અભ્યાસને પ્રાથમિકતા આપી છે. સજ્જાદ હવે કુપવાડા જિલ્લાના હંદવાડાની સરકારી મેડિકલ કોલેજમાં જોડાશે, જ્યાં તે ડૉક્ટર બનવા તરફની તેની સફર ચાલુ રાખશે. અલખ પાંડેએ તેની કોલેજની ફી આપવાની ઓફર કરી છે, જેથી સજાદ આર્થિક બોજ વગર તેના અભ્યાસ પર ધ્યાન કેન્દ્રિત કરી શકે. આ અદ્ભુત યુવાનની વાર્તા માત્ર સફળતા વિશે જ નથી; પણ આવા સમાન પડકારોનો સામનો કરી રહેલા ઘણા મહત્વાકાંક્ષી વિદ્યાર્થીઓ માટે આશાનું કિરણ છે.

# આઠ વર્ષની ઉંમરે માતા ગુમાવનાર અપરાજિતા, બાદમાં બે વખત UPSC પાસ કરી, હવે તે સિક્કિમની પ્રથમ મહિલા IPS ઓફિસર છે

(એજન્સી) તા.૭

અપરાજિતા રાયે સિક્કિમની પ્રથમ મહિલા ભારતીય પોલીસ સેવા (IPS) અધિકારી બનીને ઈતિહાસ રચ્યો છે. આ એક નોંધપાત્ર સિદ્ધિ છે જેણે ઘણા લોકોને પ્રેરણા આપી છે. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) પરીક્ષા, તેની મુશ્કેલી અને નીચા પાસ દર માટે જાણીતી છે, તે ઘણીવાર ઉમેદવારોને ડરાવે છે. જો કે, રાયની યાત્રા નિશ્ચય અને સ્થિતિસ્થાપકતાનો પુરાવો છે. તેણે ૨૦૧૦ અને ૨૦૧૧ બંનેમાં UPSC સિવિલ સર્વિસ પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી હતી, જે તેની સમર્પણ અને સખત મહેનત દર્શાવે છે. પ્રારંભિક જીવન અને શિક્ષણ અપરાજિતાએ નાની ઉંમરે એક હૃદયસ્પર્શી પડકારનો સામનો કરવો પડ્યો જ્યારે તેણે માત્ર આઠ વર્ષની ઉંમરે તેની માતા રોમા રાયને ગુમાવી દીધી. આ નુકસાને તેણીને પડકારોથી વધુ વાકેફ કર્યા જે ઘણા લોકો સામનો કરે છે, ખાસ કરીને સરકારી કર્મચારીઓ નાગરિકો સાથે કેવી રીતે વર્તે છે તે અંગે નાનપણથી જ, તેણી સિવિલ સર્વન્ટ બનવાની અને પરિવર્તન લાવવાની ઈચ્છા રાખતી હતી. શૈક્ષણિક રીતે, રાયએ ૨૦૦૪માં ICS બોર્ડમાં ૯૫ ટકા સ્કોર કરીને શાળામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું. ઓલરાઉન્ડર હોવા બદલ તાશી નમગ્યાલ એકેડેમી તરફથી તેમને ફાઉન્ડર



મેડલ મળ્યું ત્યારે તેમની મહેનતની ઓળખ થઈ. તેમનું શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યા પછી, તેમણે પશ્ચિમ બંગાળ નેશનલ યુનિવર્સિટી ઑફ જ્યુરિડિકલ સાયન્સમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યું, જ્યાં તેમણે બીએ એલએલબી (ઓનર્સ)ની ડિગ્રી મેળવી. તેમણે તેમના અભ્યાસ દરમિયાન પબ્લિક એડમિનિસ્ટ્રેશન અને ન્યાયશાસ્ત્રમાં સુવર્ણ ચંદ્રક જીતીને પોતાને અલગ પાડ્યા. UPSCની સફર રાયની સફળતાની સફરમાં ઘણા ઉતાર-ચઢાવ આવ્યા. તેણીએ પ્રથમ વખત ૨૦૦૯માં યુપીએસસી સિવિલ સર્વિસ પરીક્ષાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે સફળ થઈ ન હતી. હાર ન માનતા તેણે ૨૦૧૦માં ફરી પ્રયાસ કર્યો અને ૭૬૮ માર્ક્સ મેળવ્યા. માત્ર પાસ થવાથી સંતુષ્ટ ન હતો, તેણે હજી પણ ઊંચું લક્ષ્ય રાખ્યું અને ૨૦૧૧માં ત્રીજી વખત પરીક્ષા આપી, જેમાં તેણે ૩૫૮મો રેન્ક મેળવ્યો. સિદ્ધિઓ અને માન્યતા પોલીસ એકેડેમીમાં તેણીની તાલીમ દરમિયાન, અપરાજિતાને ઘણા પુરસ્કારો મળ્યા, જે તેણીની પ્રતિબદ્ધતા અને શ્રેષ્ઠતાને દર્શાવે છે. તેણીને ૧૯૫૮ બેચના IPS અધિકારીઓ દ્વારા શ્રેષ્ઠ મહિલા આઉટડોર પ્રોબેશનર તરીકે પુરસ્કાર આપવામાં આવ્યો હતો. વધુમાં, તેમણે શ્રેષ્ઠ ક્ષેત્રની લડાયક કુશળતા માટે ઉમેશ ચંદ્ર ટ્રોફી પ્રાપ્ત કરી. તેમની શિસ્ત અને ચોકસાઈને વરિષ્ઠ અધિકારીઓની ૫૫મી બેચ દ્વારા ઓળખવામાં આવી હતી, જેમણે તેમને શ્રેષ્ઠ મતદાન તરીકે નામ આપ્યું હતું. તેમણે બંગાળી ભાષામાં તેમની નિપુણતાથી અધિકારીઓને પ્રભાવિત કર્યા, જેના માટે તેમને પશ્ચિમ બંગાળ સરકાર તરફથી ટ્રોફી મળી. આજે અપરાજિતા રાય પશ્ચિમ બંગાળ કેડરમાં એક આદરણીય નેતા છે, જે હાલમાં ઉત્તર બંગાળના સિલિગુડીમાં ઈન્ટેલિજન્સ બ્યુરોમાં SS તરીકે સેવા આપે છે. તેણીની ભૂમિકા નોંધપાત્ર જવાબદારીઓ સાથે આવે છે, તેમ છતાં તેણી તેની માંગવાળી નોકરીને રમતગમત સાથે સંતુલિત કરવાનું સંચાલન કરે છે. તાજેતરમાં, તેણે ઓલ ઈન્ડિયા પોલીસ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં રનર અપ બનીને તેની એથ્લેટિક ક્ષમતાઓનું પ્રદર્શન કર્યું.



### અંજારમાં આત્મીય વિદ્યાપીઠના શિક્ષકે શિક્ષણ જગતને લાંછન લગાડ્યું

# એક તરફ ઘરે દીકરીનું પારણું બંધાયું; બીજી બાજું લંપટ શિક્ષક ક્લાસમાં ભણતી સગીરાને ભગાડી ગયો

## લંપટ શિક્ષક પોતાની ક્લાસમાં ભણતી અને ટ્યુશન ક્લાસમાં આવતી લઘુમતી કોમની સગીરાને ભગાડી જતાં જેની ફરિયાદ બાદ પોલીસની ધીમી તપાસથી પરિવારજનો અકળાયા

અંજાર, તા.૭

માતા-પિતા બાદ શિક્ષક વિદ્યાર્થીઓને સારા અને ઉચ્ચ સંસ્કાર આપે છે. વિદ્યાર્થીઓ શિક્ષકને ગુરૂ માને છે. આ શિક્ષક શિક્ષણ આપવાના બદલે પ્રેમના પાઠ ભણે તો શિક્ષક પર કોણ ભરોસો રાખશે ? શિક્ષક ક્લાસરૂમમાં કે ટ્યુશન ક્લાસમાં આવતી સગીર વિદ્યાર્થિનીઓ પર બદદાનત રાખે અથવા તો બદ નિયતથી જુએ તો તેની વિદ્યાર્થીગણ પર શું અસર પડશે? આવો જ એક બનાવ અંજારના મેઘપર ગામે બનવા પામ્યો છે. જેમાં એક પુત્રીનો પિતા એવો લંપટ શિક્ષક પોતાની પાસે ટ્યુશન ક્લાસમાં આવતી લઘુમતી કોમની સગીરાને પ્રેમના પાઠ ભણાવી ભગાડી જતાં શિક્ષણ જગતને કલંક લાગેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે જે દિવસ આ શિક્ષક સગીરાને ભગાડી ગયો તે જ દિવસે તેના ઘરે દીકરીનો જન્મ થયો હતો. બનાવથી લોકોએ ફિટકારની લાગણી વરસાવી છે.

શિક્ષણ જગતને લાંછન લગાડતા બનાવની પ્રાપ્ત વિગત અનુસાર અંજારના મેઘપર ગામે આત્મીય વિદ્યાપીઠના નીખીલ સેવકાણી શિક્ષક તરીકે ફરજ બજાવે છે. ત્યારે પોતાના ક્લાસમાં અભ્યાસ કરતી અને તેની પાસે ટ્યુશન માટે એક લઘુમતી સમાજની સગીરા (રહે. વરસામેડ, અંજાર) આવતી હતી. જેને આ લંપટ શિક્ષકે યેનકેન પ્રકારે તેને સારા માર્કસ આપવાની લાલચ આપી પોતાની જાળમાં ફસાવી હતી અને પ્રેમના પાઠ ભણાવી સગીરાને તા.૨-૧૦-૨૪ના રોજ ભગાડી ગયો હતો. આ બનાવ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાઈ પરંતુ પોલીસની ધીમી ગતિની તપાસથી પરિવારજનો નારાજ છે. આ અંગે એક અગ્રણીએ જણાવ્યું હતું કે જો બહુમતી સમુદાયની દીકરી હોત તો પોલીસ દીકરીને શોધવા આકાશપાતાળ એક કરી નાંખત અને હિન્દુ સંગઠનો લવજેહાદના નામે રેલીઓ કાઢતા તથા મીડિયામાં લઘુમતી સમાજ માટે ઝેર ઓકવામાં આવતું પરંતુ લઘુમતી સમુદાયની દીકરી હોવાથી પોલીસ ધીમી ગતિએ તપાસ કરી રહી છે. બનાવ બાદ સગીરાના માતા-પિતા વલોપાત કરી રહ્યા છે. ક્યારે તેમની દીકરીને પોલીસ શોધી લાવીને તેમને સોંપશે ? આ અંગે આત્મીય વિદ્યાપીઠના સંચાલકોની પણ તેટલી જ જવાબદારી છે કે કોઈના ઘરની આબરૂને જલીલ કરતા આવા શિક્ષકો પ્રત્યે કેમ ધ્યાન રાખવામાં ન આવ્યું.જે દિવસે લંપટ શિક્ષક સગીરાને ભગાડી ગયો તે જ દિવસે તેના ઘરે દીકરીનો જન્મ થયો અને તે દીકરી આઈ.સી.યુ.માં દાખલ હતી તે જ દિવસે તે સગીર વયની વિદ્યાર્થિનીને ભગાડી ગયો. આ બનાવમાં પોલીસ તથા સ્થાનિક તંત્ર તટસ્થ તપાસ કરે અને પરિવારને દીકરી પાછી અપાવે તેવી માંગ ઉઠવા પામી છે.

### પ્રભાસ પાટણમાં વર્ષો જૂના લઘુમતી સમાજના ધાર્મિક સ્થળો તથા મુજાવરોના મકાનો પર બુલડોઝર ફેરવ્યા બાદ

# અસરગ્રસ્ત બનેલ મુજાવરોના પરિવારની માનવ અધિકાર ટીમે મુલાકાત ન લેતા અનેક તર્કવિતર્ક

## ઘટનાને નવ-નવ દિવસ થવા છતાં અસરગ્રસ્ત પરિવારોને સ્થાનિક તંત્ર તરફથી કોઈ આર્થિક સહાય ન ચૂકવાઈ તથા તેમના રહેવા માટે વૈકલ્પિક વ્યવસ્થા ન કરાતા જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી વી.ટી. સીડા દ્વારા ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગના અધ્યક્ષાને પત્ર લખાયો

જૂનાગઢ, તા.૭

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના પ્રભાસ પાટણ ગામે ઈસ્લામ ધર્મના આસ્થાના પ્રતીક એવા પૌરાણિક દરગાહો, મસ્જિદો, કબ્રસ્તાનો તથા મુજાવરોના રહેઠાણોને નોટિસ આપ્યા વિના વહેલી સવારે પોલીસના ધાડેધાડા ઉતારી બુલડોઝરો વડે શહીદ કરાતા તેના રાજ્યભરમાં ઘેરા પડઘા પડ્યા છે. આ અંગેનો મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો છે અને સુપ્રીમ કોર્ટે પણ ગુજરાત સરકારને ખખડાવી નાંખી છે. જ્યારે ઘટનાને અઠવાડિયું થવા છતાં ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગ દ્વારા ડિમોલિશનથી બેઘર થયેલ પરિવારોની મુલાકાત ન લેતાં જૂનાગઢ જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી વી.ટી. સીડાએ આયોગના અધ્યક્ષને પત્ર લખી અસરગ્રસ્તો માટે હંગામી ધોરણે રાહત કેમ્પ ખોલી તેમને સરકારના ખર્ચે ૧૦૦ ચો.વારના આવાસોનું બાંધકામ કરી સોંપવા, ઘરવખરીનું નુકસાન આપવા માંગ કરી છે.પ્રભાસ પાટણમાં સર્વે નં ૧૮૫૧, ૧૮૫૨ અને ૧૮૫૩ વાળી જમીનમાં ૫૦૦ વર્ષ કરતાં વધારે બાપ દાદાની પેઢીથી વંશપરંપરાગત રહેતા દિવેલીયા મુજાવરોના મકાનો તથા ઐતિહાસિક દરગાહો હાજી મંગરોલીશા, પીરશા સાલાર, મસ્તાન બાવા, ગરીબશા બાવા, માયપુરીની દરગાહ, ધુમસવા પીર, મંગલશા પીર, કબ્રસ્તાનો તથા જૂની પુરાણી ઈબાદતગાહવાળી ઐતિહાસિક ખાઈને કોઈપણ પ્રકારની આગોતરી નોટિસ આપ્યા વિના વહેલી સવારે ચાલુ વરસાદમાં મુજાવરોના પરિવારને પહેરેલ કપડે માર મારી બહાર કાઢી રસ્તે રઝળતા કરી બુલડોઝર, જેસીપી, ટ્રેક્ટરોના મસમોટા કાફલા તથા પોલીસનો જંગી કાફલો બોલાવી ધાર્મિક સ્થળો તથા મકાનોને તોડી નંખાયા હતા અને તે જગ્યા પર તાત્કાલિક ફેન્સિંગ કરી દેવાઈ હતી. આમ તંત્ર દ્વારા ઐતિહાસિક ધાર્મિક સ્થળો તથા દિવેલીયા મુજાવરોના રહેઠાણોને શહીદ કરી દેવાયા હતા જેના ગીર સોમનાથ સહિત રાજ્યભરના મુસ્લિમ સમાજમાં ઘેરા પડઘા પડ્યા હતા. જેનો રાજ્યભરના મુસ્લિમ રાજકીય, ધાર્મિક, સામાજિક અગ્રણીઓએ ભારે વિરોધ કર્યો હતો અને તંત્રની કાર્યવાહીને વખોડી કાઢી હતી. આ મામલો ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારના આ ડિમોલિશન અંગે ભારે નારાજગી વ્યક્ત કરી જણાવ્યું હતું કે સુપ્રીમના અગાઉના આદેશની અવગણના થઈ હશે અને અદાલતનો તિરસ્કાર થયેલો લાગશે તો એ તોડી પડાયેલ તમામ બાંધકામોનું ફરીથી નિર્માણ કરવાનો આદેશ આપવામાં આવશે. ઉક્ત જગ્યા પર વર્ષોથી રહેતા દિવેલિયા મુજાવરોના રહેણાક મકાનોને તોડી નંખાતા તેઓ બેઘર થયેલ છે. આમ તેમ રઝળી રહ્યા છે. મુજાવરો સને ૧૯૪૭થી સિટી સર્વે પ્રભાસ પાટણમાંથી કાયદેસર પ્રોપર્ટી કાર્ડથી હક પ્રાપ્ત થયેલ છે. આ જગ્યાનો ૨૦૧૪માં તથા તા.૧૮-૫-૨૦૨૪માં ગીર સોમનાથ જિલ્લા વહીવટી તંત્રના DILR દ્વારા માપણી કરવામાં આવેલ તે માપણી શીટના નકશામાં સ્પષ્ટપણે દરગાહો, કબ્રસ્તાનો, મસ્જિદોનો ઉલ્લેખ કરેલ છે.ઘટનાને ૮ દિવસ થવા છતાં મુજાવરોના પરિવારોને સરકાર કે સ્થાનિક વહીવટી તંત્ર તરફથી કોઈ જ આર્થિક સહાય ચૂકવાઈ નથી કે તેમને રહેવા માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી નથી તથા માનવ અધિકારની ટીમે પણ અસરગ્રસ્તોની મુલાકાત લીધી નથી.માનવ અધિકારની વાતો કરતું માનવ અધિકાર આયોગે પીડિતોની મુલાકાત ન લેતા અનેક તર્કવિતર્કો સર્જાયા છે. શું ગુજરાતમાં માનવ અધિકાર આયોગનું અસ્તિત્વ નથી ? તે પ્રશ્ન ઊઠવા પામ્યો છે. આ અંગે વી.ટી. સીડાએ માનવ અધિકાર આયોગ ગુજરાત તથા નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગને તથા ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા અમિત ચાવડા, ગુજરાત રાજ્ય વકફ બોર્ડ તથા પુરાતત્ત્વ વિભાગ વડોદરાને પત્રની નકલો મોકલી છે.

# ધોળકાના ખાનના પરા વિસ્તારમાં પિતા અને બે પુત્ર પર ધારિયા-લાકડી વડે હિચકારો હુમલો

## અહીંથી કેમ નીકળો છો ? કહી બોલાચાલી કરી છ શખ્સો પિતા-પુત્ર પર હથિયારોથી તૂટી પડ્યા, ઈજાગ્રસ્તોને સોલા સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા



ધોળકા, તા. ૭

અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે ખાનનાં પરા દેવીપૂજકવાસ પાસેથી ગત રાત્રે એક્ટિવા લઈને પસાર થવા બાબતે બે સગા ભાઈઓ તથા તેના પિતા ઉપર આરોપીઓએ ધારિયા અને લાકડીઓ વડે હિચકારો હુમલો કરી ત્રણેય પિતા-પુત્રોને માથાના ભાગે અને શરીરના અન્ય ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી છે. આ બનાવના પગલે ધોળકા ટાઉન પીઆઈ જે. ડી. ડાંગરવાળા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે અને ધોળકા સરકારી દવાખાને ધસી ગયો હતો. હુમલાના આ બનાવના પગલે લોકોના ટોળા સરકારી દવાખાને એકઠા થયા હતા. ત્રણેય ઘાયલો ધોળકા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે સોલા સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે. ધોળકાના છેલ્લા સિગ્નલ વિસ્તારમા રહેતા અલ્તાફભાઈ રસુલભાઈ કુરેશીએ ધોળકા ટાઉન પોલીસ સ્ટેશનમાં ૬ નામ જોગ આરોપીઓ અને અન્ય પાંચ આરોપીઓ વિરૂદ્ધ નોંધાવેલી ફરિયાદમાં જણાવાયું છે કે ફરિયાદી અલ્તાફભાઈ કુરેશીની દીકરાઓ અજમેરીહસન અને નિદામઅલી ટુ વ્હીલર વાહન લઈને ખાનનાં પરા દેવીપૂજકવાસ પાસેના રસ્તા પરથી પસાર થતા હતા ત્યારે આરોપીઓ એ અહીથી કેમ નીકળો છો તેમ કહી બોલાચાલી કરી હતી. દરમિયાન ફરિયાદી અલ્તાફભાઈ ત્યાં આવી પુછપરછ કરતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને આરોપી ભૂરિયાએ અલ્તાફભાઈને કપાળમાં ઈજા કરી હતી. જ્યારે બાકીના આરોપીઓએ અલ્તાફભાઈ અને તેમના દીકરાઓ ઉપર લાકડીઓ વડે હુમલો કરી માથાના ભાગે અને શરીરમના અન્ય ભાગે ઈજાઓ પહોંચાડી હતી. આ બનાવ સંદર્ભે ધોળકા ટાઉન પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૮૯ (૨), ૧૮૯ (૪), ૧૯૧ (૨), ૧૯૧ (૩), ૧૯૧, ૧૧૮ (૧) અને ૧૧૫ (૨) મુજબ ગુનો નોંધી તપાસ પીએસઆઈ આર.બી. લિંબાચીયા એ હાથ ધરી છે.

# કોલેજની વિદ્યાર્થિનીની છેડતી કરનાર સામે ફરિયાદ કરવા ૧૮૧ની ટીમે હિંમત આપી

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૭

મહુધા તાલુકાના એક ગામની યુવતી કોલેજમાં જતી હતી તે વખતે કેટલાક છોકરાઓ તેની સાથે સંબંધ રાખવા માટે દબાણ કરતા હતા આ બાબતે યુવતીના પિતાએ છોકરાઓને ઠપકો આપતા તેમને અપમાનિત કરી ધમકી આપી હતી જેથી ગભરાયેલા પિતાએ ૧૮૧માં ફોન કરી મદદ માંગતા ૧૮૧ ની ટીમ દોડી જઈ મહુધા પોલીસમાં આ છોકરાઓ વિરૂદ્ધ ફરિયાદ આપવા હિંમત આપી આગળની કાર્યવાહી કરાવી છે. મળતી માહિતી મુજબ ૧૮૧ની ટીમને મહુધા તાલુકાના એક ગામમાંથી ફોન આવ્યો હતો અને મદદ માગી હતી જેથી આ ટીમ તે ગામમાં પહોંચી ગઈ હતી ત્યારે એક યુવતીના પિતાએ તેમને જણાવ્યું હતું કે મારી પુત્રી કોલેજમાં અભ્યાસ કરે છે અને જતા આવતા કેટલાક છોકરાઓ તેને હેરાન કરે છે તેમજ તેની સાથે સંબંધ રાખવા માટે દબાણ કરે છે અને જતા આવતાં પીછો કરે છે. મારી પુત્રીએ સબંધ રાખવાની ના પાડતા તે અન્ય છોકરા સાથે સબંધ રાખે છે તેવી ખોટી અફવા ફેલાવે છે જેથી અમોને ગામમાં અપમાન જેવું લાગે છે. હેરાન પરેશાન કરતા છોકરાઓના પિતાને સમજાવવા ગયા ત્યારે તેમણે અમારી સાથે ઝઘડો કર્યો હોવાની વાત પણ યુવતીના પિતાએ ૧૮૧ની ટીમને કરી હતી. ૧૮૧ અભયમ દ્વારા પરીવારની હકીકત જાણી તેઓને કોઈ હેરાન નહી કરે તેવું આશ્વાસન અને હિમ્મત આપી હતી દિકરી તથા તેમના પરીવારને સુરક્ષા મળી રહે તે માટે છોકરા વિરૂદ્ધ મહુધા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાવી છે

### ત્રણ માસ બાદ પણ ધમકી આપનારા સામે કાર્યવાહી નહીં

# ભ્રષ્ટાચાર વિરૂદ્ધ અવાજ ઉઠાવનારને ધમકીઓ મળી : કાર્યવાહી કરવા માંગ

## જિલ્લા પોલીસ અધિક્ષકને લેખિત રજૂઆત

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૭

નડિયાદ શહેર બારકોસિયાના નવા બનતા રોડ બાબતમાં થયેલા ભ્રષ્ટાચાર સામે રજૂઆત કરવા ગયેલા નડિયાદના સામાજિક કાર્યકરને ધમકી આપી હોવાના બનાવના ત્રણ માસમાં પણ નડિયાદ પોલીસે જવાબદાર વ્યક્તિઓ સામે કાયદેસરની કાર્યવાહી ન કરતા આજે નડિયાદના જાગૃત મુસ્લિમો દ્વારા જિલ્લા પોલીસ અધિક્ષક તેમજ પી.આઇ.ને લેખિતમાં રજૂઆત કરી આવા તત્ત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે. નડિયાદ ટાઉન પી આઇ તેમજ જિલ્લા પોલીસ અધિક્ષકને કરેલી રજૂઆતમાં જણાવાયું છે કે નડિયાદમાં બારકોશિયા રોડનું નવીનીકરણનું કામ ધારાસભ્ય પંકજ દેસાઈની રજૂઆતને ધ્યાનમાં રાખીને રૂપિયા ૨. ૫૭ કરોડના ખર્ચે શરૂ કરવામાં આવ્યું હતું રોડના કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાથી ત્યાના જાગૃત નાગરિકોએ ખેડાજિલ્લા કલેકટર અને અધિકારીઓને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆત કરવા છતાં કોઈ નિરાકરણના આવતા મુસ્લિમ સમાજ વતી સોહીલ ચિસ્તીયા દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં આ મામલો લઈ જવામાં આવતા આ મુદ્દે ગુજરાત હાઈકોર્ટએ આપેલ સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવા માટે સંબંધિત તંત્રને સૂચના આપી હતી કોર્ટનો રેલો આવતા સોહીલને આ કેસ બંધ કરવા માટે ધમકી પણ આપવામાં આવી હતી તેમને માર્ગ અને મકાન વિભાગમાં બોલાવી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી જેથી સોહીલ દ્વારા ગત તારીખ ૦૫/૦૭/૨૦૨૪ના રોજ ટાઉન પોલીસમાં ફરિયાદ આપી હતી આ બનાવના ત્રણ માસ બાદ પણ પોલીસ દ્વારા ધમકી આપનાર વ્યક્તિઓ સામે કોઈ પ્રકારની કાર્યવાહી કરી નથી આ લોકો સામે ફરિયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી લોકો દ્વારા માંગ કરવામાં આવી છે.

# સુરતની નવી સિવિલ હોસ્પિટલના ટોઈલેટમાં મહિલાને ગર્ભપાત : બે ભ્રુણ મળી આવ્યા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૭

સુરતની નવી સિવિલ હોસ્પિટલના ટોયલેટમાંથી બે ભ્રૂણ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. સારવાર માટે આવેલી મહિલાને અચાનક બિલ્ડિંગ શરૂ થયા બાદ ગર્ભપાત થયો હતો. જો કે, ટોઈલેટમાંથી ભ્રૂણ મળી આવતાં ક્યા કારણોસર મીસકેરેજ થયું અને ગર્ભ કેવી રીતે બહાર આવી ગયા તે અંગે સવાલો ઉભા થઈ રહયા છે. ત્યારબાદ તપાસ કરતા એક ૨૭ વર્ષીય સગર્ભા મહિલા ટોઈલેટમાં જતા મિસકેરેજ થઈ ગયું હતું. ડીંડોલી વિસ્તારમાં રહેતી ૨૭ વર્ષીય મહિલા હાલ ચાર માસથી પ્રેગ્નન્ટ છે. આજે તેને તકલીફ થવાથી તે સુરત સિવિલ હોસ્પિટલ ખાતે પરિવાર સાથે પહોંચી હતી. જોકે, પેટમાં તકલીફ થવાથી તે વોશરૂમ માટે ટોઈલેટમાં ગઈ હતી. તે દરમિયાન જ તેનું મિસકેરેજ થઈ ગયું હતું. મહિલાએ અધૂરા માસે બે બાળકોને જન્મ આપ્યો હતો. ત્યારબાદ આ મહિલાને પરિવારજનો ડોક્ટર પાસે લઈને પહોંચી ગયા હતા.મહિલા સાથે ડોક્ટર પાસે પહોંચ્યા બાદ તેણે ટોયલેટમાં જ મિસકેરેજ થઈ ગયું હોવાની જાણ કરી હતી. જેથી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ટીમ ટોઈલેટમાં પહોંચતા ત્યાં ભ્રૂણ મળી આવ્યા હતા. ભ્રૂણને તંત્ર દ્વારા કબજે લેવામાં આવ્યું હતું અને મહિલાને પણ લેબર રૂમમાં લઈ જઈને તાત્કાલિક સારવાર આપવાની શરૂઆત કરી દેવામાં આવી હતી. હાલ મહિલાની હાલત સામાન્ય હોવાનું જાણવા મળ્યું છે.આ અંગે સુરત સિવિલ હોસ્પિટલના આરએમઓ ડૉક્ટર કેતન નાયકે જણાવ્યું હતું કે, ડીંડોલી વિસ્તારની આ મહિલાનું ટોઈલેટમાં મિસકેરેજ થઈ ગયું હતું. તપાસ કરતા મૃત ભ્રૂણ ૪ મહિનાના હોવાનું જાણવા મળ્યું. કિડની બિલ્ડિંગમાં આવેલા ટોયલેટમાં બંને ભ્રૂણ મળી આવ્યા હતા. હાલ તો આ થવા અંગેનું કારણ સામે આવ્યું નથી. જોકે, તે બિલ્ડિંગની ફરિયાદ સાથે જ સુરત સિવિલ આવ્યા હતા અને તેના કારણે મિસકેરેજ થયું હોવાની શક્યતા છે.હાલ તેણીની સારવાર ચાલું છે. મહિલાને કયા કારણોસર ગર્ભપાત થયુ એ તપાસનો વિષય છે.

### સપ્લીમેન્ટરી તપાસવાના બહાને

# અંકલેશ્વરમાં ટ્યુશન ક્લાસીસના સંચાલકે વિદ્યાર્થિની સાથે શારીરિક અડપલાં કરતાં ચકચાર

## પોલીસે લંપટ નીતિન ચૌહાણની ધરપકડ કરી

અંકલેશ્વર, તા.૭

અંકલેશ્વર શહેરના ગુરૂ ટ્યુશન કલાસીસમાં સપ્લીમેન્ટરી તપાસવાના બહાને કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે શારીરિક અડપલાં કરનાર સંચાલકની એ ડિવિઝન પોલીસે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અંકલેશ્વર શહેરમાં ગુરૂ ક્લાસીસ ચલાવતા નીતિન ચૌહાણ (ઉં.વ.૪૦) કલાસમાં આવતા વિદ્યાર્થીઓની દર અઠવાડિયે ટેસ્ટ લેતા હોય છે. સંચાલક અને શિક્ષક નીતિન ચૌહાણ કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની (ઉં.વ.૧૯)ને ટેસ્ટની સપ્લીમેન્ટરી તપાસવા માટે આપે છે. બે દિવસ પૂર્વે સાંજના સમયે સંચાલકે સપ્લીમેન્ટરી તપાસવાના બહાને કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને ક્લાસીસ પર બોલાવી 'હું તને કેવો લાગુ છું' તેમ કહી વિદ્યાર્થિનીનો હાથ પકડી જબરજસ્તી કરી હતી. આ અંગે વિદ્યાર્થિનીએ શારીરિક છેડતી અંગે અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. આ મામલામાં પોલીસે ગુરૂ ટ્યુશન કલાસીસના સંચાલક અને શિક્ષક નીતિન ચૌહાણની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### પૈસા ઉપાડી આપવાના બહાને

# ATM કાર્ડ બદલી છેતરપિંડી કરતી આંતરરાજ્ય ગેંગ ઝડપાઈ

## મહીસાગર LCBએ ચાર આરોપીઓને ૪૦ કાર્ડ સાથે ઝડપ્યા

(સંવાદદાતા દ્વારા)

લુણાવાડા, તા.૭

મહીસાગર લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ સ્ટાફ વાહનચોરી તથા મિલકત સંબંધી બનેલા વણશોધાયેલ ગુનાઓ શોધવા તથા ગુના બનતા અટકાવવા માટે ઉપરી અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પેટ્રોલીંગ તેમજ તપાસ કરી રહ્યા હતા. LCB પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન એલસીબીના ધર્મેશભાઈને બાતમી મળી હતી કે, એક સફેદ કલરની સ્વીફટ કારમાં ચાર શકમંદ ઈસમો સંતરામપુરા તરફથી લુણાવાડા તરફ જનાર છે. બાતમીના આધારે પંચો સાથે રાખી પોલીસ સ્ટાફના માણસો કોટેજ ચાર રસ્તા પાસે વોચમાં હતા. તે દરમ્યાન સંતરામપુરથી લુણાવાડા તરફ બાતમીવાળી ગાડી આવતાં રોડ ઉપર ટ્રાફિકજામ કરી તે ગાડી રોકીને સાઈડમાં કરાવી તે ગાડીમાં જોતાં ડ્રાઈવર તથા બીજા ત્રણ ઈસમો બેસેલા હતા. જેઓને ગાડીમાંથી નીચે ઉતારી તેઓનું નામ પૂછતાં પોલીસ સમક્ષ તેઓએ તેમનું નામ અને સરનામું જણાવ્યું હતું. જેમાં એક મનીષ જગપાલસિંગ કાલીચરણસીંગ (ઉં.વ.૩૦, ધંધો મજૂરી, રહેવાસી સિકંદરાબાદ, જિલ્લા.બુલંદશહેર) હોવાનું જણાવ્યું હતું. બીજો અંકીત કિરણપાલસિંગ કુંવરપાલસિંગ જાટ (ઉં.વ.૨૫, ધંધો, ખેતી કામ, રહેવાસી. ઉત્તરપ્રદેશ)નો હોવાનું જણાવ્યું હતું. જ્યારે ત્રીજો બીપીન જીતપાલસીંગ રૂષીરામસીંગ જાટ (ઉં.વ.૩૪, ધંધો. ખેતીકામ રહે. ઉત્તરપ્રદેશ) અને ચોથો અંકુલ પપેન્દ્રસીંગ શિવચરણસીંગ ચૌધરી (જાટા) (ઉં.વ.૨૮ ધંધો. ફેબ્રીકેશન, રહે. ઉત્તરપ્રદેશ)નો હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેઓની કબજાની ગાડીમાં તપાસ કરતાં તેઓની પાસે જુદી જુદી બેંકોના કુલ ૪૦ ATM કાર્ડ મળી આવ્યા હતા. જે બાબતે તેઓને સંતોષકારક જવાબ ન આપતાં મળી આવેલા એટીએમ કાર્ડ બાબતે જે તે બેંકોને યાદી લખી માહિતી મેળવી મોબાઈલ ફોનથી એટીએમ કાર્ડધારકો વડોદરા ગ્રામ્ય કરજણ, પંચમહાલ જિલ્લા હાલોલ, દાહોદ જિલ્લાના ઝાલોદ અને રાજસ્થાન રાજ્યના ભરતપુર તથા ઉત્તરપ્રદેશ રાજ્યના ઓરૈયા જિલ્લાના કાર્ડધારકોના પૈસા ઉપાડી લીધા હોવાનું સામે આવ્યું છે. આ બાબતે દાહોદ જિલ્લાના ઝાલોદ પોલીસ સ્ટેશનમાં BNS ૨૦૨૩ની કલમ ૩૧૬(૨), ૩૧૮, ૩૦૪, મુજબનો ગુનો નોંધાયેલો હતો. જેમાં આ આરોપીઓ સંડોવાયેલા હતા. આરોપીઓ તથા ગુનામાં વાપરેલી ગાડી તથા ૪૦ એટીએમ કાર્ડ તથા પાંચ નંગ મોબાઈલ મળી કુલ ૩ લાખ ૮૫ હજાર ૨૦૦નો મુદ્દામાલ કબજે કરી LCB દ્વારા આરોપીઓની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરવા માટે લુણાવાડા ટાઉન પોલીસ સ્ટેશન સોંપવામાં આવ્યા હતા.

### વઢવાણ-કોઠારિયા રોડ ઉપર

# સ્વિફ્ટ કાર લઈ જઈ રહેલા આધેડ પર ચાર રાઉન્ડ ફાયરિંગ

## સુરેન્દ્રનગર જિલ્લામાં ૧૫ દિવસમાં ફાયરિંગની ચોથી ઘટના




સુરેન્દ્રનગર, તા.૭

સુરેન્દ્રનગર જિલ્લામાં ક્રાઈમ દિન પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે વઢવાણ પાસે કોઠારિયા રોડ ઉપર ગેરકાયદેસર હથિયારમાંથી ચાર રાઉન્ડ ફાયરિંગ થયા હોવાની વિગતો સામે આવી છે swift કાર લઈ જઈ રહેલા આધેડ ઉપર કોઈ અજાણ્યા શખ્સોએ આવી ચાર રાઉન્ડ ફાયરિંગ કરી અને ફરાર બની ગયા છે છેલ્લા ૧૫ દિવસમાં ફાયરિંગની ચાર હોવાની ઘટના સામે આવી છે વઢવાણના કોઠારિયા ગામ પાસે આ ફાયરિંગ થયું હોવાનું સામે આવ્યું છે તાત્કાલિક જાણકારી મળતાની સાથે જ સુરેન્દ્રનગરની ગુના શોધક શાખા એટલે કે એલસીબી તેના કાફલા સાથે ઘટના સ્થળ ઉપર ધસી જઈ અને તપાસ હાથ ધરી રહી છે જમીન પ્રકરણ હોવાનું લોકોમાં ચર્ચા રહ્યું છે. પોલીસ તપાસ બાદ જ સાચું કારણ બહાર આવશે.

# વડોદરાના મુસ્લિમ સમાજ દ્વારા દુષ્કર્મના આરોપીઓને ફાંસીની માંગ સાથે દેખાવો કરાયા




(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૭

મુસ્લિમ સમાજના આગેવાનો દ્વારા વડોદરા શહેર ભાયલી વિસ્તારમાં થોડા દિવસ પહેલા દુષ્કર્મની ઘટના બની જેના વિરોધમાં વાસણા રોડ ખાતે માનવ સાંકળ રચી આરોપીઓ ને ફાંસીની સજા થાય તે માંગણી સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં મુસ્લિમ સમાજના લોકો, અગ્રણીઓ અને મહિલાઓ પણ મોટી સંખ્યામાં જોડાઈ હતી. આજરોજ વાસણા ડી માર્ટ પાસે ચાર રસ્તા ઉપર મુસ્લિમ અગ્રણીઓ અસફાક મલિક (એડવોકેટ), અયુબ સૈયદ (પ્રમુખ, હ્યુમન રાઈટ અને સામાજિક કાર્યકર), ચિરાગ શેખ(જનરલ સેક્રેટરી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ, એક્સ કાઉન્સિલર), સામાજિક કાર્યકર વસીમ શેખ, સાકીર બાપુ, કમલભાઈ દાઈમાં, આરીફ મલેક, ફરહાન પટેલ, સાજિદ પટેલ, રમીઝ પઠાણ, ગુલામભાઈ વાડીવાળા, ઈલ્યાસભાઈ વાડીવાળા સામાજિક કાર્યકર, જાવીદ ચૌહાણ, સુહાના સૈયદ, સાબેરાબેન, નઝીર દિવાન સહિતના અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં હિન્દુ મુસ્લિમ લોકોએ ભારે સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરી બળાત્કારના આરોપીઓને ફાંસીની માંગ કરી હતી. તમામ મુસ્લિમ સમાજના લોકો દ્વારા આરોપી સામે જલ્દીથી જલ્દી કેસ ટ્રાયલમાં ચાલે અને તમામ આરોપીઓને ફાંસીની સજા થાય તેમ જણાવવામાં આવ્યું હતું.

### ધાર્મિક કાર્યક્રમ

# સેગવા ગામે ૧૫મીએ કાજી મહેમુદ દરિયાઈના ચિલ્લા શરીફ ખાતે ઉર્સની ઉજવણી કરાશે

વરેડિયા નજીક રાષ્ટ્રીય ધોરી માર્ગ ૪૮ ઉપર આવેલાં ભરૂચ તાલુકાનાં સેગવા ગામ ખાતે આગામી ૧૫મી ઓક્ટોબરને મંગળવારના રોજ કાજી મહેમુદ દરિયાઈના ચિલ્લા શરીફ ખાતે ઉર્સ મનાવવામાં આવશે. આ પ્રસંગે આજનાં રોજ/ યુ.એસ.એ - અમેરિકાથી પધારેલા પીરે તરીકત સૈયદ જમાંલુદ્દીન નાગામિયાં સાહેબ વડોદરા એરપોર્ટથી સેગવા ગામે આવવા માટે રવાના થતાં સાંસરોદ પેટ્રોલ પમ્પ ખાતે તેમજ સેગવા ગામ પહોંચતા પાદરમાં ગ્રામ્ય જનો દ્વારા ફૂલહારથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સાંસરોદ પેટ્રોલ પમ્પ ખાતે ટૂંકા રોકાણ દરમ્યાન હાજી ગુલામ સેઠ તેમજ મિંનહાજ પટેલ દ્વારા તેમજ ગ્રામજનોએ ફૂલહારથી સ્વાગત કર્યું હતું. સેગવા ગામ ખાતે ગુલામ ભાઈ નાથા સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોની ઉપસ્થિતિમાં ફૂલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ઈઝરાયેલે દક્ષિણ લેબેનોનના ૨૬ નગરોને ખાલી કરાવવાના નવા આદેશ જારી કર્યા

(એજન્સી) તા.૭

ઈઝરાયેલી સૈન્યએ રવિવારે દેશ પર હવાઈ અને જમીની હુમલાને પગલે દક્ષિણ લેબેનોનના ૨૬ સરહદી નગરોના નાગરિકોને તાત્કાલિક સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો છે. લશ્કરી પ્રવક્તા અવિચાય અદ્રાઈએ લેબેનીઝ રહેવાસીઓને તેમના ઘર છોડીને અવલી નદીની ઉત્તર તરફ જવા કહ્યું. લક્ષિત શહેરોની યાદીમાં હૌલા, મેસ ઈઝ જબાલ અને મજદલ સેલ્મનો સમાવેશ થાય છે. ઈઝરાયેલે લેબેનોનમાં હિઝબુલ્લાહના લક્ષ્યો સામે મોટા પાયે હવાઈ ઝુંબેશ શરૂ કરી, ૨૩ સપ્ટેમ્બરથી ઓછામાં ઓછા ૧,૨૦૪ લોકો મૃત્યુ પામ્યા અને ૩,૪૧૧ અન્ય ઘાયલ થયા ત્યારે નવા ખાલી કરાવવાના આદેશો આવ્યા. તેલ અવીવે પણ ૧ ઓક્ટોબરના રોજ દક્ષિણ લેબેનોનમાં ગ્રાઉન્ડ આક્રમણ શરૂ કર્યું હતું. આ લશ્કરી કાર્યવાહી ઈઝરાયેલ અને હિઝબુલ્લાહ વચ્ચેના એક વર્ષ સુધી ચાલેલા સંઘર્ષનું પરિણામ છે, જે ગાઝા પટ્ટી પર તેલ અવીવના ઘાતકી હુમલા પછી શરૂ



થયું હતું. ગયા વર્ષે હમાસે હુમલો કર્યો ત્યારથી લગભગ ૪૧,૯૦૦ લોકો મૃત્યુ પામ્યા, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો હતા. લેબેનીઝ અધિકારીઓના જણાવ્યાં અનુસાર, ત્યારથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૨,૦૩૬ લોકો મૃત્યુ પામ્યા છે, ૯,૬૦૦થી વધુ ઘાયલ થયા છે અને ૧૨ લાખ વિસ્થાપિત થયા છે. આંતરરાષ્ટ્રીય સમુદાયે ચેતવણી આપી છે કે લેબેનોનમાં ઈઝરાયેલના હુમલા ગાઝા સંઘર્ષને વ્યાપક પ્રાદેશિક યુદ્ધમાં ફેરવી શકે છે.

# બૈરૂતના દક્ષિણ વિસ્તાર પર અત્યાર સુધીનું સૌથી ભારે અને ભીષણ હવાઈ આક્રમણ, ઈઝરાયેલના 30 યુદ્ધ વિમાનોમાંથી પ્રચંડ બોમ્બમારો

## એક રાતમાં થયેલા સૌથી વ્યાપક હુમલામાં એક પેટ્રોલ પંપ સહિત અનેક ઈમારતોને નુકસાન

**લેબેનોનના ભૂમિ યુદ્ધમાં હિઝબુલ્લાહના ૪૦૦ લડાકુને મારી નાખ્યા હોવાનો ઈઝરાયેલનો દાવો**



(એજન્સી) બૈરૂત, તા.૭

દક્ષિણ બૈરૂત પરના અત્યાર સુધીના સૌથી મોટા, સૌથી ભયાનક અને ભીષણ હવાઈ આક્રમણમાં ઈઝરાયેલના ૩૦ યુદ્ધ વિમાનોથી એક જ રાતમાં અનેક સ્થળે ભયંકર બોમ્બવર્ષા કરવામાં આવી હતી જેના કારણે ચારેય તરફ ભારે વિનાશ અને તબાહીના દૃશ્યો જોવા મળ્યા હતા. ચારેય તરફ બિલ્ડિંગોમાંથી નીકળતી આગ અને ધુમાડાથી બૈરૂતનું આકાશ છવાઈ ગયું હતું. એક અહેવાલ મુજબ એક પટ્રોલ પંપ અને કેટલીક બિલ્ડિંગો ઉપર બોમ્બમારો કરવામાં આવ્યો હતો. ઈઝરાયેલી સેનાના પ્રવકતાએ જણાવ્યું હતું કે, લડાકુ જૂથના શસ્ત્ર અને દારૂગોળો જ્યાં હોય છે એ તમામ બિલ્ડિંગો પર સચોટ નિશાન લગાવી બોમ્બ વર્ષા કરવામાં આવી હતી. પાકી બાતમીના આધારે હુમલા કરવામાં આવ્યા હતા. દરમ્યાન ઈઝરાયેલી સેનાએ દાવો કર્યો હતો કે, લેબેનોનમાં ભૂમિ યુદ્ધમાં અત્યાર સુધીમાં હિઝબુલ્લાહના ૪૦૦ લડાકુને ખતમ કરવામાં આવ્યા છે. લડાકુ જૂથના ગઢ ગણાતા વિસ્તારોમાં યુદ્ધ ચાલી રહ્યું છે.

# ગાઝામાં ઈઝરાયેલના હુમલામાં વધુ એક પત્રકારનું મૃત્યુ એક વર્ષમાં ૧૭૫ પત્રકારોની યહુદી સેના દ્વારા હત્યા

(એજન્સી) બૈરૂત, તા.૭

ગાઝાપટ્ટી વિસ્તાર પર ઈઝરાયેલના હવાઈ આક્રમણમાં વધુ એક પેલેસ્ટીની પત્રકારનું મૃત્યુ થયું છે. આ રીતે અત્યાર સુધીમાં કુલ ૧૭૫ પત્રકારોના હવાઈ હુમલામાં મોત થયા છે.

સમાચાર સંસ્થાના અહેવાલ મુજબ ઈઝરાયેલના બોમ્બમારાથી હસન હમ્માદ નામના પત્રકારનું મૃત્યુ થયું હતું. મીડિયાએ આ હત્યાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી છે અને ઈઝરાયેલ સામે યુદ્ધ અપરાધો બદલ આંતરરાષ્ટ્રીય અદાલતોમાં કામ ચલાવવા વિશ્વ સમાજને અનુરોધ કર્યો છે. પેલેસ્ટીનના પત્રકારો અને અન્ય પત્રકારોને નિશાન બનાવીને ઈઝરાયેલી સૈન્ય એમની હત્યાઓ કરી રહ્યું છે. ગાઝામાં અત્યાર




સુધીમાં ૪૧ હજાર નાગરિકો માર્યા ગયા છે જેમાં મોટાભાગના મહિલાઓ અને બાળકો છે. ઈઝરાયેલ આ રીતે ભયાનક નરસંહાર કરી રહ્યું છે.

# ઈઝરાયેલે વેસ્ટ બેંકના દરોડામાં ૧૫ પેલેસ્ટીનીની ધરપકડ કરી

(એજન્સી) તા.૭

ઈઝરાયેલી દળોએ રવિવારે કબજાવાળા વેસ્ટ બેંકમાં લશ્કરી દરોડામાં ઓછામાં ઓછા ૧૫ વધુ પેલેસ્ટેનીઓને પકડ્યા. પેલેસ્ટીની પ્રિઝનર્સ સોસાયટીએ એક નિવેદનમાં જણાવ્યું કે હેબ્રોન, બેથલહેમ, તુલકારેમ અને તુબાસ શહેરોને નિશાન બનાવતા દરોડામાં અટકાયત કરાયેલા લોકોમાં એક પત્રકારનો પણ સમાવેશ થાય છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, "અટકાયતીઓ અને તેમના પરિવારો પર દરોડા દરમિયાન વ્યાપક દુર્વ્યવહાર, ધમકીઓ અને તોડફોડ અને ઘરોને તોડી પાડવાની ઘટનાઓ ભોગવવામાં આવી હતી." ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના ક્રૂર હુમલાને પગલે કબજાવાળા વેસ્ટ બેંકમાં તણાવ વધારે છે, જેમાં ગયા વર્ષે ૭ ઓક્ટોબરથી લગભગ ૪૧,૯૦૦ પેલેસ્ટીની, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો હતા, મૃત્યુ પામ્યા છે. પેલેસ્ટીની આંકડાઓ અનુસાર, કબજાવાળા પ્રદેશોમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૭૪૨ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે, ૬,૨૦૦થી વધુ ઘાયલ થયા છે અને ૧૧,૧૦૦થી વધુ લોકોને અટકાયતમાં લેવામાં આવ્યા છે. "અધિકૃત સરકાર અટકાયતીઓ સામે બદલો લેવાનું યુદ્ધ ચલાવી રહી છે, જેમાંથી ૪૦ની ૭ ઓક્ટોબરથી હત્યા કરવામાં આવી છે," કદુરા ફારેસે, કમિશન ફોર ડિટેનીઝ અફેર્સના પ્રમુખે, વેસ્ટ બેંકના રામલ્લાહમાં એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, "ઈઝરાયલના કબજાવાળી જેલોમાં અટકાયતીઓને ત્રાસ આપવામાં આવે છે. ઈઝરાયેલની આ



આક્રમકતા ગયા વર્ષે જુલાઈમાં ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસ દ્વારા આપવામાં આવેલા ઐતિહાસિક નિર્ણય પછી આવી છે, જેમાં પેલેસ્ટીની જમીન પર ઈઝરાયેલના દાયકાઓથી ચાલતા કબજાને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યો અને વેસ્ટ બેંક અને પૂર્વ જેરૂસલેમમાં આવેલી તમામ વસાહતોને ખાલી કરાવવાની માંગ કરવામાં આવી હતી.

# સીઝેરિયામાં સાયરન વાગતાં નેતાન્યાહુ આશ્રય માટે નિવાસસ્થાનમાંથી ભાગી ગયા

(એજન્સી) તા.૭

ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ હવાઈ હુમલાના સાયરન વાગ્યા પછી સીઝેરિયામાં તેમના નિવાસસ્થાનમાંથી ભાગી ગયા હતા, તેમને તાત્કાલિક આશ્રય લેવા માટે સંકેત આપ્યો હતો.

લેબેનોનમાં ઈસ્લામિક પ્રતિકાર હિઝબુલ્લાહે ઉત્તર કબજાવાળા પેલેસ્ટીનમાં તેની આગનો વ્યાપ વધાર્યો અને ઈઝરાયેલના કબજા સામે તેનું ગુણાત્મક અભિયાન ચાલુ રાખ્યું ત્યારે આ બન્યું.

તે ગાઝા અને તેના પ્રતિકારના સમર્થનમાં લેબેનોન અને તેના લોકોના સંરક્ષણમાં અને દેશના દક્ષિણ ભાગમાં ઘૂસવાના ઈઝરાયેલી પ્રયાસોનો સામનો કરવા નગરો, ગામડાઓ અને નાગરિકો પરના બર્બર ઈઝરાયેલી હુમલાઓના જવાબમાં છે.

વહેલી સવારથી માર્ગલિયોટ, મિસગાવ એમ, હનીતા, હાઈફા, ક્રાયોટ, એકર, નાહરિયા, બીટ શીઆન વેલી, ગેશર અને મેનાહેમિયામાં સાયરન વાગી રહ્યા છે, તેમજ લેબેનોનથી રોકેટ પ્રક્ષેપણ છે, જેને ઈઝરાયેલી મીડિયાએ આ પ્રમાણે વર્ણવ્યું



છેઃ " ઈઝરાયલી મીડિયાએ એ પણ અહેવાલ આપ્યો કે ઈઝરાયેલ પર ઈરાની હુમલા દરમિયાન નેતાન્યાહુ અને ઘણા મંત્રીઓ ડાઉનટાઉન જેરૂસલેમમાં એક ભૂગર્ભ ફોર્ટિફાઈડ સ્થાનમાં છુપાયેલા હતા, જ્યારે સંરક્ષણ મંત્રી યોવ ગોલાન્ટે તેલ અવીવમાં મંત્રાલયની ભૂગર્ભ ઈમારતમાં પોતાને બેરિકેડ કર્યા હતા.

# ઓસ્ટ્રેલિયાના અબજોપતિ એન્ડ્રુ ફોરેસ્ટે ગાઝા સહાય માટે એક કરોડ ડોલરનું દાન આપ્યું

(એજન્સી) તા.૭

ઑસ્ટ્રેલિયન અબજોપતિ એન્ડ્રુ ફોરેસ્ટે શુક્રવારે ગાઝામાં તાત્કાલિક માનવતાવાદી સહાય પ્રયાસો માટે તેમના મિન્ડેરૂ ફાઉન્ડેશન દ્વારા વધારાના ૧ કરોડ ડોલર દાનની જાહેરાત કરી. આ તાજેતરના યોગદાન સાથે, ફોરેસ્ટ અને તેની પત્ની નિકોલા ફોરેસ્ટે તેમના ફાઉન્ડેશનના કુલ સમર્થનમાં લગભગ ૨ કરોડ ૮૦ લાખ ડોલરનો વધારો કર્યો છે, જે દુષ્કાળનો સામનો કરી રહેલા લોકોને જરૂરી ખોરાક પૂરા પાડવા ભાગીદારોને સહાયક કરવા પર કેન્દ્રિત છે. નવા ભંડોળમાંથી ૫૦ લાખ ડોલર ગાઝામાં ૧૫ લાખથી વધુ ભોજન પ્રદાન કરવા માટે વર્લ્ડ સેન્ટ્રલ કિચનમાં જશે. વધારાના ૫ મિલિયન ડોલર યુનાઈટેડ નેશન્સ વર્લ્ડ ફૂડ પ્રોગ્રામ (WFP)ને ફાળવવામાં આવશે, જે આ પ્રદેશમાં ખોરાક સહાય પૂરી પાડે છે. ઑક્ટોબર ૨૦૨૩થી, Minderooના નાણાકીય સહાયથી ગાઝામાં હજારો લોકોને સલામત પાણી, સ્વચ્છતા, તબીબી પુરવઠો, તબીબી પરામર્શ અને ખાદ્ય સહાય પહોંચાડવામાં મદદ મળી છે, ફાઉન્ડેશને જણાવ્યું હતું. ફોરેસ્ટે જણાવ્યું કે, "જ્યારે બાળકો ભૂખથી મરી રહ્યા છે ત્યારે માઈન્ડરૂ ફાઉન્ડેશન આળસથી બેસી રહેશે નહીં." તેમણે ગાઝામાં માનવતાવાદી કટોકટીને સંબોધવા માટે સખાવતી સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્ર તરફથી વધુ પ્રતિસાદ આપવા માંગ કરી હતી.



તેમણે જણાવ્યું કે, "અમે ઑસ્ટ્રેલિયામાં ગાઝામાં માનવતાવાદી જરૂરિયાતોને પ્રતિસાદ આપતી કેટલીક પરોપકારી સંસ્થાઓમાંના એક છીએ. અમે ઈચ્છીએ છીએ કે પરોપકારી અને ખાનગી ક્ષેત્ર ગાઝામાં માનવતાવાદી જરૂરિયાતોને પહોંચી વળવા વધુ મજબૂત રીતે કામ કરે." ઑક્ટોબર ૭ના રોજ શરૂ થયેલ ઈઝરાયેલી આક્રમણ, ગાઝાની લગભગ સમગ્ર વસ્તીને વિસ્થાપિત કરી, ચાલુ નાકાબંધીને કારણે આ પ્રદેશને ખોરાક, શુદ્ધ પાણી અને દવાની અત્યંત જરૂરિયાતમાં છોડી દેવામાં આવી છે.

# 'જન્મ ન આપ્યો હોત' : ગાઝાની માતા યુદ્ધ વચ્ચે નવજાત શિશુઓ માટે સંઘર્ષ કરી રહી છે

(એજન્સી) તા.૭

૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ હમાસની આગેવાની હેઠળના ઘાતક હુમલાએ ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલના વિનાશક પ્રતિશોધાત્મક આક્રમણને પ્રોત્સાહન આપ્યું હતું, જે છેલ્લા એક વર્ષથી વધુ તીવ્ર બન્યું છે અને નવા મોરચે ફેલાઈ ગયું છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, વિસ્થાપિતમાં ગાઝાની માતા રાના સાલાહનો સમાવેશ થાય છે, જે મધ્ય ગાઝામાં દેર અલ-બાલાહમાં છે શિબિરમાં સળગતા તંબુમાં તેણી તેના બાળકને યુદ્ધ અને વેદનાથી બરબાદ થયેલી દુનિયામાં લાવવા માટે ઊંડો અપરાધ અનુભવે છે. ગર્ભવતી ન થવી જો તે મારા પર નિર્ભર હોત, તો હું યુદ્ધ દરમિયાન ગર્ભવતી કે જન્મ આપતી નહીં, કારણ કે જીવન સંપૂર્ણપણે અલગ છે; અમે પહેલાં આવું જીવન ક્યારેય જીવ્યું નથી. તેણીના ભૂતકાળના અનુભવોને યાદ કરતાં જણાવ્યું કે, "મેં અગાઉ બે વાર જન્મ આપ્યો હતો અને મારા અને બાળક માટે જીવન વધુ સારૂં અને સરળ હતું. હવે, મને લાગે છે કે હું મારી જાત અને બાળક બંને સાથે અન્યાયી રહ્યી છું કારણ કે આપણે આના કરતાં વધુ સારા જીવનને લાયક છીએ."

સાલાહની પ્રેગ્નેન્સી દરમિયાન ગૂંચવણો ઊભી થયા બાદ મિલાનાનો જન્મ સિઝેરિયન વિભાગ દ્વારા હોસ્પિટલના તંબુમાં થયો હતો. ચાલુ સંઘર્ષે પરિવારોને તેમના ઘરે પાછા ફરતા અટકાવ્યા છે, યુનિસેફના આંકડાઓ અનુસાર,



ગત વર્ષે ગાઝામાં જન્મેલા લગભગ ૨૦,૦૦૦ બાળકોમાં મિલાનો સમાવેશ થાય છે. રાનાએ જણાવ્યું કે, "અમારા ઘરે પાછા ફરવાને બદલે, અમે એક તંબુથી બીજા તંબુમાં જતા રહીએ છીએ. જ્યાં રોગો ફેલાતા હોય છે અને પાણી દૂષિત હોય છે. વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ)એ ગાઝામાં પોસ્ટપાર્ટમ સેવાઓમાં નોંધપાત્ર ઘટાડો નોંધાવ્યો છે, જે સ્ત્રીઓને જટિલતાઓ ધરાવે છે અને તેઓને જરૂરી સંભાળ મેળવવાની શક્યતા ઓછી છે, જેમ કે તેમના બાળકો સાથે થાય છે. WHOના પૂર્વીય ભૂમધ્ય પ્રાદેશિક કટોકટી નિર્દેશક રિક બ્રેનનના જણાવ્યા અનુસાર, નવજાત શિશુઓ કુપોષણનું જોખમ ધરાવે છે, ખાસ કરીને જો તેમની માતાઓ સ્તન દૂધના વિકલ્પના અભાવને કારણે સ્તનપાન કરાવવામાં અસમર્થ હોય. તેમણે નોંધ્યું કે સતત હલનચલન અને વિસ્થાપન નવજાત શિશુ માટે અત્યંત વિક્ષેપકારક હોઈ શકે છે, જે ચેપનું જોખમ વધારે છે. હું કેવી રીતે ઉછેર કરી શકું. મનાર અબુ જરાદ, જે હાલમાં યુનાઈટેડ નેશન્સ પેલેસ્ટીની રેફયુજી એજન્સી (UNRWA) દ્વારા સંચાલિત શાળા આશ્રયસ્થાનમાં રહે છે, તેણે ૪ સપ્ટેમ્બરે સિઝેરિયન વિભાગ દ્વારા તેની સૌથી નાની પુત્રી, સહરને જન્મ આપ્યો હતો, તેના પતિ યુદ્ધમાં મૃત્યુ પામ્યા. જન્મ માટે સિઝેરિયનની જરૂર પડશે તે જાણ્યા પછી, અબુ જરાદને ચિંતા થઈ કે તે શસ્ત્રક્રિયામાંથી સ્વસ્થ થયા પછી તેના અન્ય બાળકોની સંભાળ કેવી રીતે કરી શકશે.

# સીરિયાના દમાસ્કસમાં ઈઝરાયેલી હુમલામાં ત્રણ નાગરિકોનાં મોત

(એજન્સી) તા.૭

સીરિયાની રાજધાની દમાસ્કસ પર ઈઝરાયેલના હુમલામાં ત્રણ નાગરિકો મૃત્યુ પામ્યા છે અને અન્ય નવ ઘાયલ થયા હતા. સીરિયન અરબ ન્યૂઝ એજન્સી (SANA)એ અગાઉ અહેવાલ આપ્યો કે મંગળવારે સીરિયન રાજધાનીને નિશાન બનાવતા "વિશ્વાસઘાત ઈઝરાયેલી હુમલા"માં તેની ટેલિવિઝન એન્કર સફા અહેમદ મૃત્યુ પામ્યા હતા.

સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા ફૂટેજમાં એપાર્ટમેન્ટ બ્લોક્સથી ઘેરાયેલા રસ્તા પર એક કાર આગમાં લપેટાયેલી દેખાઈ રહી છે. રાજ્ય મીડિયા દ્વારા અહેવાલ કરાયેલ ત્રણ નાગરિક જાનહાનિમાં પ્રસ્તુતકર્તા હતો કે કેમ તે સ્પષ્ટ નથી. ઈઝરાયેલના સંરક્ષણ મંત્રાલય અને સૈન્યએ ટિપ્પણી માટેની વિનંતીઓનો તરત જ જવાબ આપ્યો ન હતો.

સીરિયાની રાજધાની પર ઈઝરાયેલના



હુમલાના સમાચાર આવ્યા જ્યારે તેની સૈન્યએ પાડોશી લેબેનોનમાં "મર્યાદિત, સ્થાનિક અને લક્ષ્યાંકિત" ગ્રાઉન્ડ સ્ટ્રાઈક્સ શરૂ કર્યા અને સશસ્ત્ર સમૂહ હિઝબુલ્લાહને નિશાન બનાવીને તેના આક્રમણને વેગ આપ્યો.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

## તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# 'પત્રકારોને સરકારની ટીકાનો અધિકાર' : સુપ્રીમકોર્ટે તો કહી દીધું પણ....

રાજા રજવાડાઓના સમયથી ભાટાઈની ચાલી આવતી પરંપરા લોકશાહીના રાજાઓને પણ ગમે છે. એટલે આઝાદી પછીની આપણી સરકારોને પણ ટીકા બહુ ગમતી ન હતી. જો કે જૂની સરકારોમાં ટીકા સહન કરવાની શકિત હતી... પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી અસ્તિત્વમાં આવેલી સરકારોને તો પોતાની ટીકા બિલકુલ ગમતી નથી અને ટીકા-ટિપ્પણીઓ કરનારાઓ વિરૂદ્ધ તે કડક કાર્યવાહી પણ કરવા લાગી છે. સરકારની વિરૂદ્ધ અખબારોમાં અહેવાલ, વિશ્લેષણ કે લેખ કે કોઈ ટિપ્પણી કરવામાં આવી હોય તો આવું કરનાર પત્રકારોને હેરાન પરેશાન કરી નાખવાની ઘટનાઓમાં હમણાથી તો બહુ ઉછાળો જોવા મળી રહ્યો છે. હદ તો ત્યાં થાય છે કે કેટલાક પત્રકારો વિરૂદ્ધ તો યુએપીએ જેવા ભયંકર કાયદા હેઠળ કેસો પણ દાખલ કરવામાં આવ્યા છે. જેના કારણે ઘણા પત્રકારો હજી પણ જેલોમાં કેદ છે કેમ કે આવી આકરી કલમો હેઠળ કરાયેલી કાનૂની કાર્યવાહીમાં જામીન પણ મળતા નથી ત્યારે આવા સંજોગોમાં સુપ્રીમ કોર્ટની એ ટિપ્પણી પત્રકારો માટે રાહતરૂપ હોઈ શકે છે કે સરકારની ટીકા કરવાનો પત્રકારોને અધિકાર છે..પરંતુ જોવાનું એ રહ્યું કે સરકારોને આ વાત કયાં સુધી હજમ થાય છે. ઉત્તરપ્રદેશના એક પત્રકારની વિરૂદ્ધ દાખલ કરાયેલા કેસની સુનાવણી દરમ્યાન સુપ્રીમકોર્ટે ઉકત ટિપ્પણી કરી હતી અને આ દરમ્યાન સર્વોચ્ચ અદાલતે બંધારણે બક્ષેલી અભિવ્યકિતની આઝાદીની જોગવાઈની પણ સરકારને યાદ દેવડાવી અને સંબંધિત પત્રકારને ધરપકડ સામે સુરક્ષા પણ પ્રદાન કરી પરંતુ આ અગાઉ પણ ઘણા કેસોમાં સુપ્રીમકોર્ટ કહી ચૂકી છે કે સરકારની ટીકાને દેશદ્રોહ ગણી શકાય નહીં પરંતુ સર્વોચ્ચ અદાલતની આ ટિપ્પણીને કઈ સરકારે ગંભીરતાથી લીધી છે. ?

કેટલાક એવાંયે નામચીન રાજયોના દાખલા છે કે જયાં સરકારની કોઈ નીતિ કે નિર્ણયની ટીકા કરનારા પત્રકારોને પકડીને પૂરી દીધા અને પોલીસ મથકમાંય તેમની સાથે મારઝૂડ પણ કરાઈ... ઉ.પ્ર. અને મ.પ્ર. આ બે રાજ્યો તો આના માટે બહુ 'પ્રખ્યાત' છે. મ.પ્ર.માં તો પત્રકારોને કપડા કાઢીને પોલીસ સ્ટેશનમાં પૂરીને માર્યા હતા...ખરેખર તો સરકારે કે તેમના કહ્યાગરા પોલીસવાળા આવું એટલા માટે કરે છે કે તેમને સચ્ચાઈ લોકો સામે આવવા દેવી નથી હોતી... જ્યારે સ્વસ્થ લોકશાહીની એ નિશાની છે કે પત્રકારો દ્વારા કરાતી ટીકાને ઉત્તેજન આપવામાં આવે કે જેથી સરકારોને પોતાની નીતિઓ નક્કી કરવામાં યોજનાઓ બનાવવામાં અને તેના સંચાલનમાં સુધારા વધારા કરવાની ખબર પડે. પરંતુ ટીકાઓની અવગણના કરવાથી કે ટીકાકારોનાં યેનકેન પ્રકારેણ મ્હોં બંધ કરી દઈને ખોટી નીતિઓને ધરાર ચલાવતા રહેવું એ એક રીતે લોકતાંત્રિક પ્રક્રિયાઓનું ગળું રૂંધવાના પ્રયાસ જેવું છે. જો કે ટીકા-આલોચનાનો અર્થ દર વખતે નિંદા કરવાનો જ નથી થતો પરંતુ કોઈપણ મુદ્દાની તરફેણ કે વિરોધમાં તાર્કિક વિશ્લેષણ કરવાનો પણ હોય છે. આવી ટીકાઓનો ઉદ્દેશ્ય પ્રજાના હિતમાં સરકારને પગલા ભરવાનો માર્ગ દેખાડવાનો પણ હોય છે. પત્રકારત્વનું કામ જ આ છે અને મોટાભાગના જાગૃત પત્રકારો આ કામ કરી રહ્યા છે એટલે એમની એક આગવી વિશ્વસનીયતા પણ હોય છે. પરંતુ સરકારો જ્યારે પત્રકારત્વની મૂળ ભાવનાને જ બદલી દેવાનો પ્રયાસ કરે છે ત્યારે એની વિશ્વસનીયતા પર જ પ્રહાર કરે છે...આવા સંજોગોમાં સાચા પત્રકારો જેલોમાં જતાં રહે છે અથવા તો સંભવિત પગલાંઓ સહન કરવા તૈયાર થઈ જાય છે અને ઘણા ખરા સાચો રસ્તો બદલીને સરકારી ભાટાઈ-ચાટુકારિતાના માર્ગે વળી જાય છે જેના કારણે પત્રકારત્વ લોકશાહીના ચોથા સ્તંભને બદલે સરકારી પ્રચાર તંત્રમાં ફેરવાઈ જાય છે.

કોઈપણ દેશના અખબારો કે અન્ય માધ્યમો કેટલા સ્વતંત્ર છે અને કેટલી નીડરતા સાથે શાસકોની ટીકા કરી શકે છે એનાથી જે તે દેશની સારી કે ખરાબ સ્થિતિનું માપ નીકળે છે. હવે આપણને સમજાઈ જવું જોઈએ કે વિશ્વના સુખાકારી આંકડામાં એટલે કે વૈશ્વિક ખુશી સૂચકાંકમાં ભારતનું સ્તર સતત નીચે જ ગગડતું જઈ રહ્યું છે એની પાછળનું કારણ શું છે ? કોઈપણ દેશની ખુશાલીનું પ્રમાણ માપવાનું એક સાધન અભિવ્યકિતની આઝાદી પણ હોય છે ત્યારે એ દેશો અંગે શું કહેવાનું કે જેઓ આર્થિક વિકાસની તો ગુલબાંગો પોકારે છે પરંતુ પ્રજાની ખુશહાલીના માપદંડોમાં સાવ ગરીબ ગણાતા દેશોથી પણ પાછળ નજરે પડે છે. મીડિયા આર્થિક, સામાજિક અને રાજકીય અસંતુલનને દૂર કરવામાં સહાયરૂપ બને છે ત્યારે એનો લાભ લેવાને બદલે જો એનું જ ગળું દબાવી દેવાનો પ્રયાસ થશે તો એ દેશ કે રાજ્ય પ્રગતિ કઈ રીતે કરી શકશે ? બાકી જો સરકાર ખરેખર પ્રજાભિમુખ હશે તો તે પોતાની ટીકામાંથી કંઈક શીખવાનો પ્રયાસ કરશે, ટીકાકારોને જેલમાં પૂરશે નહીં.

# યોગીની પ્રશંસા કરનાર ઉત્તરપ્રદેશના ન્યાયાધીશે હવે તેમના ચુકાદામાં લવ જેહાદને ષડયંત્ર ગણાવતા 'વિદેશી ભંડોળ અને વસ્તી યુદ્ધ' જેવા પરિબળો અંગે ટિપ્પણી કરી

"લવ જેહાદ," શબ્દ એ મુસ્લિમ પુરુષો અને હિન્દુ સ્ત્રીઓ વચ્ચેના સંબંધો દર્શાવવા માટે ઉગ્રવાદી હિંદુત્વ ઈકોસિસ્ટમ દ્વારા ઉત્પાદિત એક ષડયંત્ર સિદ્ધાંત છે. ઉત્તર પ્રદેશના બરેલીમાં નીચલી અદાલતના ચુકાદામાં તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

એક ન્યાયાધીશે, એક મુસ્લિમ પુરુષને ખોટી હિંદુ ઓળખ આપીને તેની હિંદુ ગર્લફ્રેન્ડ પર બળાત્કાર કરવાના આરોપમાં આજીવન કેદની સજા સંભળાવતા, ચુકાદો આપ્યો કે આ 'લવ જેહાદ'નો કેસ છે. જો કે મુસ્લિમ વ્યક્તિ, મોહમ્મદ આલીમ અને તેના પિતા સામેના ફોજદારી કેસમાં ગેરકાનૂની ધર્માંતરણના આરોપો સામેલ ન હતા, પણ વધારાના જિલ્લા ન્યાયાધીશ રવિકુમાર દિવાકરે એવું તારણ કાઢ્યું હતું કે તે "લવ જેહાદ દ્વારા ગેરકાનૂની ધર્માંતરણનો કેસ" હતો અને તેઓએ રાજયના કડક ધર્માંતરણ વિરોધી કાયદા હેઠળ આરોપો ન મૂકવા માટે પોલીસની ટીકા કરી હતી.

ન્યાયાધીશ દિવાકર માટે આવા વિવાદો નવા નથી, આ વખતે તેમણે કહ્યું કે લવ જેહાદ હેઠળ, મુસ્લિમ પુરુષો સંગઠિત રીતે ઈસ્લામમાં ધર્મ પરિવર્તન માટે લગ્ન દ્વારા હિન્દુ મહિલાઓને નિશાન બનાવે છે. મુસ્લિમ પુરુષો, "પ્રેમના ઢોંગ" અને "છેતરપિંડી" દ્વારા, હિંદુ મહિલાઓને ઈસ્લામમાં રૂપાંતરિત કરવાના હેતુથી લગ્ન કરે છે. ૩૦ સપ્ટેમ્બરના રોજ આપવામાં આવેલા તેના ૪૨ પાનાના દોષિત ચુકાદામાં દિવાકરે જણાવ્યું હતું કે લવ જેહાદનો મુખ્ય ધ્યેય કોઈ ચોક્કસ ધાર્મિક સમુદાયના કેટલાક અરાજક તત્વો ભારત સામે વસ્તી યુદ્ધ કરી રહ્યા છે અને તે આંતરરાષ્ટ્રીય કાવતરાનો ભાગ છે.

ન્યાયાધીશ દિવાકરે જણાવ્યું હતું કે જો કેન્દ્ર સરકાર "લવ જેહાદ દ્વારા ધર્માંતરણ"નો અંત ન લાવે તો દેશને "ગંભીર પરિણામો"નો સામનો કરવો પડી શકે છે, જેમાં હિન્દુ છોકરીઓને પ્રેમમાં ફસાવવા માટે સિન્ડિકેટ દ્વારા આવું કરવામાં આવી રહ્યું છે. જજ દિવાકરે જણાવ્યું હતું કે, આ સિન્ડિકેટ બિન-મુસ્લિમ સમુદાયોના નબળા વર્ગો, આદિવાસીઓ, દલિતો તેમજ પછાત જાતિની મહિલાઓ અને બાળકોને વિવિધ લાલચ, મનોવૈજ્ઞાનિક દબાણ અને "બ્રેઈનવોશ" દ્વારા મોટા પાયે ઈસ્લામમાં ધર્માંતરિત કરવા માટે નિશાન બનાવી રહી છે. આ એટલા માટે કરવામાં આવી રહ્યું છે કે, પાકિસ્તાન અને બાંગ્લાદેશ જેવી પરિસ્થિતિ ભારતમાં પણ સર્જાઈ શકે. દિવાકરે દાવો કર્યો કે બરેલી કેસમાં છોકરી અન્ય પછાત જાતિ (ઓબીસી) સમુદાયની છે.

ન્યાયાધીશે દાવો કર્યો હતો કે તે લવ જેહાદ પાછળ વિદેશી ભંડોળની શક્યતાને નકારી શકે તેમ નથી. લવ જેહાદ માટે મોટી રકમની જરૂર પડે છે. દિવાકરે જણાવ્યું હતું કે ગેરકાયદેસર ધર્માંતરણને હળવાશમાં લઈ શકાય નહીં, કારણ કે તે રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સાર્વભૌમત્વ માટે ખતરો છે.

ન્યાયાધીશ દિવાકરે અગાઉ ૨૦૨૪માં ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથને આધુનિક સમયના 'ફિલોસોફર રાજા' તરીકે બિરદાવ્યા હતા અને દેશમાં સાંપ્રદાયિક રમખાણો માટે રાજકીય પક્ષો દ્વારા મુસ્લિમોના 'તુષ્ટિકરણ'ને જવાબદાર ઠેરવ્યા પછી વિવાદ થયો હતો. અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા આ ટિપ્પણીને હટાવી દેવામાં આવી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે તેમની ટિપ્પણીઓ રાજકીય અભિવ્યક્તિઓ અને અંગત મંતવ્યો ધરાવતી બિનજરૂરી અભિવ્યક્તિ હતી.



ન્યાયાધીશ રવિકુમાર દિવાકર તેમના વિવાદાસ્પદ નિવેદનોને લઈને અગાઉ પણ હેડલાઈન્સમાં આવ્યા છે, હવે તેમણે કહ્યું છે કે જો 'લવ જેહાદ' રોકવામાં નહીં આવે તો તેના ગંભીર પરિણામો આવી શકે છે.

૨૦૨૨માં, દિવાકરે, વારાણસીમાં ન્યાયાધીશ તરીકે સેવા આપતા, જ્ઞાનવાપી મસ્જિદને લગતા વિવાદાસ્પદ નિર્દેશો પસાર કર્યા હતા. દિવાકરે, સિવિલ જજ સિનિયર ડિવિઝન તરીકે, મુઘલ યુગની મસ્જિદના એક ભાગને સીલ કરવાનો આદેશ આપ્યો હતો. દિવાકરે પાંચ હિંદુવાદીઓની અરજીના જવાબમાં કોર્ટ દ્વારા નિયુક્ત એડવોકેટ કમિશનર દ્વારા જ્ઞાનવાપી મસ્જિદની અંદર વિડિયોગ્રાફીની મંજૂરી પણ આપી હતી. વાદીઓ મસ્જિદની પશ્ચિમી દીવાલની બહાર કથિત હિંદુ બાજુમાં શ્રીંગરગૌરીમાં પ્રાર્થના કરવા માટે દૈનિક પ્રવેશની માંગ કરી રહ્યા હતા.

તાજેતરના બરેલી કેસમાં, દિવાકરે આલીમને ભારતીય દંડ સંહિતાની કલમ ૩૭૬ (૨) હેઠળ દોષિત ઠેરવ્યો હતો જે એક જ મહિલા પર વારંવાર બળાત્કાર કરવા સાથે સંબંધિત છે. આલીમને ઈરાદાપૂર્વક અપમાન કરવા અને ગુનાહિત ધમકી આપવા બદલ પણ દોષિત ઠેરવવામાં આવ્યો હતો. તેના પિતા, સાબીરને આઈપીસીની કલમ ૫૦૪ હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા બાદ બે વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી, જે શાંતિ ભંગ કરવા અને ઈરાદાપૂર્વકના અપમાન સાથે સંબંધિત છે.

૨૦૨૩માં યુવતીની ફરિયાદ પર FIR દાખલ કરવામાં આવી હતી, જેમાં આરોપ હતો કે તેના બોયફ્રેન્ડ આલિમે તેના પર હિંદુ નામ 'આનંદ' ધારણ કરીને અનેક પ્રસંગો પર બળાત્કાર ગુજાર્યો હતો. તેણીએ કહ્યું કે તેણીને ત્યારે જ ખબર પડી કે તે મુસ્લિમ છે જયારે તેણી ગર્ભવતી થઈ અને તેના ઘરે ગઈ હતી. યુવતીએ આરોપ લગાવ્યો હતો કે તેઓ કોમ્પ્યુટર કોચિંગ સેન્ટરમાં મળ્યા હતા અને ૨૦૨૨માં સ્થાનિક મંદિરમાં તેના કપાળ પર સિંદૂર લગાવ્યા પછી 'લગ્ન' પણ કરી લીધા હતા. યુવતીએ આરોપ લગાવ્યો હતો કે જ્યારે તેણે ઔપચારિક લગ્નનો આગ્રહ રાખ્યો ત્યારે આલીમ અને તેના પરિવારે તેના પર ઈસ્લામ સ્વીકારવા માટે દબાણ કરવાનો પ્રયાસ કર્યો અને તેણીને ગર્ભપાત કરાવવા માટે દબાણ કર્યું હતું.

જો કે, કોર્ટમાં જુબાની આપતી વખતે, ૨૩ વર્ષની આ છોકરીએ તેના પ્રારંભિક નિવેદનો પાછા ખેંચી લીધા હતા. તેણીએ જણાવ્યું હતું કે આલીમ પર ગુનાઓનો આરોપ મૂકતા મેજિસ્ટ્રેટ સમક્ષ તેણી દ્વારા નોંધાયેલ FIR અને નિવેદન, તેના માતાપિતા અને હિંદુ જમણેરી જૂથોના દબાણ હેઠળ કરવામાં આવ્યું હતું, જેમણે તેના મુસ્લિમ સાથેના લગ્ન સામે વાંધો ઉઠાવ્યો હતો.

જો કે જજ દિવાકરે તેના નિવેદનને ફગાવી દીધું હતું અને સંકેત આપ્યો હતો કે તેણી આલીમથી પ્રભાવિત હતી. ન્યાયાધીશે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે છોકરી ઘણા વર્ષોથી તેના માતાપિતાથી દૂર રહેતી હોવાથી, તે એન્ડ્રોઈડ ફોન સાથે કોર્ટમાં આવવા અને જીવનના અન્ય ખર્ચાઓ તેને કેવી રીતે પરવડી શકે છે? તેમણે કહ્યું કે આલીમે તેને આર્થિક મદદ કરી હશે.

ન્યાયાધીશ દિવાકરે કોર્ટ રજિસ્ટ્રારને તેમના ચુકાદાની નકલ પોલીસ અધિક્ષક બરેલીને મોકલવા માટે તમામ પોલીસ સ્ટેશનોને ચેતવણી આપવા માટે પણ નિર્દેશ આપ્યો હતો કે, જ્યારે પણ લવ જેહાદ અથવા અન્ય પ્રકારના ગેરકાયદેસર ધર્માંતરણના કેસ હોય, તો અન્ય કાયદાની કલમો સાથે, પોલીસે ઉત્તર પ્રદેશના ગેરકાયદેસર ધર્મ પરિવર્તનના નિષેધ અધિનિયમ, ૨૦૨૧ હેઠળ પણ કાર્યવાહી કરવી જોઈએ. ન્યાયાધીશે એમ પણ કહ્યું હતું કે ચુકાદાની નકલો યુપીના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) અને ગૃહ સચિવને મોકલવામાં આવશે જેથી તેઓ રાજ્યમાં ગેરકાનૂની ધર્માંતરણ કાયદાનું કડક પાલન સુનિશ્ચિત કરી શકાય.

'લવ જેહાદ' જેવા શબ્દોનો ઉપયોગ મોટાભાગે મુખ્યપ્રવાહના મીડિયાના મોટા વર્ગો તેમજ ભારતીય જનતા પાર્ટી અને તેના સહયોગીઓ દ્વારા હિન્દુ સ્ત્રીઓ સાથેના સંબંધોમાં મુસ્લિમ પુરુષોને આરોપી બનાવવા માટે કરવામાં આવે છે. જો કે, આ શબ્દને કોઈ કાનૂની આધાર કે માન્યતા નથી. દિવાકરે તેના ૪૨ પાનાના ચુકાદામાં ઘણી વખત ઉલ્લેખ કર્યો છે તે ગેરકાયદેસર ધર્માંતરણ કાયદામાં તેને કોઈ સ્થાન નથી. ૨૦૨૧માં, યોગી આદિત્યનાથ સરકારે અલ્હાબાદ હાઈકોર્ટમાં એક સોગંદનામું રજૂ કર્યું હતું, જેમાં ધ્યાન દોર્યું હતું કે કાયદાના ડ્રાફ્ટમાં ક્યાંય પણ "લવ જેહાદ" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો નથી. આ વટહુકમ તમામ પ્રકારના બળજબરીપૂર્વકના ધર્માંતરણને સમાન રીતે લાગુ પડે છે અને તે આંતર-શ્રદ્ધાળુ લગ્નો સુધી સીમિત નથી. તેથી, એવું કહી શકાય નહીં કે આ વટહુકમ "લવ જેહાદ"ના નામે બહાર પાડવામાં આવ્યો છે. આ કાયદાની બંધારણીય માન્યતાને, પ્રયાગરાજ સ્થિત વકીલ દ્વારા કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.

- ઓમર રશીદ

(સૌ. : ધ વાયર)

### નબળી કામગીરીનું ઉદાહરણ

# પાવીજેતપુર તાલુકાના સટુન ખાતે નવનિર્મિત પાણીની ટાંકી જમીનદોસ્ત

## પાણી પુરવઠા વિભાગ દ્વારા ટેસ્ટિંગ કરતી વખતે ટાંકી તૂટી પડી

(સંવાદદાતા દ્વારા) પાવીજેતપુર, તા.૭

પાવીજેતપુર તાલુકાના સટુન ખાતે પાણી પુરવઠા વિભાગ દ્વારા નવ નિર્મિત ટાંકીમાં પાણી ભરીને ટેસ્ટીંગ કરતી વખતે આખેઆખી પાણીની ટાંકી જમીનદોસ્ત થઈ ગઈ છે. છોટા ઉદેપુર જિલ્લાના ગામોમાં નર્મદાનું પાણી ઘેર ઘેર પહોંચાડવાના આશયથી ઠેર ઠેર પંપીંગ સ્ટેશન અને પાણીની ટાંકીઓ બનાવવામાં આવી રહી છે.પરંતુ આ કામમાં કોન્ટ્રાકટર દ્વારા મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે.જેનો તાદશ્ય પુરાવો પાવીજેતપુર તાલુકાના સટુન ખાતે જોવા મળ્યો છે. પાવીજેતપુર તાલુકાના સટુન ખાતે પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણીની ટાંકી બનાવવામાં આવી હતી, આ પાણીની ટાંકીનું ગઈકાલે સાંજે ટેસ્ટીંગ કરવા માટે પાણી ભરવામાં આવ્યું હતું, આ પાણી ભરતાની સાથે જ આખેઆખી પાણીની ટાંકી જમીનદોસ્ત થઈ ગઈ હતી. મહત્વની વાત એ છે કે પાણી પુરવઠા વિભાગ દ્વારા જે કામગીરી કરવામાં આવે છે તેમાં કોન્ટ્રાકટરો દ્વારા મોટા પાયે ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. જેને લઈને ખૂબ જ નબળી કામગીરી કરવામાં આવી રહી છે જેને લઈને લોકોની સુખાકારી માટે બનાવવામાં આવતી પાણીની ટાંકી તૂટીને જમીનદોસ્ત થઈ ગઈ છે. અને જનતાના પરસેવાના રૂપિયા ખવાઈ ગયા છે. રમેશભાઈ ગોપાભાઈ રાઠવા, સટુન ગામના અગ્રણી જણાવ્યું હતું કે સટુન ગામે પાણીની ટાંકી બનાવી છે જેમાં સરકારના નિયમ મુજબ કામ નથી થયું એટલે ગઈકાલે ચેક કરવા પાણી ભરતી વખતે ટાંકી તૂટી ગઈ છે. આ ટાંકીના કામમાં ભ્રષ્ટાચાર થયો છે. આજુબાજુમાં લગભગ સાતેક જેટલા ઘર આવેલા છે. જો આ ટાંકી ઘર પર પડી હોત તો શું થાત ? આ પ્રશ્ન વિચારી લોકો કાંપી ગયા હતા.



આમ, પાવીજેતપુર તાલુકાના સટુન ગામે નવીન બનાવેલી પાણીની ટાંકી પાણી ભરતા ની સાથે જ ફસકાય પડી તૂટી જતા જમીનદોસ્ત જવા પામી હતી. ટાંકી બનાવવામાં કેટલો ભ્રષ્ટાચાર આચાર્યો છે તેનું ચિત્ર નજરે પડતું હતું.

### મુસાફરોની ચીચિયારીઓથી વાતાવરણ ગૂંજી ઊઠ્યું

# જંબુસર ખાતે ખુલ્લા વરસાદી કાંસમાં એસ.ટી. બસ ખાબકી : ૩૭ ઈજાગ્રસ્ત



(સંવાદદાતા દ્વારા)

જંબુસર, તા.૭

કારેલીથી જંબુસર આવતી એસટી બસ જંબુસરના ચાંદપીર દરગાહ પાસેની ખુલ્લા વરસાદી કાંસમાં ખાબકતા બસમાં ચાલક સહિત ૩૦થી

## તમામ ઘાયલોને હોસ્પિટલ ખસેડાયા

વધુને ઈજા થઈ હતી. સોમવારે સવારના રાબેતા મુજબ કારેલી ગામથી એસ.ટી.બસ .વિદ્યાર્થીઓ તેમજ મુસાફરો સાથે જંબુસર આવી રહી હતી. તે દરમ્યાન જંબુસરની ચાંદપીર દરગાહ પાસે ચાલકે સ્ટેયરીંગ પરનો કાબૂ ગુમાવતા રોડની બાજુમાં રહેલી ખુલ્લા વરસાદી કાંસમાં બસ ખાબકી હતી..જેના પગલે બસમાં સવાર મુસાફરોની ચીસોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. તો આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા. અકસ્માતમાં ચાલક, અને વિદ્યાર્થીઓ સહિત ૩૦થી વધુને નાની મોટી ઈજા થવા પામી હતી. તમામ ઈજાગ્રસ્તોને સારવાર માટે જંબુસર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા.... સદર બનાવની જાણ જંબુસર પોલીસને થતા જંબુસર પી.આઈ.એ વી પાનમિયા જંબુસર સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. પોલીસ અકસ્માત સંદર્ભે કાયદેસરની કાર્યવાહીની કવાયત હાથ ધરી હતી.

### પહેલી અને છેલ્લી અસલ નોટ મૂકી છેતરપિંડી કરતા

# કડોદરા નિયોલ ચેક પોસ્ટ પાસેથી નકલી ૧૫૬૯ નોટો સાથે બે પકડાયા

## પોલીસે ૨૭,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૭

કડોદરા નિયોલ ચેક પોસ્ટ પાસેથી પોલીસે બનાવટી ચલણી નોટ સાથે બે લોકોને પકડી પાડયા છે. પોલીસે તેઓની પાસેથી ૪૦૦ નોટોના કુલ ચાર બંડલ મળી કુલ ૧૬૦૦ નોટો, રૂપિયા ૫૦૦ના દરની સાચી નોટો કુલ-૦૮ કિ.રૂા. ૪૦૦૦તથા૫૦૦ના દરની મનોરંજન બેંક સહિતની ૧૫૯૨ નોટો કિ.રૂા. ૦ તથા ચાર મોબાઈલ ફોન કિ.રૂ. ૨૭૦૦૦ની મત્તાનો મુદ્દામાલ કબજે કર્યો છે. સર્વેલન્સ સ્ટાફના પો.સબ.ઈન્સ એચ.એલ.દેસાઈ તથા બીજા સર્વેલન્સ સ્ટાફના કર્મીઓ નિયોલ ચેક પોસ્ટ ખાતે વાહન ચેકિંગમાં હતા. તે દરમ્યાન અ.પો.કો મનિષ વિઠ્ઠલભાઈ અને પો.કો. હિંમત માવજીભાઈને બાતમી મળી હતી કે, ભારતીય ચલણની તથા મનોરંજન બેંક અને ચિલ્ડ્રન બેંક ઈન્ડિયા લખેલ નોટો સાથે ફરી રહ્યા છે .આ હકીકતના આધારે પોલીસે વોચ ગોઠવી ફારૂક બિસ્મીલા બેગ (ઉ.વ.૨૩ ધંધો કડીયાકામ રહે. મહારાષ્ટ્ર) અને મનોહર અકકલા બાલારાજુ (ઉ.વ.૨૯ ધંધો. બેકાર રહે. આંધ્રપ્રદેશ)ને પકડી પાડયા હતા.પોલીસે તેઓની પાસેથી ૪૦૦ નોટોના કુલ ચાર બંડલમાં મળી કુલ ૧૬૦૦ નોટો, રૂપિયા ૫૦૦ના દરની સાચી નોટો કુલ-૦૮ કિ.રૂ. ૪૦૦૦ તથા ૫૦૦ના દરની મનોરંજન બેંક સહિતની ૧૫૯૨ નોટો કિ.રૂ. ૦ તથા ચાર મોબાઈલ ફોન કિ.રૂ. ૨૭૦૦૦ની મત્તાનો મુદ્દામાલ કબજે કયો છે. પોલીસે તેઓની પૂછપરછ કરતા આરોપીઓ રૂપિયા ૫૦૦ના દરની નોટોના બંડલમાં પહેલી અને છેલ્લી અસલ નોટ તથા વચ્ચે મનોરંજન બેંક અને ચિલ્ડ્રન બેંક ઈન્ડિયા લખેલ કુપન નોટો મૂકી દિવાળીનો સમય બેંકો અને અન્ય જગ્યાએ મોટા પાયે રોકડ રકમની લેતી દેતી થવાની હોય તે સમયે એનકેન પ્રકારે લોકોને જલ્દી પૈસા ભરવા માટે રૂપિયા ૨૦૦, ૧૦૦ના દરની નોટોની જગ્યાએ રૂપિયા ૫૦૦ની નોટો આપી અને તેઓ પાસેથી ૨૦૦, ૧૦૦, ની અસલ નોટો લઈ બંડલો તે લોકોને છેતરપિંડી કરવાના હોવાની કબૂલાત કરી છે.

### જવાનીમાં ભાગી ગયો ને વૃદ્ધાવસ્થામાં પકડાયો

# ૪૦ વર્ષ પહેલાં અમદાવાદની કોર્ટમાં પોલીસ જાપ્તામાંથી ફરાર ઈસમ પકડાયો

## પોતાની ઓળખ સંતાડીને વડોદરા ખાતે રહેતો હતો

નડિયાદ, તા.૭

૪૦ વર્ષ પહેલા અમદાવાદ શહેર કોર્ટમાંથી પોલીસ જાપ્તામાંથી ફરાર થયેલ અને ઓળખ છુપાવીને વડોદરા ખાતે રહેતા આરોપીને ખેડા એસઓજી પોલીસે નડિયાદમાંથી પકડી પાડ્યો છે.

મળતી માહિતી મુજબ ખેડા એસઓજી પોલીસ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન નડિયાદ બસ સ્ટેન્ડ પાસે આવતા એવી બાતમી મળી હતી કે અમદાવાદ શહેરના કારંજ પો.સ્ટે.ના ઈ.પી.કો. કલમ- ૨૨૪ મુજબના ગુનાના કામે નાસતો-ફરતો આરોપી અભા મોતીભાઈ દેવીપૂજક (રહે. હાથનોલી, તા. મહેમદાવાદ જિ.ખેડા) નડિયાદ બસ સ્ટેશન તરફથી આર.ટી.ઓ. તરફ આવનાર છે. જે હકીકતના આધારે પોલીસે તેને પકડી પાડ્યો હતો અત્રે નોંધનીય છે કે પોલીસે તેને પકડ્યો ત્યારે તેણે પોતાનું નામ વિજય મોતીભાઈ વાઘેલા (રહે. નવીનગરી સમા ગામ વડોદરા શહેર)નો હોવાનું જણાવ્યું હતું પરંતુ પોલીસે તેની કડક પૂછપરછ કરતા આખરે તેનું અસલ નામ અભા મોતી દેવીપૂજક (રહે. હાથનોલી, તા. મહેમદાવાદ, જિ. ખેડા)નું હોવાનું બહાર આવ્યું હતું. પોલીસની તપાસમાં એવી હકીકત બહાર આવી હતી કે આ આરોપી અમદાવાદ શહેરના નારણપુરા પોલીસ સ્ટેશન બી.પી.એક્ટ



૧૨૨(સી) મુજબના કામે દિન-૩ની સાદી કેદની સજા થઈ હતી જેને અમદાવાદ ઘી કાંટા કોર્ટમાંથી સાબરમતી જેલમાં લઈ જતી વખતે પોલીસની નજર ચુકવી પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ ગયેલ હતો. જેથી તેની વિરૂદ્ધમાં કારંજ પો.સ્ટે.માં ઈ.પી.કો. કલમ- ૨૨૪ મુજબનો ગુનો દાખલ થયો હતો તે વડોદરા શહેર ખાતે પોતાનું નામ વિજયભાઈ મોતીભાઈ વાઘેલા નામ જણાવી પોતાની ઓળખ સંતાડીને ખોટુ નામ બદલીને છેલ્લા ૪૦ વર્ષથી રહેતા હોવાનું કબૂલાત કરી હતી. તેને નડિયાદ ટાઉન પો.સ્ટે. ખાતે સોપી કારંજ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર ખાતે જાણ કરી આગળની ઘટતી કાર્યવાહી હાથ ધરેલ છે.

### ધાર્મિક કાર્યક્રમ

## આણંદમાં બજમે સરવર દ્વારા ૧૩મીએ ગ્યારવી શરીફ મનાવવામાં આવશે

બજમે સરવર નાપા તરફથી માહે રબીઉલ આખિરની ગ્યારવી શરીફ તારીખ ૧૩/૧૦/૨૦૨૪ રવિવારના રોજ સવારે ૯થી૧૨ દરમિયાન શહેજાદાએ સરવર શાહ પીરે તરીકત હજરત સૈયદ હાજી જહુર અહેમદ ઉર્ફે મસ્તાન બાવા તેમજ નવાસાએ સરવર શાહ પીરે તરીકત હજરત સૈયદ શકીલ અહેમદ ઉર્ફે અકીલ શાહ કાદરીની સદારતમાં શુકુન પાર્ટી પ્લોટ સામરખા ચોકડી આણંદ ખાતે મનાવવામાં આવશે. આ પ્રસંગે મશહુર નાતખ્વા અતા એ સરવર શાહ વ ખલીફાએ મસ્તાન બાવા સૈયદ તૌફીક અલી નાત પેશ કરશે અને ખલીફાએ મસ્તાન બાવા સૈયદ અકીલ અહેમદ તકરીર ફરમાવશે. આ પ્રસંગે સરવર એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા પરીક્ષામાં સારા પરિણામ લાવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવશે જીક્ર શરીફ સલાતો સલામ બાદ ન્યાઝ ખવડાવવામાં આવશે આ પ્રસંગે તમામ મુરીદ ભાઈ, માં બહેનો તેમજ અકીદત મંદોને હાજર રહેવા અપીલ કરવામાં આવી છે.

**હદીસ બોધ**

અહંકારી અથવા અભિમાની ન બનો. - હદીસ બોધ

**બોધ વચન**

મોટાભાગના લોકો પોતાના નાણાં ખર્ચાય અને પૂરા થઈ ન જાય ત્યાં સુધી તેની દરકાર કરતા નથી. ઘણાં લોકો સમયની બાબતમાં પણ આવો જ વર્તાવ કરે છે. - ગેટે

**આજની આરસી**

૮ ઓક્ટોબર મંગળવાર ૨૦૨૪
૪ રબીઉલ આખર હિજરી ૧૪૪૬
આસો સુદ પાંચમ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૫-૧૫
ખત્મે ઝવાલ ૧૨-૨૭
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૩૪
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૨૦

વિશ્વપ્રસિદ્ધ વિદ્વાન શાયર 'અલ્લામા ઈકબાલ' કોઈ પરિચયના મોહતાજ નથી... એમણે દાયકાઓ પહેલાં જે લખ્યું છે એ આજે પણ એટલું જ પ્રાસંગિક છે ત્યારે તેમની ફિલસુફીથી છલોછલ એવી ઈલ્મી રચનાઓને અહીં સરળ ગુજરાતીમાં ભાવાનુવાદ સાથે સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**અલ્લામા મુહમ્મદ ઈકબાલની શાયરી /ભાવાનુવાદ**

**મન કી દૌલત હાથ આતી હૈ તો ફીર જાતી નહિ**
**તન કી દૌલત છાંવ હૈ, આતા હૈ ધન જાતા હૈ ધન**

માનવ જ્યારે સ્વયંને પામી લે છે તો અઢળક રૂહાની ખજાનો પ્રાપ્ત થાય છે જે ક્યારેય ખૂટતો નથી. તે અલ્લાહમય બની જાય છે, બાકી ધનદૌલત, વૈભવ અલ્પકાલીન છે. બોધ છે કે દુન્યવી વૈભવ પાછળ દોટ ન મૂકવી જોઈએ.

- (ભાવાનુવાદ કર્તા અલ્તાફહુસૈન સૈયદ)

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# પાકિસ્તાન સામેની જીત છતાં ભારતનો સેમિફાઈનલનો માર્ગ આસાન નથી

નવી દિલ્હી, તા.૭

હરમનપ્રીત કૌરના નેતૃત્વવાળી ટીમ ઈન્ડિયાએ રવિવારે કટ્ટર હરીફ પાકિસ્તાનને હરાવી મહિલા ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ના પોઈન્ટ ટેબલમાં પોતાનું ખાતું ખોલી લીધું છે. જો કે, પાકિસ્તાન સામેની આ જીત છતાં ટીમ ઈન્ડિયાનો સેમિફાઈનલનો માર્ગ આસાન નથી. ટીમ ઈન્ડિયાને આગામી બે મેચ એશિયન ચેમ્પિયન શ્રીલંકા અને ગત ટી-૨૦ વર્લ્ડકપ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા

## મહિલા ટી-૨૦ વર્લ્ડકપમાં ટીમ ઈન્ડિયાએ બાકીની બંને મેચ જીતવી જ પડશે

સામે રમવાની છે. ભારતને સેમિફાઈનલમાં પહોંચવા માટે આ બંને મેચો જીતવી ઘણી મહત્ત્વનું છે. જો અહિંયાથી એક પણ મેચ ભારત હારશે તો તેના માટે ઘણી મુશ્કેલીઓ ઊભી થશે. ભારત માટે મહિલા ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ની શરૂઆત સારી રહી ન હતી. ટીમ ઈન્ડિયાને ટુર્નામેન્ટની પ્રથમ મેચમાં જ ન્યુઝીલેન્ડ સામે કારમા પરાજયનો સામનો કરવો પડ્યો હતો. ન્યુઝીલેન્ડ સામેની ભારતની આ હાર એટલા માટે મોટી હતી કારણ કે, આનાથી નેટ રનરેટ પર ઘણી ખરાબ અસર થઈ હતી. ન્યુઝીલેન્ડ સામેની હાર બાદ ભારતની નેટ રનરેટ -૨.૯૦૦ની થઈ ગઈ હતી. આવામાં ભારતે પાકિસ્તાન સામે ના ફક્ત જીત મેળવવાની હતી પણ મોટા માર્જિનથી મેચ જીતવાની હતી પણ ટીમ ઈન્ડિયા આવું કરવામાં નિષ્ફળ ગઈ. ભારતે ૧૦૬ રનનો ટાર્ગેટ ૧૮.૫ ઓવરમાં ચેજ કર્યો. આવામાં ટીમ ઈન્ડિયા પોતાના નેટ રનરેટમાં વધારે સુધારો કરી શકી નહીં. પાકિસ્તાન સામેની જીત બાદ ભારતની નેટ રનરેટ -૧.૨૧૭ની છે અને ટીમ ગ્રુપ-એના પોઈન્ટ ટેબલમાં ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને પાકિસ્તાન બાદ ચોથા સ્થાને છે. જો શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ આગામી બે મેચોમાંથી ભારત એકપણ મેચ હારશે તો મામલો નેટ રનરેટ પર ફસાઈ શકે છે. ટીમ ઈન્ડિયાનો હાલ જે નેટ રનરેટ છે તેને જોઈ લાગતું નથી કે, ભારત આગામી રાઉન્ડમાં સ્થાન મેળવી શકશે. આવામાં ભારત પાસે આગામી બંને મેચ જીતવા સિવાય બીજો કોઈ રસ્તો નથી.

# ઇંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટરના 'શું તમે ટેસ્ટ મેચ રમી રહ્યા છો ?' અપશબ્દો બાદ યુસુફ પઠાણે સણસણતો જવાબ આપવામાં કોઈ દયા બતાવી નહીં



નવી દિલ્હી, તા.૭

તમે પ્રોફેશનલ ક્રિકેટમાંથી સંન્યાસ લઈ ચૂક્યા હોય પણ તમે હજુ પણ પોતાની અંદર રમતને જીવંત રાખી શકો છો. લિજેન્ડ્સ લીગ ક્રિકેટની અવધારણા આવી જ છે. જે મૈત્રીપૂર્ણ મુકાબલો અને સ્પર્ધાત્મક ભાવના વચ્ચે યોગ્ય સંતુલન પ્રદાન કરે છે. કારણ કે, રમતના દિગ્ગજોને પોતાના રમતના દિવસોને ફરીથી જીવવાની એક નવી તક મળે છે. જો કે, ક્યારેક-ક્યારેક કોઈ ટુર્નામેન્ટના પ્રવાહમાં ખેલાડી ભાન ભૂલી જાય છે, જેવું કે રવિવારે જમ્મુના મૌલાના આઝાદ સ્ટેડિયમમાં કોણાર્ક સૂર્યાસ ઓડિશા અને ટોયમ હૈદરાબાદ વચ્ચેની મેચમાં જોવા મળ્યું હતું. મેચની પ્રથમ ઈનિંગની ૧૬મી ઓવર દરમ્યાન ઈંગ્લેન્ડના પૂર્વ ક્રિકેટર મોન્ટી પાનેસરે ભારતના બે વખતના વિશ્વકપ વિજેતા યુસુફ પઠાણને સ્લેજિંગ કર્યું, જે કોણાર્ક માટે પોતાની ઈનિંગ દરમ્યાન સંઘર્ષ કરતા દેખાઈ રહ્યા હતા. પાનેસરની ઓવરમાં અમુક ડોટ બોલ બાદ બોલરે ભારતીય ખેલાડીને ટોણો મારતા કહ્યું કે, શું તમે ટેસ્ટ મેચ રમી રહ્યા છો ? આ સાંભળીને કોમેન્ટેટર હસી પડ્યા. યુસુફ પહેલા તો હસ્યા પણ પાનેસરે ફરીથી પૂછ્યું તો તેમણે જવાબ આપ્યો : 'તમારી પાસે કેટલી ટેસ્ટ વિકેટ છે ?'બંને ક્રિકેટરો વચ્ચે થયેલી આ મજેદાર વાતચીત પર કોમેન્ટેટરો વધુ હસવા લાગ્યા. પ્રથમ બેટિંગ કરવા ઊતરેલી કોણાર્ક સૂર્યાસની ટીમ ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૦૦ રન જ બનાવી શકી. મુનાવીરાએ ૫૧ રન પ્રતિ બોલના હિસાબથી હાઈએસ્ટ રન બનાવ્યા. જવાબમાં હૈદરાબાદે કપ્તાન ગુરકીરતસિંહ માનની ૫૦ બોલમાં ૫૨ રનની અણનમ ઈનિંગના કારણે ૧૦ બોલ બાકી રહેતા લક્ષ્યાંક પ્રાપ્ત કરી લીધું હતું.

# રાહુલ ગાંધીનો દાવો, મેં શાળાના અભ્યાસક્રમમાં ક્યારેય દલિત ઈતિહાસ વાંચ્યો નથી; જે કંઈ હતું એ પાઠ્યપુસ્તકોમાંથી હટાવી દેવાયું છે

**રાહુલ વારંવાર જાતિના મુદ્દા અંગે ચર્ચા કરતા રહ્યા છે અને અનામતની ૫૦%ની મર્યાદા પણ ઉઠાવી લેવાની માગણી કરતા રહ્યા છે, આ રીતે શનિવારે પણ કોંગ્રેસ નેતાએ ભારપૂર્વક કહ્યું હતું કે ભારતનો ઈતિહાસ જે દલિતો સાથે સંકળાયેલો છે તેના અભ્યાસ અને સમજણ વિના શિક્ષણ અધૂરૂં છે**

(એજન્સી) કોલ્હાપુર, તા.૭

કોંગ્રેસના નેતા અને લોકસભા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ વધુ એક વાર જાતિનો મુદ્દો ઉઠાવ્યો હતો અને એવો દાવો કર્યો હતો કે મેં મારા શાળાના સમયમાં કદી પણ દલિતોના ઈતિહાસને વાંચ્યો નથી કેમકે દલિતો અને પછાત વર્ગોને લગતી જે કંઈ બાબતો કે વિષય હતા એ આજે તો પાઠ્યપુસ્તકોમાંથી પણ દૂર કરી દેવામાં આવ્યા છે.

કોલ્હાપુરમાં સંવિધાન સન્માન સંમેલનમાં બોલતા તેમણે કહ્યું હતું કે ઈતિહાસને સમજ્યા વિના અને દલિતો સાથે સંકળાયેલા ઈતિહાસને જાણ્યા વિના શિક્ષણ શક્ય નથી. આપણું પોતાનું સ્થાન અને જગ્યાને જાણ્યા વિના શિક્ષણ અધૂરૂં છે. તેમણે અનામતની ૫૦% મર્યાદાને દૂર કરવાની પણ માગણી કરી હતી અને કહ્યું હતું કે બંધારણ



બચાવવા માટે એ જરૂરી છે અને કોંગ્રેસ તથા ઈન્ડિયા બ્લોક મહારાષ્ટ્રમાં એ જરૂર કરશે. તમે ઓબીસી સમાજને જુઓ. મને સ્વપ્નિલ કુમારે એક પ્રતિમા આપી ત્યારે મને લાગ્યું કે એમના હાથમાં કારીગરી છે અને કૌશલ્ય છે. જે હાથોમાં કૌશલ્ય છે તેમને પાછળ ધકેલી દેવાયા છે. તેમણે કહ્યું હતું કે ભારતમાં ૨૪ કલાક આવું બની રહ્યું છે મેં શાળામાં ક્યારેય પણ દલિતો અને પછાતો વિશે વાંચ્યું નથી. આજે તો તેનાથી પણ ઊલટું છે કેમકે દલિતોનો ઈતિહાસ પુસ્તકોમાંથી દૂર કરવામાં આવી રહ્યો છે. ઈતિહાસને જાણ્યા વિના આપણું પોતાનું સ્થાન આપણી ભૂગોળ અને સમજવાનું અને શિક્ષણ મેળવવાનું મુશ્કેલ છે.

રાહુલ ગાંધીએ હમણાં અનેક વખત જાતિ આધારિત વસ્તી ગણતરીનો મુદ્દો ઉઠાવ્યો છે અને ૫૦% અનામતની મર્યાદા પણ દૂર કરવાનો સતત આગ્રહ કર્યો છે અને માગણી કરતા રહ્યા છે. આ પહેલા પણ તેમણે એકવાર કહ્યું હતું કે મેં મિસ ઈન્ડિયાની યાદી નિહાળી પણ તેમાં એક પણ દલિત યુવતી નથી કે આદિવાસી નથી કે ઓબીસીની મહિલા પણ નથી આ દેશમાં ૯૦% લોકો દેશની વ્યવસ્થાનો ભાગ જ રહ્યા નથી એટલે અમે જાતિ આધારિત વસ્તી ગણતરીની માગણી કરી રહ્યા છીએ.

# ટેસ્ટ ઈતિહાસની ટોપ ફાઈવ સૌથી ધીમી ઈનિંગો

# ૧ કલાક ૪૧ મિનિટ સુધી બેટિંગ કર્યા બાદ પણ એલોટ ખાતું ખોલાવી શક્યો નહીં

## પૂર્વ કપ્તાન નવાબ પટૌડીએ ઈંગ્લેન્ડ વિરુદ્ધ ૧૯૭૨-૭૩માં મુંબઈમાં ૧૦૨ મિનિટની બેટિંગ બાદ પણ પાંચ રન બનાવ્યા હતા

નવી દિલ્હી, તા.૭

ટી-૨૦ના જમાનામાં જોત-જોતામાં ખેલાડી અર્ધસદી અથવા સદી ફટકારી દે છે પણ એક સમય ટેસ્ટનો હતો. જ્યારે બેટ્સમેન કલાકો સુધી બેટિંગ કર્યા બાદ પણ થોડા જ રન બનાવતા હતા. એક એવી જ લિસ્ટ છે જેમાં ૧૦૦ મિનિટથી વધારે સમય સુધી મેદાન પર ટકવા છતાં ખેલાડી ખાતું પણ ખોલી શક્યા ન હતા. સમયના હિસાબથી પાંચ સૌથી સ્લોએસ્ટ બેટિંગ ઈનિંગ જોઈએ તો ન્યુઝીલેન્ડનો જી.આઈ. એલોટે દ.આફ્રિકા વિરુદ્ધ ૧૦૧ મિનિટ સુધી બેટિંગ કરી પણ ખાતું ખોલી શક્યો નહીં. આ મેચ ૨૦૦૫-૦૬માં ઓકલેન્ડમાં રમાઈ હતી. બોલીવૂડ સ્ટાર સૈફ અલી ખાનના પિતા અને પૂર્વ કપ્તાન નવાબ પટૌડીનું નામ બીજા સ્થાને છે. તેમણે ઈંગ્લેન્ડ વિરુદ્ધ ૧૯૭૨-૭૩માં મુંબઈમાં ૧૦૨ મિનિટની બેટિંગ બાદ પાંચ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયાના ડેમિયન માર્ટિને દ.આફ્રિકા વિરુદ્ધ ૧૯૯૨-૯૩માં સિડનીમાં ૧૦૬ મિનિટ સુધી બેટિંગ કરી ફક્ત ૬ રન બનાવ્યા હતા. તે આ લિસ્ટમાં ત્રીજા સ્થાને છે. પાકિસ્તાનના ઓલરાઉન્ડર અબ્દુલ રઝાકે શ્રીલંકા વિરુદ્ધ ૨૦૦૪-૦૫માં ૧૧૦ મિનિટની બેટિંગ બાદ ચાર રન બનાવી અણનમ રહ્યો હતો. આ સૌથી સ્લોએસ્ટ બેટિંગ લિસ્ટમાં ચોથા નંબરે છે. ઈંગ્લેન્ડના જ્યોફ મિલરે ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ૧૨૩ મિનિટ સુધી બેટિંગ કર્યા બાદ ફક્ત સાત રન બનાવ્યા હતા. આ મેચ ૧૯૭૮-૭૯માં મેલબોર્નમાં રમાઈ હતી.

### માન્ચેસ્ટર ટેસ્ટ ૨૦૨૦માં સદી બનાવી હતી

# પાકિસ્તાનના કપ્તાન શાન મસૂદે ૧૫૨૪ દિવસ બાદ સદી ફટકારી

મુલતાન, તા.૭ : પાકિસ્તાનના ટેસ્ટ કપ્તાન શાન મસૂદે પોતાની કેપ્ટનશીપમાં પાકિસ્તાન માટે પ્રથમ ટેસ્ટ સદી ફટકારી છે. ઈંગ્લેન્ડ વિરુદ્ધ મુલતાન ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ રહેલી ત્રણ મેચોની સિરીઝની પ્રથમ મેચના પ્રથમ દિવસે શાન મસૂદે ૧૦૨ બોલમાં કારકિર્દીની પાંચમી ટેસ્ટ સદી ફટકારી. લગભગ ચાર વર્ષ બાદ મસૂદના બેટથી કોઈ ટેસ્ટ સદી બની છે. ગત ટેસ્ટ સદી તેણે ૨૦૨૦માં ઈંગ્લેન્ડ વિરુદ્ધ માન્ચેસ્ટર ટેસ્ટમાં બનાવી હતી. સદીના ૧૫૨૪ દિવસો બાદ જઈને શાન મસૂદનો ટેસ્ટમાં સદીનો દુષ્કાળ સમાપ્ત થયો છે. મસૂદ માટે આ સદી ઘણી મહત્ત્વની છે. હાલમાં જ પાકિસ્તાનને બાંગ્લાદેશ વિરુદ્ધ ઘરઆંગણે ટેસ્ટ સિરીઝમાં ૦-૨થી વ્હાઈટવોશનો સામનો કરવો પડ્યો હતો. ત્યારબાદથી શાન મસૂદ ટીકાનું કેન્દ્ર બન્યો હતો. મસૂદની કેપ્ટનશીપ અને બેટિંગ બંનેને લઈ ટીકા થઈ રહી હતી. આ સદીની સાથે જ મસૂદે પોતાના ટીકાકારોને સણસણતો જવાબ આપી દીધો છે. શાનની સદી બાદ પાકિસ્તાનના ડ્રેસિંગ રૂમમાં ઉત્સાહ જોવા જેવો હતો. પાકિસ્તાન ક્રિકેટે શાન મસૂદની સદીનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કર્યો છે. મસૂદ ૧૫૧ રન બનાવી આઉટ થયો. ૧૭૭ બોલની ઈનિંગમાં ૧૩ ચોગ્ગા અને બે સિક્સર સામેલ છે. અબ્દુલ્લા શફીકે (૧૦૨) પણ પાકિસ્તાન માટે સદી ફટકારી.


**પરિશિષ્ટ IV-એ,**
**સ્થાવર મિલકતના વેચાણ માટે સૂચના**

સિક્યોરીટી ઈન્ટ્રેસ્ટ (એન્ફોર્સમેન્ટ) એક્ટ 2002ના નિયમ 8(6) અને નિયમ 9(1) મુજબ સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટ્રેસ્ટ એક્ટ 2002 હેઠળ સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-ઓક્શન વેચાણ સૂચના.

આ દ્વારા સામાન્ય જનતાને અને ખાસ કરીને કર્જદાર(રો) અને ગૅરંટર(રો)ને સૂચના આપવામાં આવે છે કે, નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકત કે જે **સમ્માન કૅપિટલ લિમિટેડ (આ પહેલા ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિ. તરીકે ઓળખાતી) [CIN : L65922DL2005PLC136029] ("સીક્યોર્ડ ક્રેડિટર")** પાસે ગીરવે મુકેલ છે જેનો **વાસ્તવિક કબજો** સીક્યોર્ડ ક્રેડિટરના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે તે **રૂ. 23,19,662/- (રૂપિયા ત્રેવીસ લાખ ઓગણીસ હજાર છસો બાસઠ પૂરાં)** ની વસૂલી માટે **25.10.2024** ના રોજ **સાંજના 04.00 થી 05.00 વાગ્યા** દરમિયાન **"જેમ છે" "જ્યાં છે", "જેમ છે જે છે"** અને જે પણ જ્યાં છે ધોરણે વેચવામાં આવશે, જે **ચેતન આઈ. પોંકીયા, ભાવિષા ચેતનકુમાર પોંકીયા અને ઈશ્વરલાલ આર. પોંકીયા ઉર્ફે ઈશ્વરભાઈ રણછોડભાઈ પોંકીયા** પાસેથી **લોન એકાઉન્ટ નં. HHLVAI00357867** માં બાકી નીકળતી મૂળ રકમ, એરીઅર્સ (જમા થયેલા લેટ ચાર્જિસ સહિત) તેમ જ **23.09.2024** સુધીનાં વ્યાજ સહિત લોન એગ્રીમેન્ટ અને અન્ય સંબંધિત લોન દસ્તાવેજ(જો)ની શરતો મુજબ **24.09.2024** થી અમલી બને તેમ લાગુ ભાવિ વ્યાજ ઉપરાંત કાનૂની ખર્ચ અને અન્ય ચાર્જિસ સહિત સીક્યોર્ડ ક્રેડિટર્સને ચૂકવવાના બાકી નીકળે છે.

સૂચિત પ્રોપર્ટીઓના ઓક્શન માટે અનામત કિંમત **રૂ. 20,70,000/- (રૂપિયા વીસ લાખ સીત્તેર હજાર પૂરાં)** છે. અને અર્નેસ્ટ મની ડિપોઝિટ **("ઈએમડી") રૂ. 2,07,000/- (રૂપિયા બે લાખ સાત હજાર પૂરાં)** એટલે અનામત મૂલ્ય **10 %** ના બરાબર રહેશે.

**સ્થાવર મિલકત્તનું વર્ણન**

**મિલકત જે રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ વલસાડ, સબ-ડિસ્ટ્રિક્ટ વાપી, તાલુકા મોજે બલિઠા ગામમાં બિન-ખેતીની જમીન જેનો રેવેન્યૂ સર્વે નં. 51/1 પૈકી 1 છે તેના પર સ્થિત છે, અને 12000 ચો. મીટર વિસ્તારના આરસીસી પ્રકારના હાઈ રાઈઝ ઘરો કે જે "રાજ રેસિડેન્સી" તરીકે ઓળખાય છે તેમાં બિલ્ડિંગ "ડી"માં ચોથા માળે આવેલ ફ્લેટ નં. ડી-401, જેનો વિસ્તાર 69.70 ચો. મીટર એટલે કે 750 ચો. ફીટ બિલ્ટ અપ એરિયા (1100 ચો. ફૂટ સુપર બિલ્ટ - અપ એરિયા) બરાબર છે, તેનો 10.00 ચો. મીટરનો અવિભાજિત હિસ્સો, જેની સીમાઓ નીચે મુજબ છે:**

**પૂર્વમાં : બિલ્ડિંગનો પૅસેજ પશ્ચિમમાં : ખુલ્લી જગ્યા**
**ઉત્તરમાં : ફ્લેટ નં. ડી-402 દક્ષિણમાં : ખુલ્લી જગ્યા**

વેચાણના વિસ્તૃત નિયમો અને શરતો માટે કૃપા કરી સીક્યોર્ડ ક્રેડિટર એટલે કે www.sammaancapital.com ની વેબસાઈટ પર આપેલી લિંક જુઓ; સંપર્ક નં. 0124 - 6910910, +91 7065451024; ઈ-મેઈલ આઈડી : auctionhelpline@sammaancapital.com બિડિંગ માટે www.auctionfocus.in પર લૉગ ઑન કરો.

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**સમ્માન કૅપિટલ લિમિટેડ**
**(આ પહેલા ઈન્ડિયાબુલ્સ હાઉસિંગ ફાઈનાન્સ લિ. તરીકે ઓળખાતી)**

**તારીખ : 30.09.2024**
**સ્થળ : વાપી**


# શ્રીકાકુલમમાં શિક્ષકની બેદરકારીથી દલિત વિદ્યાર્થીને ગંભીર ઈજા થતાં પગલાં લેવાની માગણી

વિશાખાપટ્ટનમ, તા.૭

બહુજન વેલ્ફેર એસોસિએશનના મહામંત્રી કે. વેંકટરમણે તેલુગુ શિક્ષક નગારી અરૂણકુમાર સામે તાત્કાલિક પગલાં લેવાની માગણી કરી છે. શ્રીકાકુલમ જિલ્લામાં પેઢી ભીમવરમ ખાતે આવેલી ઝેડ પી હાઈસ્કૂલમાં બનેલી એક ઘટનામાં એક દલિત વિદ્યાર્થી ચેનના કુમારને આંખમાં ગંભીર ઈજા થઈ હતી. એ ઘટના બદલ એ શિક્ષક સામે



પગલા લેવાનો અવાજ ઊઠી રહ્યો છે. વેંકટરમણે પત્રકારો સમક્ષ જણાવ્યું હતું કે દલિત વિદ્યાર્થીને શિક્ષકે સમયસર સારવારની વ્યવસ્થા કરાવી નહોતી અને ગંભીર બેદરકારી બતાવી હતી જેના કારણે વિદ્યાર્થીની હાલત વધુ બગડી જવા પામી હતી. સ્થાનિક સત્તાવાળાઓએ પણ કોઈ પગલાં લીધા નથી એ ઘણું નિરાશાજનક છે કેમ કે કલેક્ટર અને જિલ્લા શિક્ષણ અધિકારીએ પણ આ પરિસ્થિતિ અંગે કોઈ ધ્યાન આપ્યું નથી અને શિક્ષક સામે પગલાં લીધા નથી.

# જૌનપુરમાં બહુજન સમાજવાદી પાર્ટી સાથે છેડો ફાડીને સમાજવાદી પાર્ટીમાં જોડાતા બે ડઝન નેતાઓ અને કાર્યકરો

(એજન્સી) જૌનપુર, તા.૭

શનિવારે જૌનપુરમાં સમાજવાદી પાર્ટીના જિલ્લા ઘટકની માસિક નિયમિત બેઠક મળી હતી તેમાં દલિત સમાજના ૨૪ આગેવાનો અને કાર્યકરો બહુજન સમાજવાદી પાર્ટી છોડીને સમાજવાદી પાર્ટીમાં વિધિસર જોડાયા હતા. જિલ્લા સપા પ્રમુખ રાકેશ મૌર્યએ જણાવ્યું હતું કે દલિત કાર્યકરો ૨૦૨૭ માટેની ચૂંટણીઓ માટે એકદમ સજ થઈ રહ્યા છે. અમારી વિચારધારા સાથે શક્ય તેટલા વધુ લોકો જોડાય એવા અમારા પ્રયાસો છે. જિલ્લા સમાજવાદી પાર્ટીના નેતાઓ જિલ્લા પંચાયતના સભ્ય વિજયશંકર બરફી અને અન્ય નેતાઓએ દલિત કાર્યકરોને આવકાર આપ્યો હતો અને એમને સપાની ટોપી અને ખેસ પહેરાવ્યા હતા. બાબાસાહેબ વાહિનીના રાષ્ટ્રીય મંત્રી તરીકે



નિમણૂક બદલ વિજયશંકરનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. જિલ્લા પ્રમુખે જણાવ્યું હતું કે અત્યારે જૌનપુર જિલ્લામાં સમાજવાદી પાર્ટી સૌથી મોટો પક્ષ બનીને ઉભરી રહી છે અને રાજ્યમાં પણ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી રહી છે અને એ બધુ કાર્યકરોને આભારી છે.

# PCB પ્રમુખને આશા છે કે, ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમ પાકિસ્તાન આવશે

કરાચી, તા.૭

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈન્ડિયા પાકિસ્તાન જશે કે નહીં તેનો નિર્ણય હજુ સુધી થયો નથી પણ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના પ્રમુખ મોહસીન નકવીને આમાં કોઈ શંકા નથી કે ભારત સહિત બધી ટીમો ટુર્નામેન્ટ માટે પાકિસ્તાન આવશે. રાજકીય મુદ્દાઓના કારણે ભારત અને પાકિસ્તાન વચ્ચે ઘણા લાંબા સમયથી દ્વિપક્ષીય સિરીઝ રમાઈ રહી નથી. આવામાં આ બંને ટીમો મલ્ટિનેશન ટુર્નામેન્ટમાં જ એક બીજા સામે રમતી જોવા મળે છે. હવે પાકિસ્તાન પાસે ચેમ્પિયન્સ ટ્રોફીની યજમાની છે તો આના પર શંકા છે કે, ભારતીય ટીમ પાકિસ્તાન જશે કે નહીં. ગત વખતે પાકિસ્તાન પાસે એશિયા કપ ૨૦૨૩ની પણ યજમાની હતી પણ પાકિસ્તાન ન જવા અડગ ટીમ ઈન્ડિયાના પગલે આ ટુર્નામેન્ટ હાઈબ્રિડ મોડલના આધારે રમાઈ હતી. આ વખતે પણ ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન હાઈબ્રિડ મોડલના આધારે કરવામાં આવી શકે છે પણ પાકિસ્તાન આના માટે હજુ સુધી રાજી નથી. લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં પત્રકારો સાથે વાત કરતા નકવીએ સ્થાનિક મીડિયાને ચેમ્પિયન્સ ટ્રોફી માટે સ્ટેડિયમને તૈયાર કરવા માટે ચાલી રહેલા નવીનીકરણ કાર્યની જાણકારી આપી. આ દરમ્યાન પીસીબી પ્રમુખને ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતીય ટીમની ભાગીદારી વિશે સવાલ પૂછવામાં આવ્યો, જે સાત વર્ષ બાદ આઈસીસી કેલેન્ડરમાં પુનરાગમન કરી રહી છે. તેમણે કહ્યું કે, અમે તૈયાર છીએ. ચેમ્પિયન્સ ટ્રોફી માટે બધી ટીમો આવશે. તેમણે વધુમાં કહ્યું કે, ભારતીય ટીમ પર મને પૂરો વિશ્વાસ છે. હજુ સુધી એવી કોઈ વસ્તુ નથી જેના કારણે તેઓ આવવાનું કેન્સલ કરે. બધી ટીમો આવશે.


**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank

**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792**

**રજિ.ઓફિસ :** કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ-૪-એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વેચાણ લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો કોલમ (૪) મુજબ સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો **અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ** તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** આધારે નીચે જણાવ્યા મુજબ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)** (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : **www.idfcfirstbank.com** પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્રમ નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂ.૮૮૯૯૮૦.૪૯/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૦૯-માર્ચ-૨૦૨૨ | ૨૭૪૨૧૭૪૯ | પ્રસન્નાકુમાર અને સુષ્મા પી. | ભા. રૂ. ૭૯૯૧૭.૧૨/- | ભા. રૂ. ૭૯૯૧.૭૧/- | ૨૪-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૩-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૧૮-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૪:૦૦ સુધી | નામ : દિપેશ મુખરજી સંપર્ક નં.૯૫૮૩૯૫૬૩૦૫ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેનું ફલેટ નં.૩૦૫, બ્લોક નં.'ઈ', ત્રીજો માળ, ક્ષેત્રફળ ૫૦૮ ચો.ફૂટ (સુપર બિલ્ટ અપ એરિયા) સ્કીમ નામે 'ટંકર રેસીડિન્સી-૨' સ્થિત જમીન સર્વે નં.૧૦૫૨, ૧૦૫૨/૧, ૧૦૫૨/૨, ૧૦૫૨/૩, ૧૦૫૨/૪, ૧૦૫૫ અને ૧૧૨૨ મોજે/ગામ વટવાના ફાઈનલ પ્લોટ નં.(૩૧+૩૩/૧+૪૩)૨ ટીપીએસ નં.૮૭ (વટવા+ વિંઝોલ)ના સ્થિત અને ઊભેલ અત્રે મોજે/ગામ વટવા, સબ જિ. અમદાવાદ-૧૧ (અસલાલી) અને જિ. અમદાવાદ રાજ્ય ગુજરાત અને આ મુજબ ખૂંટ : પૂર્વ : લીફ્ટ, પશ્ચિમઃ માર્જિન, ઉત્તર : ફલેટ નં.૩૦૬ અને દક્ષિણ : માર્જિન | | | | | | | | | |
| 2 | ભા.રૂ.૧૭૭૭૫૭૧.૨૩/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૧૫-નવે-૨૦૧૯ | ૧૧૨૯૫૩૬૫ | લક્ષ્મી અમરીષકુમાર દવે, અમરીષકુમાર જે. દવે અને લક્ષ્મી ક્લોથિંગ એન્ડ જોબવર્ક | ભા. રૂ. ૨૩૮૧૪૦૦.૦૦/- | ભા. રૂ. ૨૩૮૧૪૦.૦૦/- | ૨૪-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૩-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૧૮-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૪:૦૦ સુધી | નામ : દિપેશ મુખરજી સંપર્ક નં.૯૫૮૩૯૫૬૩૦૫ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : સ્થાવર મિલકત બિલ્ડિંગ નં.૨૮૩ની, કુલ ક્ષેત્રફળ ૯૭-૫૪-૮૫ ચો.મી. (ક્ષેત્રફળ ૫૮-૫૨-૯૨ ચો.મી. ગ્રાઉન્ડર ફ્લોર, ક્ષેત્રફળ ૩૯-૧૦-૯૪ બીજો માળ) સ્થિત અત્રે સિટી સર્વે નં.૩૬૭ પૈકી મોજે : દરિયાપુર વોર્ડ-૧, તા. અમદાવાદ(સિટી), જિ. અમદાવાદ | | | | | | | | | |

ડિસ્ક્લેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

**સહી/- અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)**

**તારીખ : ૦૮.૧૦.૨૦૨૪**



**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank

**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) CIN : L65110TN2014PLC097792**

**રજિ.ઓફિસ :** કેઆરએમ ટાવર્સ, ૭મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-૬૦૦૦૩૧. ટેલિ. : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦/ફેક્સ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**પરિશિષ્ટ-૪-એ [જુઓ નિયમ -૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ] સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટિસ**

ધી સિક્યુરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટ્રેસ્ટ એક્ટ, ૨૦૦૨ને ધી સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૬) અને ૯(૧)ની જોગવાઈ સાથે વેચાણ લેતાં હેઠળ સ્થાવર મિલકતોના વેચાણની ઈ-હરાજી વેચાણ નોટિસ

અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે દેણદાર(રો) અને સહ-દેણદાર(રો)ને વિશેષ રૂપે નોટિસ આપવામાં આવે છે કે કોલમ (૩) મુજબની નીચે વર્ણન કરેલ સ્થાવર મિલકતો કોલમ (૪) મુજબ સિક્યોર્ડ લેણદારને ગિરવે/ચાર્જ કરેલ છે, કબજો અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતીના અધિકૃત અધિકારી દ્વારા લીધેલ છે જેનું **'જેમ છે તે છે', અને 'જે કાંઈ છે તે છે'** આધારે નીચે જણાવ્યા મુજબ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી) (૧) કોલમ મુજબના દેણદાર(રો)ને અને સહ-દેણદાર(રો)ની પાસેથી લેવાની થતી રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઈટ એટલે કે : **www.idfcfirstbank.com** પર આપેલી લિંકનો સંદર્ભ લો.

| ક્ર નં. | (i) ડિમાન્ડ નોટિસની રકમ | (ii) એગ્રીમેન્ટ આઈડી | (iii) દેણદાર(રો), સહ દેણદાર(રો) અને ગેરેન્ટરોના નામ | (v) અનામત કિંમત રકમ | (vi) ઈએમડી રકમ | (vii) હરાજીની તારીખ અને સમય | (viii) ઈએમડી હરાજીની તારીખ અને સમય | (ix) નિરીક્ષણની તારીખ અને સમય | (x) અધિકૃત અધિકારીના નામ અને સંપર્ક નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | ભા.રૂ.૧૫૭૧૯૪૦.૩૩/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૧૫-જાન્યુ-૨૦૨૦ | ૮૧૧૫૮૯૭, ૭૭૫૯૨૯૪ અને ૭૯૦૧૭૮૫ | મોઈદુલઅલી એમ.શેખ અને નજમા એમ. શેખ | ભા. રૂ. ૧૪૪૪૫૩૫.૩૭/- | ભા. રૂ. ૧૪૪૪૫૩.૫૩/- | ૨૪-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૩-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૧૮-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી બપોરે ૪:૦૦ સુધી | નામ : દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં.૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : તે તમામ ભાગ અને હિસ્સાઓ એમ.કે. મંઝિલ, હાથીખાના ૬ વોકલા પાસે, રાજકોટ, રાજકોટ, ગુજરાત-૩૬૦૦૦૧ | | | | | | | | | |
| 2 | ભા.રૂ.૯૧૦૮૪૨.૩૦/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૨૨-મે-૨૦૧૯ | ૧૪૦૯૨૧૬૨ | અનિલભાઈ શ્રીકૃષ્ણા ત્યાગી અને આરતી અનિલ ત્યાગી | ભા. રૂ. ૭૬૫૦૭૮.૨૧/- | ભા. રૂ. ૭૬૫૦૭.૮૨/- | ૨૪-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૩-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૧૮-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી બપોરે ૪:૦૦ સુધી | નામ : દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં.૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ ધરાવતા બ્લોક નં.એફ, ગુંડાસરા, હરસિદ્ધી પાર્ક, પ્લોટ નં.૧૯૮થી ૨૦૩, રાજકોટ, ગોંડલ, ગુજરાત-૩૬૦૩૧૧ | | | | | | | | | |
| 3 | ભા.રૂ.૫૫૧૮૬૫૦.૭૦/- ડિમાન્ડ નોટિસ તારીખ : ૦૯-મે-૨૦૨૨ | ૫૮૮૬૧૩૬ | મેસર્સ રોયલ ઈન્ડસ્ટ્રીઝ, વિપુલભાઈ એમ.ઠુમર અને હેતલ વિપુલભાઈ ઠુમર | ભા. રૂ. ૨૩૪૦૦૯૦.૦૦/- | ભા. રૂ. ૨૩૪૦૦૯.૦૦/- | ૨૪-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૧:૦૦થી બપોરે ૧:૦૦ | ૨૩-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી સાંજે ૫:૦૦ | ૧૮-ઓક્ટો-૨૦૨૪ સવારે ૧૦:૦૦થી બપોરે ૪:૦૦ સુધી | નામ : દિવ્યરાજસિંહ ઝાલા સંપર્ક નં.૯૨૭૪૨૦૭૯૦૯ નામ : ચિન્મય આચાર્ય સંપર્ક નં.૯૫૭૪૪૪૮૮૪૪ |
| (iv) મોર્ગેજ મિલકતનું સરનામું : મિલકત-૧ : મિલકતના તે તમામ ભાગ અને હિસ્સાઓ જેની ઓફિસ નં.૩૦૮, ત્રીજો માળ, બિલ્ટ અપ એરિયા ૨૯-૮૭ ચો.મી. કોસ્મો કોમ્પલેક્ષ સ્થિત અત્રે રાજકોટ રેવન્યુ સર્વે નં.૪૫૦/પી, સિટી સર્વે નં.૭૧૪/બી/પી સબ જિ. અને જિ. રાજકોટ, રાજ્ય : ગુજરાત-૩૬૦૦૦૩ (મિલકત સરનામું : ૩૦૮, કોસ્મો કોમ્પલેક્ષ, મહિલા કોલેજ ચોક પાસે, કાલાવાડ રોડ, રાજકોટ), જેની નીચે મુજબ ખૂંટ : ઉત્તર : ઓફિસ નં.૩૦૯, દક્ષિણ : ઓફિસ નં.૩૦૭, પૂર્વ : ખુલ્લી જગ્યા અને પશ્ચિમ : માર્જિન | | | | | | | | | |

ડિસ્ક્લેમર : મહેરબાની કરીને નોંધ લેવી કે સદર નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે આપેલ છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડને સ્થાવર મિલકત ખાતે જો કોઈ જંગમ મિલકત હોય તો તે વેચવાનો હક્ક નથી.

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)**

**તારીખ : ૦૮.૧૦.૨૦૨૪**

# ખાસ મોકલાયેલા વિમાનો મારફત લેબેનોન છોડી જતા ૯૦૦ જેટલા ઓસ્ટ્રેલિયન નાગરિકો

(એજન્સી) બૈરૂત, તા.૭

ઓસ્ટ્રેલિયાની સરકાર દ્વારા ગોઠવવામાં આવેલી વ્યવસ્થા અને ખાસ વિમાનો મારફત ૯૦૦ જેટલા ઓસ્ટ્રેલિયન નાગરિકો આજે લેબેનોન છોડી ગયા હતા તેમ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું. સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે સરકારે કરેલી વિમાનની ખાસ વ્યવસ્થાને કારણે ઓસ્ટ્રેલિયાના અહીંના કાયમી વસવાટી નાગરિકો અને એમના નજીકના સ્વજનો સહિત ૯૦૦૪ નાગરિકો ખાસ વિમાનો મારફત દેશ છોડી ગયા છે. ઓસ્ટ્રેલિયા જવા માટે બૈરૂતથી સાઈપ્રસ સુધીની બે ચાર્ટર ફ્લાઈટ નક્કી કરવામાં આવી હતી. જે કાન્તાશ અને કતાર એરવેઝના વિમાનો ચાર્ટર કરવામાં આવ્યા હતા જે સાઈપ્રસ સુધી જશે અને

**ન્યૂઝ GT પોઈન્ટ** લ્યો હવે ઓછી વસ્તી ધરાવનાર ઓસ્ટ્રેલિયાના ૩૭૫૦ લોકો એક મુસ્લિમ દેશ લેબેનોનમાં પૈસા કમાવવા આવેલા અને અત્યાચાર સુધી શાંતિથી રહેતા'તા એ તો ખબર પડી!



**દેશ છોડી જવા માટે વિદેશી બાબતોના વિભાગમાં ૩૭૫૦ ઓસ્ટ્રેલિયન નાગરિકોએ નોંધણી કરાવી**

ત્યાંથી સિડની સુધી ઓસ્ટ્રેલિયાના નાગરિકોને લઈ જશે. ૩૪૯ ઓસ્ટ્રેલિયન નાગરિકો સાથેની ફ્લાઈટ તો સોમવારે સવારે જ સાઈપ્રસ પહોંચી ગઈ હતી. જ્યારે બીજા ૩૭૫૦ જેટલા ઓસ્ટ્રેલિયન નાગરિકોએ લેબેનોન છોડી જવા માટે વિદેશ વિભાગમાં રજિસ્ટ્રેશન કરાવ્યું છે. બૈરૂતનું એરપોર્ટ ગમે ત્યારે બંધ થઈ જવાનો ડર હોવાથી ઓસ્ટ્રેલિયાની સરકાર ઘણા સમયથી તેના નાગરિકોને દેશ છોડી જવાનો આગ્રહ કરી રહી હતી. બુધવાર સુધીમાં લેબેનોનમાં ૧૫,૦૦૦ જેટલા ઓસ્ટ્રેલિયન નાગરિકો હતા. હજુ વધુ બે ફ્લાઈટ ભરીને ઓસ્ટ્રેલિયાના નાગરિકોને લઈ જવામાં આવશે.

# કરાચી એરપોર્ટ નજીક બ્લાસ્ટમાં બે ચીની નાગરિકોનાં મોત બલૂચ લિબરેશન આર્મીએ હુમલાની જવાબદારી સ્વીકારી

(એજન્સી) તા.૭

પાકિસ્તાનના કરાચી એરપોર્ટ નજીક રવિવારે રાત્રે એક મોટો હુમલો કરાયો. અહીં પોર્ટ કાસિમ ઈલેક્ટ્રિક પાવર કંપની (પ્રાઈવેટ) લિમિટેડના ચીનના કર્મચારીઓને લઈ જતા કાફલા પર હુમલો થતાં બે ચીની નાગરિકોના મૃત્યુથી હડકંપ મચી ગયો છે. આ સાથે અનેક પાકિસ્તાની નાગરિકો પણ ઘાયલ થયા હતા. ચીનના દૂતાવાસના નિવેદન અનુસાર પાકિસ્તાનમાં ચીની દૂતાવાસ અને કોન્સ્યુલેટ જનરલે હુમલાની સખત નિંદા કરી હતી અને બંને દેશોના નિર્દોષ પીડિતો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી અને ઘાયલો અને તેમના પરિવારો પ્રત્યે ભારે દુઃખ વ્યક્ત કર્યું હતું. બીજી બાજુ ચીન તરફથી આ મામલે તાત્કાલિક તપાસ અને કાર્યવાહીની માગ સાથે ગુનેગારોને સખત સજા તથા પાકિસ્તાનમાં ચીની નાગરિકો, સંસ્થાઓ અને પ્રોજેક્ટ્સની સુરક્ષા માટે તમામ



જરૂરી પગલાં લેવાની માગ કરવામાં આવી હતી. અહેવાલ અનુસાર આ બ્લાસ્ટમાં ૧૦ લોકો ઘાયલ થયા હતા. વિસ્ફોટ બાદ વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. લગભગ તો આખા શહેરના રહેવાસીઓએ વિસ્ફોટનો અવાજ સાંભળ્યો હતો. વિસ્ફોટ સ્થળની નજીકમાં રસ્તા પર ભીષણ આગના દૃશ્યો દેખાયા હતા. પાકિસ્તાની ભાગલાવાદી આતંકવાદી જૂથ બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA) મજીદ બ્રિગેડે આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી.

# પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના મુખ્યમંત્રી ભેદી રીતે ગાયબ, કેન્દ્રને દોષિત ગણાવતા ટેકેદારો

## CMના ભાઈ ફૈઝલ અમિને મીડિયાને જણાવ્યું કે, મને ગઈ રાતથી મારા ભાઈનો કોઈ સંપર્ક થયો નથી

(એજન્સી) ઈસ્લામાબાદ,તા.૭

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના મુખ્યમંત્રી અલી અમિન ગંડાપુર ગઈ રાતથી રહસ્ય રીતે ગુમ થઈ ગયા હોવાનું જાહેર થયું છે. રવિવારે પાકિસ્તાન સરકારના ગૃહમંત્રી મોહસિન નકવીએ ખુલાસો કર્યો હતો કે, અલી અમિનની કોઈપણ કેન્દ્રીય એજન્સીએ ધરપકડ કરી નથી એ નિવેદન પછી CMના ગુમ થવાનું રહસ્ય વધુ ઘેરૂં બન્યું છે. શનિવારે સાંજે CM અલ અમિન એમના સત્તાવાર નિવાસસ્થાન પહોંચ્યા પછી એમની સાથે કોઈ સંપર્ક થયો નથી. ઈસ્લામાબાદ ખાતે તહેરીકે ઈન્સાફ પાર્ટી દ્વારા યોજાયેલી એમના પ્રાંતથી ઈસ્લામાબાદ સુધી વિરોધ કુચની એમણે આગેવાની લીધા બાદ તેઓ આરામ કરવા CMના બંગલે કેપી હાઉસ ગયા હતા. એ પછી એમની સાથે સંપર્ક



નથી. ગૃહમંત્રી નકવીએ CM ક્યાં છે તેવી સરકારને ખબર ન હોવાનો ખુલાસો કર્યો હતો અને સાથે-સાથે કહ્યું કે, પોલીસ કે.પી. હાઉસ પહોંચે એ પહેલા તેવો ત્યાંથી નાસી ગયા હતા. જો કે હું ખાતરીપૂર્વક કહું છે કે, તેઓ કોઈપણ સરકારી કસ્ટડીમાં નથી. પણ પોલીસ એમને શોધી રહી છે તેઓ ક્યાંક છુપાઈ ગયા છે. CM કેપી હાઉસમાંથી નાસી રહ્યાની તસવીરો પણ મને મળી છે. ગૃહમંત્રીના વિધાનોથી રહસ્ય વધુ ઘેરૂં બન્યું છે. તો બીજી તરફ પ્રાંત સરકાર દ્વારા એમના મુખ્યમંત્રી અચાનક ગાયબ થવા બાબત પેશાવર હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. મુખ્યમંત્રીના ભાઈ ફૈઝલ અમિન ગંડાપુરે જણાવ્યું છે કે, ગઈ કાલ રાતથી મારા ભાઈ સાથે સંપર્ક થઈ શક્યો નથી. એમના પરિવારનો પણ મુખ્યમંત્રી સાથે સંપર્ક થયો નથી. પરિવારજનો આ માટે કેન્દ્રને જવાબદાર માની રહ્યા છે. ઈસ્લામાબાદ આવીને પીટીઆઈની વિરોધ રેલીમાં જોડાયેલા સેંકડો લોકો પાછા ગયા છે કે નહી તેની પણ જાણકારી નથી.

# PM Internship Scheme : દેશની ટોચની કંપનીઓમાં ઈન્ટર્નશિપ માટે અહીં અરજી કરો

**જાણો સમસ્યાના કિસ્સામાં તમે ક્યાં ફરિયાદ કરી શકો છો**

- કોણ અરજી કરી શકે છે
- આરક્ષણ વ્યવસ્થા અમલમાં રહેશે
- આ લાયકાત હોવી જોઈએ
- જે યોજનાની બહાર છે
- સરકારી યોજનાનો લાભ લેનારાઓ અરજી કરી શકશે નહીં

(એજન્સી) તા.૭

PM Internship Scheme: દેશની ટોચની કંપનીઓમાં ઈન્ટર્નશિપ માટે અહીં અરજી કરો, જાણો સમસ્યાના કિસ્સામાં તમે ક્યાં ફરિયાદ કરી શકો છો PM Internship Scheme: ૧૨ ઓક્ટોબરથી શરૂ થતી PM ઈન્ટર્નશિપ સ્કીમ હેઠળ ૨૧ થી ૨૪ વર્ષની વયના યુવાનો કે જેમણે ૧૦મું કે તેથી વધુ અભ્યાસ કર્યો છે તેઓ દેશની જાણીતી કંપનીઓમાં ઈન્ટર્નશિપ કરી શકશે. ૨૫મી ઓક્ટોબર સુધી અરજીઓ સ્વીકારવામાં આવશે. આ પછી, પસંદગીના ઉમેદવારોની ઈન્ટર્નશિપ ૨ ડિસેમ્બરથી શરૂ થશે. ઈન્ટર્નશીપ દરમિયાન ઊભી થતી કોઈપણ સમસ્યા કે ફરિયાદના નિરાકરણ માટે ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૧૬-૦૯૦ શરૂ કરવામાં આવ્યો છે. આમાં, કંપનીમાં વાતાવરણ અને ઈન્ટર્નશીપ દરમિયાન થતી કોઈપણ પ્રકારની ફરિયાદ અંગે કોઈપણ પ્રકારની ફરિયાદ કરી શકાય છે. કેન્દ્ર સરકાર દ્વારા આ ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવશે.-http://pminternship.mci.gov.in/

**કોણ અરજી કરી શકે છે**

૨૧થી ૨૪ વર્ષની વયના આવા ભારતીય યુવાનો કે જેઓ ક્યાંય પણ ફુલ ટાઈમ જોબ નથી કરતા તેઓ આ સ્કીમ હેઠળ અરજી કરી શકે છે. જો કે, જે યુવાનોના માતા-પિતા અથવા જીવનસાથી સરકારી નોકરીમાં છે અથવા જેઓ પૂર્ણ સમયના શિક્ષણ અભ્યાસક્રમોનો અભ્યાસ કરી રહ્યા છે તેઓ અરજી કરી શકશે નહીં. જો કે, ઓનલાઈન અથવા ડિસ્ટન્સ લર્નિંગ પ્રોગ્રામમાં નોંધાયેલા વિદ્યાર્થીઓ ઈન્ટર્નશિપ માટે અરજી કરી શકે છે. હાલમાં એવા યુવાનો આ એક વર્ષની ઈન્ટર્નશીપ સ્કીમમાં ભાગ લઈ શકશે નહીં જેમના માતા-પિતા અથવા જીવનસાથીમાંથી કોઈની વાર્ષિક આવક રૂા. ૮ લાખથી વધુ હોય. ઉપરાંત, જો પરિવારનો કોઈ સભ્ય કેન્દ્ર અથવા રાજ્ય સરકારનો કર્મચારી છે, તો તે પણ આ યોજના માટે પાત્ર રહેશે નહીં.

**આરક્ષણ વ્યવસ્થા અમલમાં રહેશે**

સામાન્ય બજેટમાં કેન્દ્ર સરકારે આગામી ૫ વર્ષમાં પ્રખ્યાત કંપનીઓમાં એક કરોડ યુવાનોને ઈન્ટર્નશીપ આપવાના ઉદ્દેશ્ય સાથે આ યોજના જાહેર કરી હતી. માહિતી અનુસાર, નાણાકીય વર્ષ



૨૦૨૫માં ૧,૨૫,૦૦૦ યુવાનોને ઈન્ટર્નશિપ આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ પાયલોટ સહિત સમગ્ર યોજનામાં કેન્દ્ર સરકારની આરક્ષણ નીતિ લાગુ પડશે. કેન્દ્ર સરકાર આ યોજના હેઠળ પસંદ કરાયેલા ઉમેદવારોને ૬,૦૦૦ રૂપિયાની એકમ રકમ આપશે.

**આ લાયકાત હોવી જોઈએ**

યોજના હેઠળ, જે યુવાનોએ હાઈસ્કૂલ અને તેથી વધુ અભ્યાસ કર્યો છે અને ITI પ્રમાણપત્ર, પોલિટેકનિક સંસ્થામાંથી ડિપ્લોમા ધરાવે છે અથવા BA, B.Sc., B.Com, BCA, BBA, B. ફાર્મા જેવા અભ્યાસક્રમોનો અભ્યાસ કર્યો છે તેઓ અરજી કરી શકશે. હાલમાં, કોલ સેન્ટર દ્વારા, આઠમું પાસ લોકોએ પણ તેમની ઈચ્છા વ્યક્ત કરી છે. હાલમાં સરકારે આવા લોકો અંગે યોજનામાં કોઈ જોગવાઈ કરી નથી, પરંતુ માનવામાં આવે છે કે નજીકના ભવિષ્યમાં આ અંગે નિર્ણય લેવામાં આવી શકે છે.

**જે યોજનાની બહાર છે**

આઈઆઈટી, આઈઆઈએમ, નેશનલ લો યુનિવર્સિટી, આઈઆઈએસઈઆર, એનઆઈડી અને ટ્રિપલ આઈટી જેવી સંસ્થાઓમાંથી ડિગ્રી મેળવનાર યુવાનો ઈન્ટર્નશિપ માટે અરજી કરી શકશે નહીં. આ સિવાય જેમની પાસે CA, CMA, CA, MBBS, BDS, MBA અથવા અન્ય કોઈ પ્રોફેશનલ માસ્ટર્સ ડિગ્રી કે તેથી વધુ છે તેઓ અરજી કરી શકશે નહીં.

**સરકારી યોજનાનો લાભ લેનારાઓ અરજી કરી શકશે નહીં**

જેઓ કેન્દ્ર અથવા રાજ્ય સરકારની યોજનાઓ હેઠળ કોઈપણ કૌશલ્ય એપ્રેન્ટિસશિપ, ઈન્ટર્નશિપ અથવા વિદ્યાર્થી તાલીમ કાર્યક્રમનો ભાગ છે તેઓ આ યોજના માટે પાત્ર રહેશે નહીં. જેઓએ એપ્રેન્ટિસશીપ પૂર્ણ કરી છે અથવા રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ તાલીમ કાર્યક્રમ અથવા રાષ્ટ્રીય એપ્રેન્ટિસશીપ પ્રમોશન યોજના હેઠળ કોઈપણ સમયે તાલીમ લઈ રહ્યા છે તેઓ પણ અરજી કરી શકશે નહીં.

# યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મહાકુંભ મેળા પાસે શરાબ અને મટન વેચાણ પર પ્રતિબંધ જાહેર કર્યો

(એજન્સી) લખનૌ, તા.૭

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે જાહેર કર્યું છે કે, પ્રયાગરાજમાં મહાકુંભ મેળાની આસપાસના વિસ્તારોમાં દારૂ અને મટનના વેચાણ તથા ઉપયોગ પર સખ્ત રીતે પ્રતિબંધ મૂકવામાં આવશે. કુંભ મેળાના ૧૩ અખાડા સહિત વિવિધ ધાર્મિક સંગઠનોના પ્રતિનિધિઓ સાથે CM યોગીની બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સનાતન સમાજની ધાર્મિક લાગણીઓને



ધ્યાનમાં રાખીને અને એમના સન્માન માટે પ્રતિબંધ મુકવાનું કાર્ય મહત્ત્વપૂર્ણ છે. નદીઓને શુદ્ધ કરવા અને સાફ-સફાઈ કરવા પ્રયત્નો થઈ રહ્યા છે જેમા સાધુ-સંત સમાજનો સહયોગ મળશે એવી અપેક્ષા છે. યોગીએ ઉમેર્યું કે, મહાકુંભ દરમિયાન મોક્ષ મેળવવા સમાધી લેવા માગતા સાધુઓ માટે પ્રયાગરાજમાં જમીન ફાળવવામાં આવશે. તેમણે અખાડાના વડાઓ અને ધર્મગુરૂઓને એમના આશ્રમમાં પુરી ચકાસણી અને તપાસ કરાયેલી વ્યક્તિઓ જ રોકાય એ જોવા અનુરોધ કર્યો હતો.

# બૈરૂતમાં વિસ્ફોટક પેજર મોસાદની દેખરેખ સાથે ઈઝરાયેલમાં એસેમ્બલ કરવામાં આવ્યા હતા પરંતુ તે સપ્લાય કરનાર તાઈવાનની કંપની આ યોજના વિશે અજાણ હતી

(એજન્સી) તા.૭

બૈરૂતમાં અજ્ઞાત સ્થળે વિસ્ફોટ થયેલા પેજરના અવશેષો ઈઝરાયેલે હિઝબોલ્લાના ઓપરેટિવ્સને તેમના પેજર પર વિસ્ફોટ કરતા પહેલા બંને હાથનો ઉપયોગ કરવા માટે મજબૂર કર્યા હતા અને તેઓને મહત્તમ નુકસાન અને ઈજાઓ થાય તે માટેની યોજના ઘડી હતી. આ વિસ્ફોટમાં આ લડવૈયાઓ તેમના બંને હાથ ગુમાવી શકે તેવી રીતે આ ઓપરેશન કરવામાં આવ્યું હતું, જેના કારણે તેઓ લડવામાં અસમર્થ થઈ જાય. આ પેજર ઈઝરાયેલમાં બનાવવામાં આવ્યા હતા અને આ સમગ્ર યોજના ઈઝરાયેલની જાસૂસી એજન્સી મોસાદ દ્વારા બનાવવામાં આવી હતી. ધ વોશિંગ્ટન પોસ્ટે ગયા મહિને લેબેનોનમાં હિઝબુલ્લાહના ઓપરેટિવ્સ દ્વારા ઉપયોગમાં લેવાતા પેજર અને વોકી-ટોકી વિસ્ફોટોની વિગતોનો અભ્યાસ કરતા એક લેખમાં અહેવાલ આપ્યો હતો અને તેમાં ઈઝરાયેલ, આરબ અને અમેરિકન સુરક્ષા અધિકારીઓ, રાજકારણીઓ અને રાજદ્વારીઓ તેમજ હિઝબુલ્લાહની નજીકના સ્ત્રોતોના હવાલા સાથે જણાવ્યું હતું કે હિઝબુલ્લાહના હજારો ઓપરેટિવ્સને એક સંદેશ મળ્યો હતો કે તેઓને એક એક્રિપ્ટેડ સંદેશ મોકલવામાં આવ્યો છે જેના માટે તેઓએ બે બટન દબાવવાની જરૂર પડશે. અને આવું કરવાથી તેમને આ બે બટનો દબાવવા માટે બંને હાથનો ઉપયોગ કરવાની ફરજ પડી હતી, અને તેના પરિણામે તેઓને મહત્તમ ઈજાઓ થઈ હતી અને અનેક લડવૈયાઓના મૃત્યુ થયા હતા. આ યોજનાને ૧૨ સપ્ટેમ્બરે વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુની



કેબિનેટે મંજૂરી આપી હતી. આ પેજર અને વોકી-ટોકીમાં આ વિસ્ફોટકો એવી રીતે છુપાવવામાં આવ્યા હતા કે તે ઉપકરણને અલગ કરીને અથવા તો એક્સ-રે કરાવવાથી પણ હિઝબુલ્લાહના સભ્યોને આ જોખમ વિશે જાણ થઈ ન હોત. રસપ્રદ વાત એ છે કે, તાઈવાનની એક કંપનીમાં કામ કરતી એક મહિલાએ સૌથી પહેલા આ મોટી બેટરીવાળા AR૯૨૪ પેજર્સ ખરીદવા માટે હિઝબોલ્લાહના ઓપરેટિવ્સને વેચાણ શરૂ કર્યું હતું. જો કે તે ઈઝરાયેલના આ કાવતરાથી અજાણ હતી. આ મહિલાની ઓળખ અને રાષ્ટ્રીયતા જાહેર કરવામાં આવી નથી. ઈઝરાયેલી અધિકારીએ આ ઓપરેશન વિશે માહિતી આપી હતી અને કહ્યું હતું કે, તેણીએ પોતાની કંપનીની સ્થાપના કરી હતી અને એપોલો બ્રાન્ડ ધરાવતા પેજર વેચવાનું લાઈસન્સ મેળવ્યું હતું. તે હિઝબુલ્લાહના સંપર્કમાં હતી, અને તેણીએ તેઓને સમજાવ્યું કે શા માટે મોટી બેટરી સાથેનું આ મોટું પેજર તેના મૂળ મોડલ કરતાં વધુ સારૂં અને યોગ્ય છે. તેણીને એ ખબર ન હતી કે આ ઉપકરણનું ઉત્પાદન આઉટસોર્સ કરવામાં આવ્યું હતું. આ અહેવાલમાં કહ્યું છે કે મોસાદ ૨૦૧૫માં બૂબી-વોકી-ટોકીને ટ્રેક કરવામાં સફળ થયું હતું. તેમાં છુપાયેલા વિસ્ફોટક ઉપરાંત, વોકી-ટોકીમાં એક ટ્રાન્સમિશન સિસ્ટમ પણ હતી જેના કારણે ઈઝરાયેલ હિઝબુલ્લાહના સંદેશાવ્યવહારની સંપૂર્ણ ઍક્સેસ મેળવી શક્યું હતું. ઈઝરાયેલના અધિકારીઓ નવ વર્ષ સુધી હિઝબુલ્લાહની વાત સાંભળી રહ્યા હતા, અને તેઓએ ભવિષ્યની કટોકટીમાં વોકી-ટોકીને બોમ્બમાં ફેરવવાનો વિકલ્પ અનામત રાખ્યો હતો. ઈઝરાયેલમાં બનેલા આ પેજરને તાઈવાન લઈ જવામાં આવ્યા હતા, જ્યાંથી તે હંગેરી મોકલવામાં આવ્યા હતા.

# મલપ્પુરમના એરપોર્ટમાંથી સોનાની દાણચોરી કરવામાં આવે છે એવી કેરળના મુખ્યમંત્રીની ટિપ્પણી સંઘ પરિવારને ખુશ કરવા માટે છે : કોંગ્રેસ

## મલપ્પુરમ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દ્વારા સોનાની દાણચોરી

(એજન્સી) તા.૭

વિપક્ષ કોંગ્રેસે મલપ્પુરમ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ દ્વારા સોનાની દાણચોરી અંગેના તેમના તાજેતરના નિવેદનો પર કેરળના મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયન સામે તેના હુમલાને વધુ તીવ્ર બનાવ્યો અને આરોપ લગાવ્યો કે તેમની ટિપ્પણી નવી દિલ્હીમાં સંઘ પરિવારના નેતાઓને ખુશ કરવા માટે છે. ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટીએ જાણવા માંગ્યું કે કઈ માહિતીના આધારે મુખ્યમંત્રીએ આવો ઘટસ્ફોટ કર્યો છે. તેણે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, જો સોનાની દાણચોરી દ્વારા રાષ્ટ્રવિરોધી પ્રવૃતિઓ માટે નાણાં મળ્યા હોય તો રાજ્ય સરકાર અને પોલીસે આરોપીઓ સામે શું પગલાં લીધાં છે તે જણાવવાની મુખ્યમંત્રીની ફરજ છે. વિપક્ષના નેતા વી.ડી. સતીસને, સીએમ વિજયન પર આકરા પ્રહારો કર્યા, આરોપ લગાવ્યો કે નવી દિલ્હીમાં એક રાષ્ટ્રીય મીડિયા આઉટલેટમાં તેમના નિવેદનો વિધાનસભા અને અન્યત્ર કરવામાં આવેલા તેમના અગાઉના દાવાઓનો વિરોધાભાસ કરે છે. તેમણે કહ્યું કે,"મુખ્યમંત્રીની ટિપ્પણી કે સોનાની દાણચોરી દ્વારા મલપ્પુરમ પહોંચેલા નાણાંનો ઉપયોગ રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ માટે થાય છે તે નવી દિલ્હીમાં સંઘ પરિવારના નેતાઓને ખુશ કરવા માટે



છે,". સતીસને કહ્યું, જો સીએમના નિવેદનો સાચા હોવાનું કહેવાય છે, તો તે એક ગંભીર મુદ્દો છે, અને પૂછ્યું કે સરકારે અત્યાર સુધી આ કેમ છુપાવ્યું ? વિપક્ષી નેતાએ વધુ આરોપ લગાવ્યો કે વિપક્ષે સંઘ પરિવાર સાથે CM અને CPI(M)ના "અપવિત્ર સંબંધો"ને ઉજાગર કર્યા પછી CMનો ખુલાસો આવ્યો. તેથી, વિજયનના નિવેદનને આ અંગેની તેમની શરમને ઢાંકવાના પ્રયાસ તરીકે જ જોઈ શકાય છે. સતીસને જણાવ્યું હતું કે,જો ઘટસ્ફોટ સાચો હતો, તો તે સીએમની આગેવાની હેઠળના ગૃહ વિભાગની નિષ્ફળતા સ્વીકારવા સમાન છે. એલઓપીની ટિપ્પણી વિજયનના એક અંગ્રેજી દૈનિક સાથેના તાજેતરના ઈન્ટરવ્યુ પછી આવી હતી જેમાં તેમણે કહ્યું હતું કે મલપ્પુરમ જિલ્લાના કારીપુર ઈન્ટરનેશનલ એરપોર્ટ દ્વારા સોનાની દાણચોરી અને હવાલા વ્યવહારોમાંથી નાણાંનો ઉપયોગ "રાજ્ય વિરોધી" અને "રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ" માટે કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ અને તેના સાથી, ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ (IUML) એ વિજયન પર તેમની ટિપ્પણી પર આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યું હતું કે મલપ્પુરમના લોકોને નીલામ્બુરના ધારાસભ્ય પી.વી. અનવર સાથે તેમના સ્કોર્સ સેટ કરવા માટે લક્ષ્ય બનાવવામાં આવી રહ્યા છે. નિલામ્બુર મતવિસ્તાર મલપ્પુરમ જિલ્લામાં છે. અનવર, જેમને અગાઉ ડાબેરી ગઠબંધન દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું, તે છેલ્લા કેટલાક અઠવાડિયાથી સત્તાધારી સીપીઆઈ(એમ) અને વિજયન સાથે વિવિધ મુદ્દાઓ પર લડી રહ્યો છે, જેના કારણે સામ્યવાદી પક્ષે તેની સાથેના સંબંધો તોડી નાખ્યા છે. નિલામ્બુરના ધારાસભ્ય એડીજીપી (કાયદો અને વ્યવસ્થા), એમઆર અજિથકુમાર અને અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પર વિદેશથી ગેરકાયદેસર રીતે લાવવામાં આવેલ સોનું જપ્ત કરતી વખતે યોગ્ય પ્રક્રિયાનું પાલન ન કરવાનો આરોપ લગાવી રહ્યા છે.

ધ્રાંગધ્રા-માલવણ હાઈવે પર આવેલ

# પીપળી ગામ નજીકથી તેલ ચોરીનું કૌભાંડ ઝડપાયું : રૂા. ૧.૫૭ કરોડનો મુદ્દામાલ જપ્ત

## સી.આઈ.ડી. ક્રાઈમે દરોડો પાડી તેલ ચોરી નેટવર્કનો પર્દાફાશ કર્યો



સુરેન્દ્રનગર, તા.૭

સુરેન્દ્રનગર જિલ્લાના હાઈવે ઉપર આવેલી હોટલોમાં કેમિકલ ચોરી અને કીમતી પદાર્થોની ચોરી થતા હોવાની ફરિયાદો સતત મળતી હોય છે ત્યારે જિલ્લામાં વધુ એક હાઈવે ઉપર આવેલી હોટલોમાં ગેરકાયદેસર પ્રવૃતિઓ થતી હોવાનું સામે આવ્યું છે જિલ્લાના ધાંગધ્રા માલવણ હાઈવે ઉપર આવેલા પીપળી ગામ નજીક આવેલી રામદેવ હોટલ પાસે તેલ ચોરીનું નેટવર્ક ઝડપાયું છે સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચ દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે.

ગાંધીનગર સીઆઈડી ક્રાઈમ બ્રાન્ચના પી.એસ.આઈ એસી ઈસરાનીને બાતમી મળી હતી કે ધાંગધ્રા માલવણ હાઈવે ઉપર આવેલા રામદેવ હોટલ પાછળના ભાગે આવેલા પતરાના શેડમાં ખુલ્લી પાર્કિંગ વાળી જગ્યા અને અન્ય સ્થળો ઉપર બહારના રાજયમાંથી તેમજ સુરેન્દ્રનગર ઉપરાંત અન્ય જિલ્લાઓમાંથી ખાદ્ય તેલ ભરેલ ટેન્કર પસાર થતી હોય તેની ચોરી કરવામાં આવી રહી છે અને પીપળાવો ભરી કરોડો રૂપિયાની કાળી કમાણી કરવામાં આવે છે જ બાતમીના આધારે દરોડા પાડવામાં આવ્યા છે.

આજ સંદર્ભે રામદેવ હોટલની પાછળના ભાગે પતરાના શેડમાંથી તેલ એરંડિયું દિવેલ સોયાબીન કાચું પામોલીન તેલ જેવા અલગ અલગ પ્રકારના તેલ ભરેલા ટેક્રરો મળી આવ્યા છે આ ટેક્રરોના માલિકો દ્વારા આર્થિક ફાયદા માટે ટેક્રરોમાંથી તેલ કાઢી અને વેચાણ કરવામાં આવતા હોવાનો પર્દાફાશ થયો છે આ સમગ્ર રેકેટ છેલ્લા ઘણા સમયથી ચાલતા હોવાનું બહાર આવ્યું છે જિલ્લાની પોલીસ સુતી રહી અને સી.આઈ.ડી ક્રાઈમ બ્રાન્ચે દરોડા પાડી કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગત મુજબ રાજસ્થાન મોરબી ગાંધીધામ પાટડી રાજકોટ મોરબી સહિતના ગામોમાંથી તેલની ફેક્ટરીઓમાંથી અન્ય રાજયમાં તેલ મોકલવામાં આવતુ હતુ. આ સંદર્ભે અલગ અલગ પ્રકારના નાના મોટા વાહનો જપ્ત કરવામાં આવ્યા છે પ્રથમ તબક્કામાં ૧૪ જેટલા લોકો સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

સ્વચ્છતા, પર્યાવરણ, શિક્ષણ, વૃક્ષારોપણ સહિતના કાર્યો અંગે જાગૃતતા ફેલાવવા નીકળેલી

# સાબરકાંઠામાં વિશ્વશાંતિ પદયાત્રીઓની ટીમ પહોંચતા કલેક્ટર દ્વારા સ્વાગત



(તસવીર : ઈશહાક શેઠ, હિંમતનગર)

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા જિલ્લામાં વિશ્વશાંતિ પદયાત્રીઓની ટીમ પહોંચતા જિલ્લા કલેક્ટર ડો. રતન કંવર ગઢવીચારણ દ્વારા આ ટીમના સભ્યોનું સ્વાગત સન્માન કરાયું હતું. સરકાર દ્વારા ચલાવવામાં આવતા અભિયાન સ્વચ્છતા હી સેવા, માર્ગ સલામતી, પર્યાવરણ બચાવો, બેટી બચાવો, બેટી પઢાઓ, પાણી બચાવો અને વૃક્ષારોપણનો સંદેશો લઈને ભારતના વિવિધ રાજ્યોમાંથી ૨૦ લોકોની ટીમ પગપાળા સાબરકાંઠા પહોંચી હતી. આ ટીમ સાબરકાંઠાના હિંમતનગરની શાળાઓના વિદ્યાર્થીઓને તેમનો સંદેશો અસરકારક રીતે ફેલાવવા માટે જોડાયા હતા. આ ઉમદા હેતુમાં દિલથી સહકાર આપવા બદલ જિલ્લા વહીવટી તંત્રાનો આભાર માન્યો હતો. આ યાત્રા અવધ બિહારી લાલ દ્વારા ડેન્જરસ એડવેન્ચર્સ એન્ડ વેડ નેજા હેઠળ યોજવામાં આવી છે. જે પગપાળા પ્રવાસ દ્વારા વિશ્વની સૌથી લાંબી સ્પોર્ટ ટુર કરી રહી છે. અત્યાર સુધીમાં આ ટીમ દ્વારા ૧૧ દેશોમાં ૪.૪૬ લાખ કિલોમીટરનું અંતર કાપવામાં આવ્યું છે. તેઓએ આ પગપાળા પ્રવાસ દરમિયાન ૧૪ કરોડ ૫૦ લાખ રોપાઓ વાવ્યા છે. હાલમાં જીતેન્દ્ર પ્રતાપ, મહેન્દ્ર પ્રતાપ અને ગોવિંદા નંદ તેમની ટીમ સાથે સાબરકાંઠા પહોંચ્યા છે. આ ટીમમાં ૨૦ સભ્યો છે જેમણે ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશ પૂર્ણ કર્યા પછી ગુજરાતમાં પહોંચી છે. બાળકો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને લોકોમાં અસરકારક રીતે સંદેશ ફેલાવવા શાળાઓ અને જાહેર સ્થળોએ કાર્યક્રમો કરી રહ્યા છે. સાથે લોકોને માર્ગ સલામતીના નિયમોનું પાલન કરવા અને વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવાની વિનંતી કરી પાંચ રોપાઓ વાવવાનો સંદેશ આપી રહ્યા છે.

અમરેલીમાં આપની મહિલા વિંગ દ્વારા

# રાજયમાં વધતા જતા દુષ્કર્મના બનાવોને પગલે ગૃહમંત્રીના રાજીનામાની માંગ : કલેક્ટરને આવેદન

અમરેલી, તા.૭

ગુજરાતમાં મહિલાઓ ઉપરના વધતાં જતાં અત્યાચારોને રોકવા માટે પગલાં લેવા તેમજ આ બાબતે ગૃહમંત્રીને પદભ્રષ્ટ કરવા આજે આમ આદમી પાર્ટીના મહિલા વિંગના પ્રદેશના મહિલા નેતાઓ અને મોટી સંખ્યામાં મહિલા કાર્યકર્તાઓ દ્વારા ગુજરાતના તમામ જિલ્લાઓમાં કલેકટરના માધ્યમથી મુખ્યમંત્રીને આવેદનપત્ર સોંપાયું. આ આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું હતું કે, ગુજરાતની ભાજપ સરકાર નાગરિકોની સુરક્ષાને લઈને મિથ્યા-અહંકાર કરતી જોવા મળે છે અને પોતાની જાતને ભરોસાની સરકાર કહેવડાવે છે પણ આ જ ભાજપ સરકારના (કુ)શાસનમાં મહિલાઓ પ્રત્યેના અપરાધમાં સતત વધારો થતો જાય છે. વર્તમાન ગૃહમંત્રીના (કુ)શાસનમાં તો અપરાધીઓ બેફામ બન્યા છે. છેલ્લા પંદર દિવસમાં જ બળાત્કારની છ ગંભીર ઘટનાઓ સામે આવી છે. દાહોદ, સુરેન્દ્રનગર, મહેસાણા અને હવે ભાયલી (વડોદરા)માં ૧૬ વર્ષની એક માસુમ દિકરી પર ગેંગરેપની ઘટના સામે આવી છે. આવી ઘટનાઓને કારણે ગુજરાતની દિકરીઓ-મહિલાઓ ખુબ જ ભય અને અસલામતીની લાગણી અનુભવી રહી છે ત્યારે ગૃહમંત્રીએ કાયદો અને વ્યવસ્થા સુધારવા ઉપર ધ્યાન આપવું જોઈએ, એને બદલે ગૃહમંત્રી ફાંકા-ફોજદારી, ફાલતું નિવેદનો અને રીલ બનાવવામાં વ્યસ્ત છે. આ પરિસ્થિતિમાં ગુજરાતની મહિલાઓએ શું કરવું ? આથી ગુજરાતના તમામ પરિવારો વતી અમારી એ માંગણી છે કે ગુજરાતની કાયદા-વ્યવસ્થાની સ્થિતિને તાત્કાલિક સુધારીને મહિલાઓને સુરક્ષાની બાંહેધરી આપવામાં આવે અને આવી કથળેલી કાયદા-વ્યવસ્થાની સ્થિતિ માટે જવાબદાર એવા ગૃહમંત્રીને પદભ્રષ્ટ કરવામાં આવે. આ તકે અમરેલી જિલ્લા મહિલા પ્રમુખ કવિતાબેન પરમાર તથા જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલિયા, જિલ્લા પદાધિકારી જેરામભાઈ સોહલિયા, અમરેલી તાલુકા પ્રમુખ જયદીપભાઈ પાંચાણી તથા અમરેલી તાલુકા SC wing પ્રમુખ નરેશભાઈ પરમાર, વગેરે હાજર રહ્યા હતા.

### રાજપીપળા : જિલ્લા કલેક્ટર, પોલીસવડા ગરબે ઘૂમ્યા

રાજપીપળા, તા.૭

રાજપીપળા નજીક જીતનગર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે પોલીસ ગ્રાઉન્ડ ઉપર પ્રથમ વખત આયોજિત ગરબા મહોત્સવમાં IAS અને IPS પણ પરિવાર સાથે ખેલૈયા બની ગરબે ઘૂમ્યા હતા. જિલ્લા કલેક્ટર અને જિલ્લાના પોલીસ વડા પણ પરંપરાગત પરિધાનમાં ગરબે ઘૂમ્યા હતા. ગરબા મહોત્સવના ચોથા દિવસે જિતનગર હેડ ક્વાર્ટર ખાતે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ઉપર મોટી સંખ્યામાં ગરબા પ્રેમી તેમજ રાજપીપળા સહિત આજુ બાજુના ગામના ખેલૈયાઓ મન ભરીને ગરબે ઘૂમ્યા હતા. આ પ્રસંગે પોલીસ વડા તેમજ ખાસ આમંત્રિત મહેમાન એવા જિલ્લા કલેક્ટર એસ.કે.મોદી પણ પરિવાર સાથે ખેલૈયા બની ગરબામાં જોડાયા હતા.

કાર્યક્રમ

# જામનગર : રંગુનવાલા હોસ્પિટલમાં ૧૦મીએ આંખનો વિના મૂલ્યે કેમ્પ

ગુરૂવાર તા.૧૦/૧૦/૨૦૨૪ સવારના ૯ વાગ્યે આંખનો વિના મૂલ્યે કેમ્પ રંગુનવાલા સાર્વજનિક ટ્રસ્ટ-જામનગર રણછોડદાસ બાપુ આશ્રમ-રાજકોટ તથા જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી-જામનગર,ના સહયોગથી રંગુનવાલા હોસ્પિટલમાં યોજવામાં આવેલ છે. આ કેમ્પમાં આંખના દર્દીઓને ચેક કરી યોગ્ય દવા-ટીપા આપવામાં આવશે અને મોતિયાના દર્દીઓને રણછોડદાસ આશ્રમ હોસ્પિટલ-રાજકોટ બસમાં લઈ જવામાં આવશે. ત્યાં રહેવાની અને જમવાની વ્યવસ્થા કરવામાં આવશે ત્યાં આંખનું ઓપરેશન ફેકો પદ્ધતિથી (ટાંકા વગર) કરી બસમાં પરત જામનગર મુકી જવામાં આવશે. આ તમામ પ્રકારની વ્યવસ્થા વિનામૂલ્યે કેમ્પ આયોજક તરફથી કરવામાં આવેલ છે.

# વડોદરામાં સગીરા પર ગેંગરેપ આચરનાર ત્રણ નરાધમો ૪૮ કલાકમાં ઝડપાયા : આરોપીઓનું મેડિકલ ટેસ્ટ કરાયું

## ધો. ૧૧ સાયન્સની વિદ્યાર્થિની તેના બોયફ્રેન્ડ સાથે ભાયલીથી થોડે દૂર સમિયાલા રોડ પર સૂમસામ જગ્યા પર રાત્રીના ૧૧ વાગ્યાના સુમારે બેઠી હતી તે દરમ્યાન તેણી પર ગેંગરેપ ગુજારાયો હતો

### પીડિતા કિશોરીની માતાએ ફોન કરતા નરાધમોએ ઉપાડ્યો

ભાયલી પાસેની અવાવરું જગ્યા પર બોયફ્રેન્ડ સાથે બેઠેલી વિદ્યાર્થિની પર સામૂહિક દુષ્કર્મ કરી ફરાર થઈ ગયેલા ત્રણ નરાધમોએ વિદ્યાર્થિનીનો મોબાઈલ પણ લૂંટ્યો હતો. આ મોબાઈલ રાત્રે ૧:૨૦ મિનિટ સુધી ચાલુ હતો અને તેનું લોકેશન અટલાદરા વિસ્તારમાં જાણવા મળ્યું હતું. પુત્રી મોડી રાત સુધી ઘેર નહીં આવતાં તેની માતા તેના મોબાઈલ પર સતત ફોન કરતી હતી. ત્યારે નરાધમોએ માતાનો ફોન ઉપાડ્યો હતો અને માત્ર પાંચ સેકન્ડ ચાલુ રહ્યા બાદ ફોન સ્વીચ ઑફ થઈ ગયો હતો.



વડોદરામાં થયેલ સામૂહિક દુષ્કર્મના બનાવમાં પોલીસે ત્રણેય આરોપીઓને ઝડપી પાડ્યા હતા જે તસવીરમાં દૃશ્યમાન થાય છે. (તસવીર : અતિક શેખ, વડોદરા)

### વડોદરા દુષ્કર્મના આરોપીઓને સ્ટ્રેચર પર હૉસ્પિટલ લઈ જવા પડ્યા

ભાયલી ગામની સીમમાં અવાવરું જગ્યાએ ધોરણ ૧૧ સાયન્સની વિદ્યાર્થિની અને તેના બોયફ્રેન્ડને બાનમાં લઈ પોલીસના નામે રૂઆબ છાંટી ત્રણ નરાધમોએ વિદ્યાર્થિની પર સામૂહિક દુષ્કર્મ આચર્યુ હતું. ભાયલી દુષ્કર્મ કેસના આરોપીઓને પકડવા માટે પોલીસે ભારે મહેનત કરી હતી. આરોપીને શોધવા માટે ૨૦૦થી વધુ પોલીસકર્મીઓ શોધખોળ અભિયાનમાં જોડાયા હતા. આ પોલીસ જવાનો તથા વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ૪૫ કિ.મી સુધીના ૧૧૦૦થી વધુ સીસીટીવી ચેક કરીને આ દુષ્કર્મ કેસના આરોપીઓને ઝડપી પાડ્યા છે. દુષ્કર્મની ઘટનામાં ત્રણ કિમી વિસ્તારના ૧ હજાર ઘરોમાં પોલીસે તલાશી લીધી હતી. દુષ્કર્મ કેસના આરોપી મુન્ના અબ્બાસ, આફતાબ સુબેદાર અને શાહરુખ વણઝારાની મેડિકલ તપાસ માટે પોલીસ તેમને વડોદરાની સયાજી હૉસ્પિટલમાં લઈ ગઈ હતી. આ દરમિયાન આરોપીને સ્ટ્રેચર પર લઈ જવામાં આવ્યા હતા. મેડિકલ તપાસ બાદ પોલીસે કડક પૂછપરછ હાથ ધરી છે. દુષ્કર્મ આચર્યા બાદ ક્યાં ફરાર થઈ ગયા, તેઓ એકબીજા સંપર્ક કેવી રીતે આવ્યા, આ ગુનામાં બીજું કોઈ સંડોવાયેલું છે કે કેમ, તે અંગેના તમામ પ્રશ્નોના જવાબ શોધવા માટે ક્રાઈમ બ્રાન્ચે કાર્યવાહી હાથ ધરી છે.

### આરોપીઓની કુંડળી

૧—મુન્ના અબ્બાસ વણઝારા (ઉં.૨૭) (રહે. એકતાનગર, કિસ્મત ચોકડી પાસે, કાળી તલાવડી, તાંદલજા) (મૂળ રહે. મહુવા, પાકડ, તા. ગૌરી, જિ. ગૌંડા, ઉત્તરપ્રદેશ) ૧૦ વર્ષ પહેલા કામધંધા અર્થે વડોદરા આવ્યો હતો. તે પીઓપીનું કામ કરે છે અને તેની સગર્ભા પત્ની જોડે તાંદલજામાં રહે છે. તેણે ગુનો કરવા માટે સસરાએ ભેંટ આપેલી બુલેટ બાઈકનો ઉપયોગ કર્યો છે. તે અન્ય આરોપી મુમતાજ ઉર્ફે આફતાબ સુબેદાર વણઝારાના ભાઈનો બનેવી થાય છે.

૨—મુમતાજ ઉર્ફે આફતાબ સુબેદાર વણઝારા (ઉં.૩૬) (રહે. એકતાનગર, કિસ્મત ચોકડી પાસે, કાળી તલાવડી, તાંદલજા) (મૂળ રહે. રામબાગ, બડાગાંવ, આલાપુર, આંબેડકર નગરસ ઉત્તરપ્રદેશ) ધો.૭ ભણેલો છે. તે ૧૪ વર્ષ પહેલા ઉત્તરપ્રદેશથી અહિંયા કામ કરવા માટે આવ્યો હતો. તે તાંદલજામાં ભાડાના મકાનમાં પોતાની પત્ની અને ત્રણ બાળકો સાથે રહે છે. તેનું સૌથી મોટું બાળક સાડા ચાર વર્ષનું છે. આરોપી વડોદરામાં પીઓપીનું કામ કરે છે. તે મુન્ના વણઝારાના ભાઈનો સાળો થતો હોવાથી એકબીજાના સંબંધી થાય છે. આરોપી એક્ટીવા મુકીને અન્ય આરોપીની બુલેટ પર બેસીને ગુનાને અંજામ આપવા પહોંચ્યો હતો. ૩—શાહરૂખ કિસ્મતઅલી વણઝારા (ઉં.૨૬) (રહે. અક્સા હાઈટ, તાંદલજા) (મુળ રહે. લોરપુર, શહેજાદપુર, અકબરપુર, ઉત્તરપ્રદેશ) ૧૪ વર્ષ પહેલા વડોદરા આવ્યો હતો. તે પોતાની પત્ની અને બે બાળકો સાથે તાંદલજામાં રહે છે. અને પીઓપી-કલરકામ મજુરી કરે છે. પકડાયેલા પૈકી મુમતાજ ઉર્ફે આફતાબ સુબેદાર વણઝારા સામે પત્નીને દહેજ માટે શારીરિક અને માનસિક ત્રાસ આપવા અંગે જે પી રોડ પોલીસ મથકમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. જઘન્ય અપરાધની તપાસમાં વડોદરા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા એસીપીના સુપરવિઝનમાં ૨ પીઆઈ, ૮ પીએસઆઈ અને ૫૫ કર્મીઓ મળીને કુલ ૬૫ પોલીસ અધિકારી તથા કર્મચારીઓએ એકબીજાના સંકલનમાં રહીને બે શિફ્ટમાં ગંભીર ગુનાને ઉકેલવા માટે પ્રયત્નો કર્યા હતા. ઘટના સ્થળથી ૪૫ કિમી સુધીના રૂટ પરના ૧,૧૦૦ જેટલા સીસીટીવી ફૂટેજીસની ચકાસણી કરી હતી. સાથે જ બનાવના સ્થળે સતવત તપાસ ચાલુ રાખી હતી. રાત્રીના અંધારામાં પકડી પાડેલો આરોપીના ભાગી જવાના પ્રયત્નો સફળ થાય તે માટે ક્રાઈમ બ્રાન્ચે કોઈ મોકો છોડ્યો નહતો.

### ક્રાઈમ બ્રાન્ચના ૬૫ કર્મીઓના ટીમ વર્કે સફળતા મેળવી

#### આરોપી મુન્ના વણઝારા વહેલી સવારે તેના ઘરેથી દબોચી લેવાયો અન્ય બે આફતાબ અને શાહરૂખને અલગ-અલગ સ્થળોએથી શોધી કાઢી કચેરીએ લવાયા

નવરાત્રીના બીજા નોરતે વડોદરા ગ્રામ્ય અંતર્ગત આવતા તાલુકા પોલીસ મથકમાં સગીરા પર ગેંગ રેપ મામલે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ઘટનાના ૪૮ કલાકમાં વડોદરા ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓને દબોચી લીધા છે. જેના અનુસંધાને વડોદરા ક્રાઈમ બ્રાન્ચની કચેરીએ વડોદરા શહેર પોલીસ કમિશનર, રેન્જ આઈજી તથા જિલ્લા પોલીસ વડાની હાજરીમાં પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. ફરિયાદ અનુસાર, ૪ ઓક્ટોબરના રોજ વડોદરાના ભાયલી કેનાલ રોડ પર આવેલી ખુલ્લી જગ્યામાં સગીરા તેના મિત્ર સાથે બેઠી હતી. દરમિયાન ત્યાં બે બાઈક પર પાંચ લોકો આવ્યા હતા. અને તેમની જોડે માથાકુટ ચાલુ કરી હતી. ઘટના બાદ અન્ય બાઈક સવારે જવા દે કહીને ત્યાંથી જતો રહ્યો હતો. દરમિયાન રાત્રે પોણા બાર વાગ્યાના આરસામાં ત્રણ પૈકી એક આરોપીએ સગીરાના મિત્રને પકડી રાખીને તેણીની સાથે દુર્વ્યવહાર શરૂ કર્યો હતો. બાદમાં સામુહિક ગેંગ રેપનું જઘન્ય કૃત્ય આચરવામાં આવ્યું હતું. બાદમાં આ અંગે કોઈને જાણ કરી તે જાનથી મારી નાંખવાની ધમકી આપીને આરોપીઓ સગીરાનો મોબાઈલ લઈને ફરાર થઈ ગયા હતા. મામલાની ગંભીરતાને ધ્યાને રાખીને વડોદરા ક્રાઈમ બ્રાન્ચ તપાસમાં જોડાઈ હતી. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા તબક્કાવાર રીતે સીસીટીવી ફૂટેજીસ, ટેક્નિકલ સોર્સ, અને હ્યુમન સોર્સના આધારિત તપાસ શરૂ કરી હતી. સાથે જ આ પ્રકારના ગુનાઓમાં સંડોવાયેલા અગાઉ પકડાયેલા આરોપીઓની ખાનગી રાહે તપાસ કરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ત્રણ આરોપીઓને ૪૮ કલાકમાં ઝડપી પાડવામાં આવ્યા છે. આ ગુનામાં સંડોવાયેલા પૈકી એક મુન્ના વણઝારા (રહે. તાંદલજા, એકતાનગર)ને વહેલી સવારના અંધારામાં તેના ઘરેથી દબોચી લેવામાં આવ્યો છે. આરોપીએ નાસી છુટવાના કરેલા પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. મુન્ના બંજારાની પ્રાથમિક પુછપરછમાં તેની જોડે આફતાબ બનજારા અને શાહરૂખ બનજારા (રહે. તાંદલજા, વડોદરા) હોવાનું તેણે કબુલ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચે બંનેને અલગ અલગ જગ્યાએથી શોધી કાઢીને કચેરીએ લાવી હતી. ત્રણેયની સઘન પૂછપરછમાં તમામે હકીકત જણાવી દીધી હતી. ત્રણેય આરોપીઓ મુળ ઉત્તરપ્રદેશના છે. ત્રણેય ભેગા મળીને ભાયલીના નિર્જન વિસ્તારમાં મિત્ર સાથે બેઠેલ સગીરા જોડે ગેંગ રેપ આચરીને મોબાઈલ ફોન ઝૂંટવીને નાસી ગયા હોવાનું જણાવ્યું હતું. તમામ સામે વડોદરા ક્રાઈમ બ્રાન્ચે કાયદેસરની કાર્યવાહી કરીને વધુ તપાસ માટે વડોદરા તાલુકા પોલીસ મથકને વધુ તપાસ માટે સોંપવામાં આવનાર છે.

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૭

વડોદરા શહેર નજીક આવેલા ભાયલી ગામની સીમમાં અવાવરા રોડ પર ધોરણ ૧૧ સાયન્સની વિદ્યાર્થિની અને તેના બોયફ્રેન્ડને બાનમાં લઈ પોલીસના નામે રૂઆબ છાંટી ત્રણ નરાધમોએ વિદ્યાર્થિની પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. ૪૮ કલાક બાદ ક્રાઈમ બ્રાન્ચે ત્રણઆરોપીઓને ઝડપી પાડ્યા છે. આ આરોપીઓ મૂળ ઉત્તરપ્રદેશના રહેવાસી છે. ભાયલી વિસ્તારમાં પોતાના બોયફ્રેન્ડ સાથે બેઠેલી ૧૬ વર્ષીય સગીરા ઉપર ગેંગ રેપ ગુજારનાર ત્રણ પરપ્રાંતીય આરોપીઓને ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે. તમામ આરોપીઓને પૂછપરછ માટે વડોદરા ક્રાઈમ બ્રાન્ચની કચેરી ખાતે લઈ જવામાં આવ્યા હતા. ત્યાંથી મેડિકલ માટે એસએસજી લઈ જવાયા હતા. વડોદરા જિલ્લાના ભાયલી વિસ્તારમાં રહેતી પરપ્રાંતીય ૧૬ વર્ષીય સગીરા તેના મિત્રને ગત પાંચ ઓક્ટોબરના રોજ લક્ષ્મીપુરા વિસ્તારમાં મળવા ગઈ હતી. ત્યારથી બંને જણા ફરવા માટે નીકળ્યા હતા અને ત્યારબાદ રાત્રિના ૧૧થી ૧૧:૩૦ વાગ્યાના અરસામાં ભાયલીથી થોડે આગળ સમિયાલા રોડ પર એક સુમસામ જગ્યા પર બંને જણા બેઠા બેઠા વાતો કરી રહ્યા હતા. તે દરમિયાન બે બાઈક પર પાંચ જેટલા શખ્સો તેમની પાસે ઘસી આવ્યા હતા. પહેલા બે શખ્સોએ સગીરા સાથે છેડતી કરી પરંતુ બોયફ્રેન્ડે તેમને પડકારતા તેઓ જતા રહ્યા હતા. ત્યારબાદ અન્ય બાઈક પર આવેલા ત્રણ શખ્સોએ યુવકને પકડી રાખ્યો હતો અને વારાફરતી ત્રણેય જણાએ સગીરા પર બેરહેમી પૂર્વક દુષ્કર્મ ગુજાર્યું હતું. ત્રણેયની હવસ સંતોષાઈ ગયા બાદ બંનેને ત્યાં જ છોડીને મોબાઈલ લઈને જતા રહ્યા હતા. મોડી રાતના યુવક સગીર તેને લઈને પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી. જેથી સમગ્ર જિલ્લા ક્રાઈમ બ્રાન્ચ, એસોજી, સ્થાનિક પોલીસ, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ અને સીટી ક્રાઈમ બ્રાન્ચની વિવિધ દસ જેટલી ટીમો નરાધમોને શોધવા માટે આકાશ પાતાળ એક કરી નાખ્યું હતું. બીજી તરફ ગૃહમંત્રી દ્વારા પણ આરોપીય સામે કડકાઈ પૂર્વક કાર્યવાહી કરી વહેલી તકે ઝડપી પાડવા અધિકારીઓને સૂચના અપાઈ હતી. જેથી પોલીસે પરપ્રાંતિય સગીરા પર બળાત્કાર ગુજારનાર ત્રણેય આરોપીઓને વડોદરા ક્રાઈમ બ્રાન્ચ ઝડપી પાડ્યા હતા. આરોપીને પૂછપરછ માટે ક્રાઈમ બ્રાન્ચની ભદ્ર કચેરી ખાતે આવેલી ઓફિસમાં લઈ જઈને પૂછપરછ શરૂ કરવામાં આવી હતી. ત્યાંથી મેડિકલ માટે એસ એસ જી હૉસ્પિટલ લઈ જવાયા હતા.

# સાબર ડેરીની ૬૦મી વાર્ષિક સામાન્ય સભા યોજાઈ



(તસવીર : એફ. કે. મનસુરી, હિંમતનગર)

હિંમતનગર, તા.૭

સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લાના લાખો પશુપાલક પરિવારો માટે આર્થિક અને સામાજિક સમૃદ્ધિની સર્જક સાબરડેરીની ૬૦મી વાર્ષિક સાધારણ સભા ગુજરાત કો-ઓપરેટીવ મીલ્ક માર્કેટીંગ ફેડરેશન તથા સાબરડેરીના ચેરમેન શામળભાઈ બી.પટેલના અધ્યક્ષ્ય સ્થાને યોજાઈ હતી જેમાં સાબરડેરીના વાઈસ ચેરમેન ઋતુરાજભાઈ પટેલ, પૂર્વ સાંસદ દિપસિંહજી રાઠોડ, નિયામક મંડળના તમામ સદસ્યો, સાબરડેરીના ભૂતપૂર્વ નિયામક મંડળના સભ્યો, સહકારી આગેવાનો તેમજ સાબરડેરીની સભાસદ દૂધ મંડળીઓના પ્રતિનિધિઆ ઉપસ્થિત રહ્યા હતા. દૂધ સંઘના મેનેજીંગ ડીરેક્ટર સુભાષભાઈ પટેલે ઉપસ્થિત દૂધ મંડળીઓના પ્રતિનિધિશ્રીઓનું શાબ્દીક સ્વાગત કરી દૂધ સંઘે વર્ષ દરમ્યાન કરેલ પ્રગતિ અને સિદ્ધિઓની છણાવટ કરી વિગતવાર માહિતી રજૂ કરી હતી સાથે-સાથે ચાલુ વર્ષમાં ૩૦/૦૯/૨૦૨૪ સુધીમાં થયેલ સાબરડેરીના ટર્નઓવર અને દુધ સંપાદન બાબતે સભાને અવગત કરાવી ત્રીજી ટર્મ માટે ચેરમેન તરીકે વરણી પામેલ શામળભાઈ બી.પટેલને અને વાઈસ ચેરમેન પદે આરૂઢ થયેલ ઋતુરાજભાઈ પટેલ બન્નેને અભિનંદન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ દ્વારા વાર્ષિક સાધારણ સભાની કામગીરીનું સંચાલન કરવામાં આવ્યું હતું. સભાને જણાવેલ કે અહેવાલના વર્ષ ૨૦૨૩-૨૪માં સરેરાશ પ્રતિ કિલોફેટ દૂધના ભાવ રૂા .૯૯૦ પ્રમાણે ચૂકવી આપ્યા છે જે અગાઉના વર્ષે સંઘ દ્વારા ચૂકવેલ સરેરાશ પ્રતિ કિલોફેટ દૂધના ભાવ રૂા. ૯૩૩ની સામે પ્રતિ કિલો ફેટે રૂા.૫૭/-વધુ ભાવો ચૂકવેલ છે. વધુમાં તેઓએ જણાવેલ કે, સાબરડેરી દ્વારા અહેવાલના નાણાંકીય વર્ષ દરમ્યાન દૂધ ઉત્પાદકોના આર્થિક વિકાસને લક્ષ્યમાં રાખી સતત આખુ વર્ષ રૂપિયા ૮૫૦નો દુધનો પોષણક્ષમ ભાવ દૂધ ઉત્પાદકોને ચૂકવ્યો છે તેમ છતાં વર્ષ આખરે સરેરાશ રિટેન્શન મની એટલે કે પાછળથી વધારાની રકમ પેટે ઐતિહાસીક રૂપિયા ૬૦૨ કરોડની માતબર રકમ સાબરડેરી દ્વારા સભાસદોને ચૂકવી આપ્યા છે જેને ઉપસ્થિત દૂધ મંડળીઓના પ્રતિનિધિઓએ વધાવી લીધી હતી. સભામાં વર્ષ ૨૦૨૩-૨૪માં સૌથી વધુ દૂધ સંપાદન કરનાર શ્રેષ્ઠ ૧૦ દૂધ મંડળીઓનું મોમેન્ટો અને પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યુ હતું જેમાં પ્રથમ ત્રણ ક્રમે ગાબટ, નાદરી અને રણેચી દૂધ મંડળીઓ હતી તેજ રીતે વર્ષ ૨૦૨૩-૨૪માં સૌથી વધુ દૂધ ભરાવનાર શ્રેષ્ઠ ૧૦ દૂધ ઉત્પાદકો જેમાં બાયડ તાલુકાના ૯ અને ઈડર તાલુકાના ૧ પ્રગતિશીલ દુધ ઉત્પાદકોનું સન્માન કરવામાં આવ્યુ હતું. સાધારણ સભા પ્રસંગે સાબરડેરીના પૂર્વ વાઈસ ચેરમેન જયંતિભાઈ પટેલે વાર્ષિક સાધારણ સભાના સમાપન પ્રસંગે આભાર વિધિ વ્યક્ત કરી હતી.

### વંથલીના વાડલા ગામે બે બંધ મકાનમાંથી રૂા.૪.૦૩ લાખની મતાની ચોરી

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૭

વંથલી તાલુકાના વાડલા ગામે તસ્કરોએ બે બંધ મકાનને નિશાન બનાવી રોકડ સહિત સોનાના દાગીના મળી કુલ ૪.૦૩ લાખની મતાની ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર વંથલી પોલીસ મથકે કાન્તી મૂળજીભાઈ વડારિયાએ આજાણ્યા ચોર શખ્સ વિરૂદ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે તા.૫-૧૦-૨૪ના સાંજના ૬ વાગ્યાથી તા.૬-૧૦-૨૪ના ૧૨ વાગ્યા દરમ્યાન અજાણ્યા ચોર ઈસમે ફરિયાદીના ઘરના તાળાં તોડી ફરિયાદીના ઘરના કબાટમા રાખેલ રોકડા રૂા.૧,૦૩,૦૦૦, એક સોનાનો જૂનવાણી ચેઈન કિ રૂા. આશરે ૯૦,૦૦૦, કાનમા પહેરવાની જૂનવાણી સોનાની બૂટ્ટી જોડી નંગ કિ રૂા.આશરે ૪૫,૦૦૦, કાનમા પહેરવાનું જૂનાવાણી સોનાનું ઠોરીયું નંગ ૧ કિ.રૂા. આશરે ૪૫;૦૦૦ મળી કુલ રૂા.૨.૦૩,૦૦૦ મતાની તથા સાહેદ બીપીનભાઈના ઘરના તાળાં તોડી રોકડા રૂા.૧,૨૦,૦૦૦ મળી કુલ કિ.રૂા.૪,૦૩,૦૦૦ની ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**મકાન વેચવાનું છે**

ભરૂચ શહેરનાં મુસ્લીમ એરિયામાં કુભાંરિયા ઢોળાવ વેજલપુર પોલીસ ચોકીની પાછળ બોરીંગ સાથે ત્રણ માળનું મકાન વેચવાનું છે.

કોન્ટેક : 98241 20665

**ગુજરાત રાજ્ય માર્ગ અને મકાન વિભાગ**

**જાહેર નિવિદા નં-૨ સને ૨૦૨૪-૨૫**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નાયબ કાર્યપાલક ઈજનેર, કેન્દ્રિય કોઠાર પેટા વિભાગ (મા.મ) ઓઢવ, અમદાવાદ, 382415 દ્વારા કાર્ટિંગ ઓફ એલ.ડી.ઓ/એફ.ઓ ફ્રોમ ગુજરાત રિફાઈનરી આસોઝ ટર્મિનલ કોયલી રિફાઈનરી વડોદરા ટુ ડ્રમ મિક્ષપ્લાન્ટ સાઈટ ચિલોડા જિ. ગાંધીનગર કામના અંદાજિત રકમ ૧,૬૯,૨૦૦/- માટે ઈ-૧ ફોર્મમાં રસ ધરાવતા અને અનુભવી ઠેકેદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. કોરા ભાવપત્રક કચેરીના કામકાજના સમય દરમિયાન તા.૦૮/૧૦/૨૦૨૪થી ૨૪/૧૦/૨૦૨૪ સુધી પોતાના લેટરપેડ પર અરજી સાથે પાન કાર્ડ, GST નંબર તથા બેંકનું વર્ષ ૨૦૨૪નું સોલવન્સી સર્ટિફિકેટ રૂા.૩૪,૦૦૦/-નિયમ અનુસાર તથા રૂા.૬૦૦/- કોરા ટેન્ડર મેળવતી વખતે રજૂ કરવાથી મેળવી શકાશે. કોઈ કે બધા ટેન્ડર અસ્વીકાર કરવાનો અબાધિત અધિકાર ખાતાનો રહેશે. આ કામની વિગતવાર નોટિસ બોર્ડ ઉપરાંત માહિતી ખાતાની વેબસાઈટ www.statetender.gujarat.gov.in દર્શાવેલ છે.

ક્રમાંક/સંમાનિ/અમદ/૯૪૦/૨૦૨૪

# જાતિની ગણનાનો સમાવેશ કરતી એવી જરૂરી વસ્તી ગણતરી કરવામાં નરેન્દ્ર મોદી શું કામ વિલંબ કરી રહ્યા છે ? : કોંગ્રેસનો સવાલ

## કોંગ્રેસ નેતા જયરામ રમેશ કહે છે, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારા ૨૦૧૩ હેઠળ ૧૦ કરોડ જેટલા ભારતીયોને હજુ સુધી કોઈ લાભ મળી રહ્યા નથી, આ યોજનાનું બીજું નામ પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના છે, પણ ગરીબ જ વંચિત

(એજન્સી) નવી દિલ્હી, તા.૭

જાતિની વસ્તીની ગણતરી જેમાં ખૂબ જ મહત્ત્વની છે એવી વસ્તી ગણતરી કરાવવામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી શું કામ વિલંબ કરી રહ્યા છે એવો કોંગ્રેસે તીખો સવાલ પૂછ્યો છે અને ભારપૂર્વક જણાવ્યું છે કે જાતિ જ્ઞાતિની ગણના થાય તો જ શિક્ષણ અને રોજગારીના ક્ષેત્રમાં હેતુપૂર્ણ સામાજિક તેમ જ આર્થિક અને રાજકીય ન્યાય પૂરેપૂરો આપી શકાય.

કોંગ્રેસના મહામંત્રી અને સંદેશા વ્યવહાર ઈન્ચાર્જ જયરામ રમેશ જણાવે છે કે શ્રીલંકા રાજકીય અને આર્થિક રીતે પરિવર્તનના માર્ગે છે અને આર્થિક અંધાધૂંધી ફેલાયેલી છે તેમ છતાં આવા માહોલમાં પણ શ્રીલંકાએ તેની વસ્તી અને આવાસોની ગણતરીનો સોમવારથી પ્રારંભ કરી દીધો છે ત્યાં ૨૦૧૨માં તો ગણતરી થઈ જ હતી છતાં આજે કરવામાં આવી રહી છે.

તેમણે પોસ્ટ કરીને પૂછ્યું હતું કે ભારતમાં શું થશે અને શું કરવાનું છે ? ૨૦૧૨માં છેલ્લે દસ વર્ષીય વસ્તી ગણતરી પૂરી કરવામાં આવી હતી પણ હવે ક્યારે થશે તેના કોઈ સંકેત મળી રહ્યા નથી. બીજી તરફ રાજકીય પરિવર્તન અને આર્થિક અરાજકતા વચ્ચે પણ શ્રીલંકાએ વસ્તી ગણતરી શરૂ કરી દીધી છે. જયરામ રમેશે કહ્યું હતું કે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારો ૨૦૧૩ અથવા પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ૧૦ કરોડથી વધુ ભારતીયોને કોઈ લાભ આપવામાં આવ્યા નથી કેમકે ૨૦૧૧



સુધીની વસ્તી ગણતરીને ધ્યાનમાં લઈને જ એ ડેટા મુજબ જ લાભ આપવામાં આવ્યા છે. આવનારી વસ્તી ગણતરીમાં તમામ જ્ઞાતિને અને જાતિને આવરી લેવાની કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષો માગણી કરી રહ્યા છે એ સવાલોનું શું ? ૧૯૫૧થી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓની વસ્તી ગણતરી થતી રહી છે અને હવે એ રીતે જ ઓબીસી અને અન્ય જાતિઓની પણ ગણતરી થવી જોઈએ. તો જ તમામ જાતિ અને જ્ઞાતિને શિક્ષણ અને રોજગારીમાં પૂરેપૂરા સામાજિક તથા આર્થિક અને રાજકીય ન્યાયનો લાભ મળી શકશે પણ નોન બાયોલોજિકલ પીએમ શા માટે આવી વસ્તી ગણતરી વિલંબમાં મૂકી રહ્યા છે ?

# બહુજનને અધિકાર આપનાર બંધારણનું રક્ષણ કરીશું : રાહુલ ગાંધી

(એજન્સી) તા.૭

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સોમવારે દેશમાં સર્વસમાવેશકતા અને સમાનતાની જરૂરિયાત પર ભાર મૂક્યો અને કહ્યું કે કોંગ્રેસ બંધારણનું રક્ષણ કરશે જે બહુજનને ભાગીદારી અને અધિકાર આપે છે. તેણે મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં 'દલિત કિચન'ની મુલાકાતનો 'X' પર એક વીડિયો શેર કર્યો. આ વીડિયોમાં તે રસોઈ બનાવવામાં મદદ કરતો જોઈ શકાય છે. પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું, "આજે પણ બહુ ઓછા લોકો દલિત કિચન વિશે જાણે છે. જેમ કે શાહુ પટોલે જી (દલિત કિચન સાથે સંકળાયેલ) કહે છે, 'કોઈને ખબર નથી કે દલિતો શું ખાય છે.' 'તેઓ શું ખાય છે, તેઓ તેને કેવી રીતે રાંધે છે અને તેનું સામાજિક અને રાજકીય મહત્વ શું છે તેની ઉત્સુકતા માટે, મેં અજય તુકારામ સનાડે જી અને અંજના તુકારામ સનાડે જી સાથે એક બપોર વિતાવી.' તેમણે કહ્યું, "મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં તેણે મને સન્માન સાથે તેના ઘરે બોલાવ્યો અને મને રસોડામાં મદદ કરવાનો મોકો આપ્યો. અમે સાથે મળીને ગ્રામ લીલાં અને તુવેરની દાળની 'હરભ્યાચી ભાજી' બનાવી. ગાંધીએ કહ્યું કે બંધારણ દલિતબહુજનોને



હિસ્સો અને અધિકાર આપે છે અને કોંગ્રેસ તે બંધારણનું રક્ષણ કરશે. તેમના મતે, ખોરાક વિશે જાગૃતિના અભાવ અને આ સંસ્કૃતિના દસ્તાવેજીકરણના મહત્વ વિશે ચર્ચા કરવામાં આવી હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, 'સમાજમાં બધાની સાચી સમાવેશ અને સમાનતા ત્યારે જ શક્ય બનશે જ્યારે દરેક ભારતીય પોતાના હૃદયમાં ભાઈચારાની ભાવના સાથે પ્રયત્ન કરશે.'

# શામલીમાં તંગદિલી : દેખાવો દરમિયાન હેટ સ્પીચ મામલે પોલીસે ૪૭ સામે કેસ નોંધ્યો

(એજન્સી) તા.૭

ઉત્તરપ્રદેશ પોલીસે રવિવારે જણાવ્યું હતું કે, માંસાહારી હોટેલો અને રેસ્ટોરાં બંધ કરવાની માંગ કરવા માટે યોજાયેલી એક મીટિંગ દરમિયાન શામલી જિલ્લામાં કથિત રીતે સાંપ્રદાયિક નિવેદનો આપવા બદલ ૪૭ હિંદુ કાર્યકરો સામે કેસ ફાઈલ કરવામાં આવ્યો છે. યોગ સાધના આશ્રમ ભાગરાના મહંત સ્વામી યશવીરની આગેવાની હેઠળની હિંદુ પંચાયત - જેમનું નામ FIRમાં છે-કથિત રીતે ૨૯ સપ્ટેમ્બરના રોજ થાનાભવન શહેરમાં પરવાનગી વિના યોજવામાં આવ્યું હતું, તેઓએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર ગયા રવિવારે, યશવીર સહિતના હિંદુ કાર્યકર્તાઓ એક માંસાહારી હોટલની બહાર એકઠા થયા હતા, અને માગણી કરી હતી કે નગરમાં મંદિરોની સો મીટરની અંદર આવી તમામ સ્થાપનાઓ



બંધ કરવામાં આવે. વિરોધ દરમિયાન, તેઓએ કથિત રીતે ધાર્મિક નારા લગાવ્યા અને મુસ્લિમો વિરૂદ્ધ ઉશ્કેરણીજનક નિવેદનો કર્યા હતા.

સ્ટેશન હાઉસ ઓફિસર (SHO) વીરેન્દ્ર કસાનાએ જણાવ્યું હતું કે, "ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ સાત નામાંકિત વ્યક્તિઓ સહિત ૪૭ હિન્દુ કાર્યકરો સામે કેસ નોંધવામાં આવ્યો છે. ૩૦ સપ્ટેમ્બરે નોંધાયેલી FIRમાં મહંત સ્વામી યશવીરનું નામ પણ છે. નોંધાયેલા પોલીસ કેસના જવાબમાં, હિંદુ કાર્યકર્તાઓએ તેમના સાથી કાર્યકરો પર લાગેલા આરોપોનો વિરોધ કરીને ૧૦ ઓક્ટોબરે વિરોધ પ્રદર્શન કરવાની યોજના જાહેર કરી છે.

# ચુન ચુન કે નિકાલા જાયેગા : શિવરાજ સિંહ ચૌહાણે ઝારખંડમાં NRC લાગુ કરવાનો વાયદો કર્યો

(એજન્સી) તા.૭

કેન્દ્રીય ગૃહમંત્રી શિવરાજસિંહ ચૌહાણે ઝારખંડને લઈને મોટુ નિવેદન આપ્યું છે. શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું છે કે ઝારખંડમાં બીજેપી સરકાર આવશે તો NRC લાગુ થશે. તેમણે એમ પણ કહ્યું કે નાગરિકતાનું રજિસ્ટ્રેશન બનશે અને ઘૂસણખોરોને તો વીણી વીણીને બહાર કાઢવામાં આવશે. ભાજપના ઝારખંડ ચૂંટણી પ્રભારી શિવરાજ ચૌહાણે કહ્યું કે ઝારખંડમાં ભાજપનો વિગતવાર સંકલ્પ પત્ર ટૂંક સમયમાં બહાર પાડવામાં આવશે. તેમણે કહ્યું કે, આ માત્ર મુખ્યમંત્રી બનાવવા અથવા પાર્ટીને સત્તામાં લાવવાની ચૂંટણી નથી, પરંતુ ઝારખંડને બચાવવા માટેની ચૂંટણી છે. તેમણે કહ્યું કે અમારો સંકલ્પ દીકરી, માટી અને રોટી અને ત્રણેયની રક્ષા કરવાનો છે. શિવરાજ ચૌહાણે કહ્યું કે બાંગ્લાદેશી ઘૂસણખોરોને કારણે ઝારખંડની વસ્તી બદલાઈ રહી છે. સંથાલ પરગણામાં આદિવાસી વસ્તી ૪૪%થી ઘટીને ૨૮% થઈ ગઈ છે. બાંગ્લાદેશી ઘૂસણખોરોના કારણે હિંદુ વસ્તી પણ પ્રભાવિત થઈ છે. વોટ બેંકના લોભને કારણે હેમંત સોરેન અને ગઠબંધન સરકાર ઘૂસણખોરોને રક્ષણ આપી રહી છે. ઘૂસણખોરો દ્વારા આધાર કાર્ડ અને વોટર આઈડી કાર્ડ બનાવવામાં આવી રહ્યા છે, આ દેશ માટે મોટો ખતરો છે. આદિવાસી દીકરીઓને માયા જાળમાં ફસાવી તેમના લગ્ન કરાવીને તેમની જમીનો કબજે કરવામાં



આવી રહી છે. મહત્ત્વનું છે કે ઝારખંડમાં હજુ સુધી વિધાનસભાની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી નથી, પરંતુ ઝારખંડ વિધાનસભાનો કાર્યકાળ ૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. આવી સ્થિતિમાં ઝારખંડ વિધાનસભા ચૂંટણીની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ દરમિયાન શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે ઝારખંડમાં નાગરિકતા રજિસ્ટર બનાવવામાં આવશે. અમે સત્તામાં આવ્યા બાદ રાજ્યમાં NCR લાગુ કરીશું. વિદેશી ઘૂસણખોરોને પસંદગીપૂર્વક હાંકી કાઢવામાં આવશે.

# સોમનાથ ખાતેનું ડિમોલિશન 'વક્ફ બાય યુઝર' જોગવાઈનું ઉલ્લંઘન કરે છે; દેશભરમાં મુસ્લિમ વક્ફ મિલકતો પર જોખમ વધી શકે છે

અમદાવાદ, તા.૭

બ્રિટીશ શાસકો, રજવાડાઓ અને અન્ય શાસકોએ બ્રિટિશ કાળ પહેલાં જ તેમની પ્રજાને જાહેર ઉપયોગ માટે જમીનો આપી હતી, દાખલા તરીકે, તેમના મૃતકોના અગ્નિસંસ્કાર અને દફનવિધિ માટે. આ જમીનોને 'ઈનામ' કહેવામાં આવતી હતી. આ ફાળવણી સમુદાયની જરૂરિયાતો અને અગ્નિસંસ્કાર/દફનવિધિની આસપાસની ધાર્મિક પ્રથાઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. તેનો ઉપયોગ હિંદુઓ દ્વારા 'શમશાન' તરીકે અને મુસ્લિમો કબ્રસ્તાન માટે કરવામાં આવતો હતો. ૧૯૪૭માં આઝાદી પછી, આ જમીનોને કેન્દ્ર સરકાર અને સંબંધિત રાજ્ય સરકારો દ્વારા "સરકારી જમીન" તરીકે વર્ગીકૃત કરવામાં આવી. જો કે, સંબંધિત સમુદાયના મૃત વ્યક્તિઓના અગ્નિસંસ્કાર/દફનવિધિ માટે આવી જમીનોનો ઉપયોગ ચાલુ રહ્યો. આમ, જ્યારે આ જમીનો સરકારની માલિકી અને વહીવટ હેઠળ રહી ત્યારે તેનો સંબંધિત સમુદાયો દ્વારા તેમના અગ્નિસંસ્કાર/દફન પ્રથાઓ માટે સામૂહિક રીતે ઉપયોગ અને સંચાલન કરવામાં આવે છે. મુસ્લિમ સમુદાયો પણ આ જમીનોનો ઉપયોગ તેમના મૃતકોના દફનવિધિ માટે કરતા હતા, જેને "કબરસ્તાન" તરીકે ઓળખવામાં આવે છે. કેટલાક કિસ્સાઓમાં, મુસ્લિમ સમુદાયના સભ્યોએ તેમની ખાનગી માલિકીની જમીનો ખાસ કરીને દફન હેતુ માટે, સામાન્ય મુસ્લિમ લોકો માટે અથવા તેમના પોતાના કુટુંબ અથવા ચોક્કસ સમુદાય માટે દાનમાં આપી હતી. પરિણામે, વ્યાપક મુસ્લિમ સમુદાય દ્વારા ઉપયોગ માટે નિયુક્ત જમીનોને "જાહેર કબ્રસ્તાન" તરીકે ઓળખવામાં આવે છે, જ્યારે ચોક્કસ કુટુંબ અથવા સમુદાય દ્વારા ઉપયોગ માટે પ્રતિબંધિત જમીનોને "ખાનગી કબ્રસ્તાન" તરીકે ઓળખવામાં આવે છે. જાહેર અને ખાનગી બંને કબ્રસ્તાનોને દફનવિધિના ધાર્મિક હેતુ માટે સમર્પિત જમીન તરીકે ઓળખવામાં આવે છે, મુસ્લિમ કાયદા હેઠળ વકફ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે કારણ કે આ હેતુ માટે તેમના લાંબા સમયથી અને સતત ઉપયોગને કારણે, ભલે પ્રારંભિક અનુદાન અને સમર્પણ ઔપચારિક રીતે નોંધાયેલ ન હોય. પરિણામે, આમાંની ઘણી જમીનો, જ્યારે સત્તાવાર રીતે સરકારી અથવા ખાનગી મિલકત તરીકે નિયુક્ત કરવામાં આવે છે, અસરકારક રીતે "વપરાશકર્તા દ્વારા વકફ" બની જાય છે. આ સિદ્ધાંત કાયદામાં સ્થાપિત છે. આ જ તર્ક અન્ય મુસ્લિમ ધાર્મિક મિલકતોને પણ લાગુ પડે છે, જેમ કે મસ્જિદો (નિયમિત પ્રાર્થના માટેના સ્થાનો), દરગાહ (આદરણીય વ્યક્તિઓની કબરો), કબરો અને ખાનકાહ (ધાર્મિક સ્થળો). આ ધાર્મિક સ્થળોનો લાંબા ગાળાનો ઉપયોગ, અનુદાન અથવા સમર્પણના ઔપચારિક પુરાવા વિના પણ, વપરાશકર્તા દ્વારા વક્ફ તરીકેની તેમની ધાર્મિક હેતુઓ માટે તેમના મહત્વની પુષ્ટિ કરે છે. કમનસીબે, ઘણા કબ્રસ્તાનો સરકારી જમીન મહેસૂલ રેકોર્ડમાં "સરકારી જમીનો" તરીકે નોંધાયેલા છે, તેનો ઉપયોગ દફનવિધિ માટે કરવામાં આવે છે. ગુજરાતના ત્રણ કિસ્સાઓ આ સંઘર્ષોમાંથી ઉદ્‌ભવતા ગંભીર ગેરરીતિઓ અને ગેરકાયદેસરતાઓનું ઉદાહરણ છે. પ્રથમ વિવાદમાં અમદાવાદ જિલ્લાના ધંધુકા ગામનો સમાવેશ થાય છે, જ્યાં જમીનનો એક ભાગ મહેસૂલ રેકોર્ડમાં નોંધાયેલો છે અને મુસ્લિમ વહીવટદારના નામ સાથે ઓછામાં ઓછા ૧૯૨૩થી કબ્રસ્તાન તરીકે ઉપયોગમાં લેવાય છે છતાં, જમીનને સત્તાવાર રીતે સરકારી મિલકત તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી અને ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા મામલતદાર કચેરીના બાંધકામ માટે ફાળવવામાં આવી હતી. આ ગેરકાયદેસરતાને મહેસૂલ સત્તાવાળાઓ સમક્ષ પડકારવામાં આવી હતી અને આખરે હાઈકોર્ટમાં આવી હતી. હાઈકોર્ટે શરૂઆતમાં બાંધકામ પર સ્ટે મૂક્યો હોવા છતાં સ્ટે ઓર્ડર હોવા છતાં મામલતદાર કચેરી ઉતાવળમાં બનાવવામાં આવી હતી. આખરે, કોર્ટે પૂર્ણ થયેલ બાંધકામને ઉપયોગની મંજૂરી આપી. પરિણામે, સરકાર દ્વારા કબ્રસ્તાનની જમીનના ભાગની ભરપાઈ કરવા માટે વૈકલ્પિક જમીન ફાળવવા માટેની કાર્યવાહી હવે ચાલી રહી છે. આવી જ પરિસ્થિતિ ગોધરામાં કબ્રસ્તાનની જમીન અંગે બની હતી, જ્યાં અલગ અલગ આવક ધરાવતી સામૂહિક અને અડીને આવેલી જમીનો કબ્રસ્તાન તરીકે ઉપયોગમાં લેવાતી હતી, છતાં સરકારી મિલકત તરીકે નોંધાયેલી છે. નોંધનીય છે કે, આ જૂથની જમીનનો એક પ્લોટ તે હેતુ માટે ઉપયોગમાં લેવાતો હોવા છતાં તેને કબ્રસ્તાન તરીકે સત્તાવાર રીતે માન્યતા આપવામાં આવી ન હતી. પરિણામે, ગુજરાત સરકાર અને સ્થાનિક નગરપાલિકાએ આ જમીન પર ફાયર સ્ટેશન બનાવવાની દરખાસ્ત કરી અને વર્ક ઓર્ડર જારી કર્યો. આ નિર્ણયને હાઈકોર્ટમાં પડકારવામાં આવ્યો હતો, જેણે ડિસ્ટ્રિક્ટ ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકોર્ડ્સ (ડીઆઈએલઆર)ને જમીન માપવા અને



કબ્રસ્તાન તરીકે તેના ઉપયોગની પુષ્ટિ કરવાનો નિર્દેશ આપ્યો હતો. સદનસીબે, DILRને જમીન પર ઘણી કબરો મળી, જે દફન સ્થળ તરીકે તેની સ્થિતિની પુષ્ટિ કરે છે. પરિણામે, હાઈકોર્ટે આ જમીન પર ફાયર સ્ટેશનના બાંધકામ પર પ્રતિબંધ મૂક્યો હતો અને સરકારને પ્રોજેક્ટ માટે વૈકલ્પિક જમીન ફાળવવાનો આદેશ આપ્યો હતો. ત્રીજો નોંધપાત્ર દાખલો પ્રભાસ પાટણ, સોમનાથ, વેરાવળમાં તાજેતરમાં થયેલ ડિમોલિશનનો છે. ૧૮૯૫માં, શહેરમાં મુસ્લિમ દફનવિધિ અંગેના વિવાદને કારણે જૂનાગઢના નવાબે જે.એમ. હન્ટરના નેતૃત્વમાં એક કમિશનની નિમણૂક કરી. તેમના અહેવાલના આધારે, મુસ્લિમ સમુદાયને ૧૯૦૩માં દફન હેતુ માટે જમીનો ફાળવવામાં આવી હતી, જેમાં ઐતિહાસિક રીતે આ હેતુ માટે ઉપયોગમાં લેવાતા વિસ્તારોનો સમાવેશ થાય છે. તે દસ્તાવેજીકૃત છે કે આ જમીનો પર ઘણી દરગાહ અને મઝારો અસ્તિત્વમાં છે, જેમાં ઓછામાં ઓછી ત્રણ દરગાહને સંરક્ષિત સ્મારકો તરીકે નિયુક્ત કરવામાં આવી છે. આ મઝારો અને ત્યાં દફનાવવામાં આવેલી આદરણીય વ્યક્તિઓનું ઐતિહાસિક મહત્વ વિવિધ ઐતિહાસિક દસ્તાવેજોમાં નોંધાયેલ છે. અધિકારોની ચકાસણી દરમિયાન અને ૧૯૪૭માં હાથ ધરાયેલા સર્વેક્ષણ દરમિયાન, આઝાદી પહેલાં, આવા ઓછામાં ઓછા નવ ધાર્મિક માળખાઓની ઓળખ કરવામાં આવી હતી, અને તેમનો કબજો પ્રોપર્ટી કાર્ડ્સ પરના રેવન્યુ રેકોર્ડમાં યોગ્ય રીતે નોંધવામાં આવ્યો હતો. ૧૯૪૭માં દેશને આઝાદી મળ્યા બાદ, ૧૯૫૫માં સોમનાથ મંદિર ટ્રસ્ટની સ્થાપના કરવામાં આવી હતી અને રાજ્ય સરકારે મુસ્લિમ કબ્રસ્તાનની જમીનનો એક ભાગ ટ્રસ્ટને ફાળવી દીધો હતો, જે મુસ્લિમો તેનો કબરસ્તાન તરીકે ઉપયોગ કરી રહ્યા હતા. નોંધનીય છે કે, ૧૯૫૫માં ઔપચારિક ફાળવણી પહેલા જ ૧૯૫૧માં સોમનાથ મંદિર ટ્રસ્ટને આ જમીન માટે કબજાની રસીદ બનાવવામાં આવી હતી. તેમ છતાં, મુસ્લિમ સમુદાય દ્વારા આ જમીનનો કબરસ્તાન તરીકે ઉપયોગ કરવાનું ચાલુ રાખ્યું હતું. આના પરિણામે હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે વિવાદ થયો કારણ કે સત્તાવાર રીતે જમીનને સરકારી જમીન તરીકે વર્ગીકૃત કરવામાં આવી હતી પરંતુ આઝાદી પહેલા જૂનાગઢ રાજ્યના શાસક દ્વારા મુસ્લિમોને અને સ્વતંત્રતા પછી રાજ્ય સરકાર દ્વારા સોમનાથ મંદિર ટ્રસ્ટને ફાળવવામાં આવી હતી. જો કે, મુસ્લિમો દ્વારા કબ્રસ્તાન તરીકે જમીનના ચોક્કસ ભાગનો ઉપયોગ કરવાનું ચાલુ રાખ્યું હતું. જો કે, મંદિર ટ્રસ્ટે કબરસ્તાન જમીન પર અતિક્રમણ કર્યું હતું કારણ કે તેણે દાવો કર્યો હતો કે તે કબજાની રસીદના આધારે રાજ્ય સરકાર દ્વારા તેને ફાળવવામાં આવી હતી. ટ્રસ્ટે કબરસ્તાન જમીન પર ધાર્મિક માળખું પણ બનાવ્યું હતું. જેના કારણે બંને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. અમુક દાવાઓ અદાલતો દ્વારા નક્કી કરવામાં આવ્યા છે અને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે, અને અમુક મહેસૂલ સત્તાવાળાઓ, સિવિલ કોર્ટ, વક્ફ ટ્રિબ્યુનલ અને હાઈકોર્ટ સમક્ષ પેન્ડિંગ છે. ચાલી રહેલા દાવાઓ દરમિયાન, મહેસૂલ સત્તાધિકારી અને કલેક્ટરે, ૫ સપ્ટેમ્બર અને ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ કાર્યવાહી શરૂ કરી હતી. આ કાર્યવાહી એ દાવા પર આધારિત હતી કે ૧૯૪૭થી મહેસૂલી રેકોર્ડમાં જમીનની નોંધણી ખોટી હતી અને તેને સુધારવાની જરૂર હતી. આ કાર્યવાહી ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ સુનાવણી માટે આવી હતી, પરંતુ ત્યારબાદ તેને ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ પર મુલતવી રાખવામાં આવી હતી. કારણ કે કબરસ્તાનના સંચાલકોએ સંબંધિત દસ્તાવેજો મેળવવા અને તેમના સબમિટ કરવા માટે વધારાના સમયની વિનંતી કરી હતી. જો કે, ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ, ૭૫ વર્ષ પછી શરૂ થયેલી કાર્યવાહી અંગે કોઈ સુનાવણી થઈ ન હતી. એક પૂર્વયોજિત યોજના સાથે ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ, સવારે ૫ વાગ્યે, પોલીસ દળો, વહીવટી સ્ટાફ અને બુલડોઝર આવ્યા હતા. આ ઓપરેશન પાર કરવા માટે મુસ્લિમ નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી અને કબ્રસ્તાનની અંદર ધાર્મિક માળખાં અને કબરો તોડી પાડવામાં આવી હતી. હાઈકોર્ટ સમક્ષની કાર્યવાહીમાં, સરકારે જણાવ્યું હતું કે ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ડિમોલિશન માટેની નોટિસ જારી કરવામાં આવી હતી અને ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ એક આદેશ પસાર કરવામાં આવ્યો હતો, ત્યારબાદ ડિમોલિશન કરવામાં આવ્યું હતું. જવાબમાં, એવી દલીલ કરવામાં આવી હતી કે ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ની નોટિસ, હાલના નવ ધાર્મિક સ્થળોની આસપાસના કેટલાક વધારાના બાંધકામો માટે જ સંબંધિત છે, અને આ ધાર્મિક માળખાં માટે ન હતા. જો કે સરકારે દાવો કર્યો હતો કે ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ આદેશ જારી કરવામાં આવ્યો હતો, આ આદેશ સંબંધિત પક્ષોને જણાવવામાં આવ્યો ન હતો. રેકોર્ડ મુજબ, તે ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ બપોરે વાતચીત થવાની હતી, જો કે, ડિમોલિશન ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ વહેલી સવારે થઈ ચૂક્યું હતું. આ સંદર્ભમાં, એ નોંધવું અગત્યનું છે કે ફોજદારી ગુનાના આરોપી મુસ્લિમોને નિશાન બનાવતા શિક્ષાત્મક વિધ્વંસ અંગેની કાર્યવાહી સુપ્રીમ કોર્ટ સમક્ષ દાખલ કરવામાં આવી હતી. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ, સુપ્રીમ કોર્ટે રાષ્ટ્રવ્યાપી સંયમનો આદેશ જારી કર્યો હતો, જેમાં સત્તાવાળાઓને અમુક અપવાદો સાથે, કોઈપણ ડિમોલિશન પર પ્રતિબંધ મૂક્યો હતો. જો કે, આ આદેશનું ઉલ્લંઘન કરીને આસામમાં કેટલીક ઝૂંપડીઓ તોડી પાડવામાં આવી હતી, જેના કારણે સુપ્રીમ કોર્ટ સમક્ષ તિરસ્કારની અરજી દાખલ કરવામાં આવી હતી. જવાબમાં, કોર્ટે સત્તાવાળાઓને તિરસ્કારની નોટિસ જારી કરી હતી અને આદેશ આપ્યો હતો કે જમીન અંગે યથાસ્થિતિ જાળવવામાં આવે. પરિણામે, સુપ્રીમ કોર્ટના આદેશનો ઉલ્લેખ કરીને ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સમાન વિનંતી કરવામાં આવી હતી. એવી દલીલ કરવામાં આવી હતી કે સોમનાથ ખાતે ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ની વહેલી સવારે કરવામાં આવેલ ડિમોલિશન સુપ્રીમ કોર્ટના નિર્દેશનું ઉલ્લંઘન કરે છે. આ ઉપરાંત સોમનાથ વિધ્વંસને લઈને સુપ્રીમ કોર્ટમાં તિરસ્કારની અરજી પણ દાખલ કરવામાં આવી છે. અત્યારે, બંને કાર્યવાહી- હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટ સમક્ષ-વિચારણા માટે પેન્ડિંગ છે. જો કે, યથાસ્થિતિ જાળવવા માટે કોઈ આદેશ જારી કરવામાં આવ્યા નથી. આ જમીનો લાંબા સમયથી કબ્રસ્તાન તરીકે ઉપયોગમાં લેવાતી હોવા છતાં, તે સરકારી મિલકત તરીકે નોંધાયેલી છે. આ વર્ગીકરણ તેને પચાવી પાડવા, અને આ જમીનો પર સ્થિત કબરો અને ધાર્મિક માળખાના ધ્વંસ માટે એક યોજના છે. વક્ફ (સુધારા) બિલ, ૨૦૨૪ હેઠળ વકફ એક્ટ, ૧૯૯૫માં સૂચિત સુધારાઓ, ખાસ કરીને "વપરાશકર્તા દ્વારા વક્ફ"ને હટાવવા અને સર્વેક્ષણ સંબંધિત જોગવાઈઓમાં ફેરફારોને દર્શાવવું મહત્વપૂર્ણ છે. સૌપ્રથમ, ૧૯૫૪ના વકફ અધિનિયમ અને ૧૯૯૫ના વકફ અધિનિયમ બંને દ્વારા ફરજિયાત વકફ મિલકતોના સર્વેક્ષણ હજુ હાથ ધરવામાં આવ્યા નથી. પરિણામે, ઘણી વકફ મિલકતો બિન-રેકોર્ડેડ છે. સૂચિત સુધારાઓ આ નિર્ણાયક સર્વેક્ષણ કાર્યને પ્રાથમિકતા આપવા અથવા ઝડપી કરવામાં નિષ્ફળ જાય છે, આ વકફ મિલકતોની માન્યતા અને સંરક્ષણને જોખમમાં મૂકે છે. નજીકના ભવિષ્યમાં કોઈ નવા સર્વેની અપેક્ષા નથી. વધુમાં, "વપરાશકર્તા દ્વારા વકફ" ખ્યાલને દૂર કરવાનો અર્થ એ છે કે હાલમાં ઉપયોગમાં લેવાતી વકફ મિલકતો-જેમ કે કબરસ્તાન, મસ્જિદો અને ખાનકાહ-વિવાદિત મિલકતો બની શકે છે, ખાસ કરીને જ્યારે સંબંધિત દસ્તાવેજોનો અભાવ હોય અને આ જમીનો સરકારી અથવા ખાનગી મિલકત તરીકે નોંધાયેલી હોય. આ ફેરફાર આ સ્થળોને સંભવિત પચાવી પાડવા અને તોડી પાડવા માટે સંવેદનશીલ બનાવે છે, જેના કારણે મુસ્લિમ સમુદાયની ધાર્મિક મિલકતો અને જમીનો છીનવાઈ જવાનું જોખમ રહેશે. "વપરાશકર્તા દ્વારા વક્ફ" કલમને કાઢી નાખવા અને વક્ફના સર્વેક્ષણ સંબંધિત જોગવાઈઓમાં ફેરફાર નિઃશંકપણે પ્રતિકૂળ અને મુસ્લિમો અને તેમની ધાર્મિક વક્ફ મિલકતો માટે હાનિકારક હશે, અને ઉપરોક્ત અસંખ્ય ઉદાહરણો તેના મળે છે. આ ઉપરાંત ભવિષ્યમાં પણ આવી જ ઘટનાઓ બનવાની સંભાવના છે. તેના પર ધ્યાન આપવું જોઈએ, અને આ ફેરફારો અંગે મુસ્લિમ સમુદાયની ચિંતાઓને સ્વીકારવી જોઈએ અને તેને દૂર કરવી જોઈએ. તેમની ધાર્મિક સંપત્તિનું રક્ષણ સુનિશ્ચિત કરવું અને તેમની સુરક્ષાની ભાવના પુનઃસ્થાપિત કરવી જરૂરી છે.

### નડિયાદની વિદ્યાર્થિનીના સર્વેનું અનોખું તારણ

# ૭૭.૯ ટકા કર્મચારીઓને નોકરીમાં તણાવનો અનુભવ જેને દૂર કરવા માટે ૧૩.૭ ટકા વ્યસનના બંધાણી

## ● તણાવને ઓછો કરવા ૩૨.૬ ટકા કર્મચારીઓ મિત્રોની મદદ લે છે ● ૪૮.૯ ટકા કર્મચારીઓને પોતાના શોખ અને કુટુંબ માટે સમય મળતો જ નથી

(સંવાદદાતા દ્વારા)નડિયાદ, તા.૭

નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. બી.પટેલ આર્ટસ, કોલેજમાં બીજા વર્ષમાં મનોવિજ્ઞાન વિષયમાં અભ્યાસ કરતી શ્વેતા પ્રજાપતિ નામની વિદ્યાર્થિનીએ તાજેતરમાં નોકરી કરતા વ્યક્તિઓ પર એક સર્વે કર્યો હતો જેમાં ૧૦૦માંથી ૭૭.૯% કર્મચારીઓ નોકરીમાં તણાવ અનુભવતા હોવાનું તારણમાં બહાર આવ્યું છે.

આ સંશોધનનાં હેતુને ધ્યાનમાં રાખીને નોકરી કરતા કર્મચારીઓના મનોભારને જોવામાં આવ્યા હતા. કુલ ૧૦૦ વ્યકિતઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાં ૬૦.૨ % કર્મચારીઓ પ્રાઈવેટ નોકરી સાથે સંકળાયેલા હતા જ્યારે ૩૯.૮% કર્મચારીઓ સરકારી નોકરી સાથે સંકળાયેલા હતા. શ્વેતા પ્રજાપતિએ કરેલા આ સર્વેમાં ૭૭.૯% કર્મચારીઓ નોકરીના કારણે તણાવ અનુભવતા હોવાનું જયારે ૨૨.૧% કર્મચારીઓ નોકરીના કારણે તણાવનો અનુભવ કરતા નથી તેવુ જાણવા મળ્યું હતું. આ ઉપરાંત ૬૬.૭% કર્મચારીઓનું એવું માનવું છે કે, તેઓ લાંબા કલાકો સુધી કામ કરે છે છતાં પણ પૂરતું કામ નથી કરી રહ્યાં.આ સર્વેમાં જાણવા મળ્યું કે ૮૧.૩% કર્મચારીઓ નોકરીની સાથે પોતાના ભવિષ્યને જોવે છે. ૫૮.૯% કર્મચારીઓને ભવિષ્યમાં પોતાની નોકરી ગુમાવવાનો ડર લાગી રહ્યો છે. ૭૮.૧% કર્મચારીઓને કામ કરતી વખતે ચિંતાનો અનુભવ થાય છે ૮૫.૩% કર્મચારીઓને કામ દરમિયાન કઈ ખોટું પગલું ભરવાનો વિચાર આવતો નથી. ૬૦.૯% કર્મચારીઓનું માનવું છે કે નોકરીના કારણે તેમના બાળકનું ભવિષ્ય ઊજળું નથી જયારે ૩૯.૧% કર્મચારીઓ માને છે કે નોકરીના કારણે આવક સારી હોવાથી પોતાના બાળકનું ભવિષ્ય ઊજળું છે. ૮૬.૩% કર્મચારીઓનું માનવું છે કે વધુ પડતા કામના કલાકો તેમના સ્વાસ્થ્ય પર નકારાત્મક અસર કરે છે. ૫૨.૬% કર્મચારીઓ તણાવનો જાતે જ સામનો કરે છે જ્યારે ૧૪.૭% કર્મચારીઓ તણાવને ઓછો કરવા માટે ડોકટરની સલાહ લે છે અને ૩૨.૬% કર્મચારીઓ તણાવને ઓછો કરવા માટે મિત્રોની મદદ લે છે .તણાવભર્યા નોકરીના વાતાવરણમાં વ્યસનની વાત કરીએ તો આ સર્વેમાં ૮૬.૩% કર્મચારીઓ માનસિક તણાવને ઓછો કરવા માટે વ્યસન, ડ્રગ્સ અથવા ગોળીઓનો ઉપયોગ નથી કરતા જ્યારે તણાવને ઓછો કરવા માટે ૧૩.૭ ટકા વ્યસન, ડ્રગ્સ અથવા ગોળીઓનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત ૬૩.૪% કર્મચારીઓનું માનવું છે કે તેમને નોકરી કરતી વખતે અતિશય અને કંટાળાજનક મુસાફરી કરવી પડે છે.૫૧.૧% કર્મચારીઓ એવા છે કે જેમને પોતાના શોખ અને કુટુંબ માટે સમય મળી રહે છે જયારે ૪૮.૯% કર્મચારીઓને કામનું પ્રમાણ વધારે હોવાથી પોતાના શોખ અને કુંટુંબ માટે પુરતો સમય મળી રહેતો નથી. વર્ષમાં કુંટુંબ સાથે કોઈ એક વાર સારી જગ્યા ફરવા જતા હોય તેવા કર્મચારીઓનું પ્રમાણ ૬૯.૫% છે અને જે કર્મચારીઓ પોતાની નોકરીના લીધે સારી એવી જગ્યા ફરવા જઈ શકતા નથી તેવા કર્મચારીઓનું પ્રમાણ ૩૦.૫% છે.સર્વે કરનાર શ્વેતા પ્રજાપતિએ જણાવેલ કે, ૨૪ કલાકમાંથી ૮ અને ૧૨ કલાક નોકરી સાથે નોકરી કરતા કર્મચારીઓ જોડાયેલા છે. તે સતત તણાવમાં રહે છે કે કેમ તે તપાસવાનો આ સર્વે હતો. મે ગુગલ ફોર્મ દ્વારા ખેડા, આણંદ અને અમદાવાદ જિલ્લાના સરકારી અને પ્રાઈવેટ નોકરી કરતા ૧૦૦ જેટલા લોકોને આવરી સર્વે કર્યો છે. જેમાં ૭૭.૯% કર્મચારીઓ નોકરીમાં તણાવ અનુભવતા હોવાનું તારણમાં જાણવા મળ્યું છે. આ સર્વેમાં સતત આચાર્ય મહેન્દ્ર દવે અને કોલેજના મનોવિજ્ઞાનના HOD ડો.પ્રકાશભાઈ વિછીયા અને ડો. અર્પિતાબેન ચાવડા જરૂરી માર્ગદર્શન આપતા હતા.

### સુરત પોલીસની મહેનત રંગ લાવી

# કાપોદ્રા વિસ્તારના શ્રમજીવી પરિવારની ગુમ થયેલ બે દીકરી ચાર કલાક બાદ મળી આવી

## ૫૦ પોલીસકર્મીઓની ટીમે ૮૦ કેમેરા ચેક કરી ૪ કલાકની ભારે શોધખોળ બાદ સહી સલામત શોધી કાઢી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૭

સુરતના કાપોદ્રા વિસ્તારમાં રહેતા શ્રમજીવી દંપતિની બે પુત્રીઓ અચાનક ક્યાંક ગુમ થઈ ગઈ હતી. બંને પુત્રીઓની ભાળ નહિ મળતા માતા-પિતા ચિંતાતુર બની ગયા હતા. તેમની શોધખોળ શરૂ કરી હતી પરંતુ, બંને પુત્રીઓની ક્યાંય નહીં મળતા તેઓ કાપોદ્રા પોલીસે તાત્કાલિક અલગ-અલગ ટીમો બનાવીને બંને બાળકીઓની શોધખોળ હાથ ધરી હતી.અને ૪ કલાકની ભારે મહેનત બાદ બંને બાળકીઓને સહી સલામત શોધી કાઢી હતી. મળતી માહિતી મુજબ કાપોદ્રા ખાતે આવેલ ભરવાડ ફળિયામાં રહેતા રવિભાઈ કુનાઈભાઈ મુખીયા પરિવારમાં પત્ની અને ત્રણ દીકરીઓ સાથે રહે છે. પતિ-પત્ની બંને મજૂરી કામ કરી પોતાનું અને ત્રણેય સંતાનોનું ભરણ પોષણ કરે છે. આ દરમિયાન સવારે તેઓ મજૂરીકામ માટે નીકળી ગયા હતા અને બપોરે ઘરે આવતા તેઓની ૧૨ વર્ષની મુકબધીર દીકરી અને ૪ વર્ષની દીકરી ઘરે હાજર નહોતી. માતા-પિતાએ આજુબાજુ તપાસ કરતા મળી નહોતી. જેને કારણે શ્રમજીવી દંપતી ખૂબ જ ચિંતાતુર બની ગયું હતું. જ્યારે આ મામલો કાપોદ્રા પોલીસ મથકમાં પહોંચ્યો ત્યારે પોલીસે આ મામલો ગંભીરતાથી લઈ તાત્કાલિક તપાસ શરૂ કરી હતી. બંને બાળકીઓને શોધવા માટે કાપોદ્રા અને સરથાણા પોલીસ સ્ટેશનના કુલ ૫૦ જેટલા પોલીસ કર્મચારીઓની જુદી-જુદી ટીમો બનાવવામાં આવી હતી. અલગ-અલગ સ્થળો પર લાગેલા કુલ ૮૦ જેટલા સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવ્યા હતા. આસપાસના બાગ બગીચાની અંદર પણ તપાસ કરવામાં આવી હતી. અને સતત ૪ કલાકની ભારે મહેનતના અંતે બન્ને ગુમ થયેલ બાળકીઓ સરથાણા ગીરીરાજ હોટલની સામે ખરસદ રોડ ખાતેથી સહી સલામત મળી આવી હતી.ત્યાર બાદ બંને બાળકીઓને પોતાના માતા-પિતાને સોંપવામાં આવી હતી. શ્રમજીવી દંપતીએ પોલીસનો આભાર માન્યો હતો.

### આદર્શ વિદ્યાલયનું મેદાન યુદ્ધ મેદાનમાં ફેરવાયું

# પાટણમાં અખિલ આંજણા ચૌધરી સમાજની સાધારણ સભામાં બે જૂથ વચ્ચે મારામારી

## પથ્થરમારો તથા હથિયારોથી કરાયેલ હુમલામાં બંને જૂથના ૧૫થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા

પાટણ,તા.૭

પાટણ ખાતે આદર્શ વિદ્યાલયમાં અખીલ આંજણા ચૌધરી ચોવીસી સાધારણ સભા મળી હતી જેમાં પ્રમુખપદ મુદ્દે બે જૂથો સામ-સામે આવી જતા છુટાહાથની મારામારી સર્જાતા આદર્શ વિદ્યાલયનું કેમ્પર્સ યુદ્ધ મેદાનમાં ફેરવાયું હોય તેવા દશ્યો સર્જાયા હતા. જેમાં બંને જૂથના ૧૫થી વધુ શખ્સોને ઈજાઓ થઈ હતી. ઈજાગ્રસ્તોને ધારપુર સિવિલ હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતા પાટણ એલ.સી.બી. એસ.ઓ.જી., એ-ડિવિઝન, બી-ડિવિઝન, તાલુકા પોલીસનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને સ્થિતિ વધુ વણસે નહીં તે માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી મોટી સંખ્યામાં એકઠા થયેલ ટોળાને વિખેર્યા હતા. ચૌધરી સમાજના જ બે જૂથો વચ્ચે સર્જાયેલ આ અથડામણ સંબંધે આ લખાય છે ત્યાં સુધી એક જૂથ દ્વારા બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. જ્યારે બીજા જૂથ દ્વારા ફરિયાદ નોંધાવવાની તજવીજ ચાલી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. માનસિંહભાઈ મેઘરાજભાઈ ચોધરી (રહે. દુધારામપુરા, તા.જિ. પાટણ)એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું છે કે આદર્શ હાઈસ્કૂલમાં અખીલ આંજણા કેળવણી મંડળમાં સમાજના પ્રમુખપદ માટેની સભા મળી હતી જે દરમ્યાન સંસ્થાના ચાલુ પ્રમુખ સમજીભાઈને આજની સભાના પ્રમુખ તરીકે ચૌધરી લક્ષ્મણભાઈ મૂળજીભાઈ (રહે. કાતરા)ને નિમવા જણાવેલ જે મામલે ચાલુ પ્રમુખ રામજીભાઈ પુનાભાઈ ચૌધરી તથા રામસિંહભાઈ દેવશીભાઈ ચોધરીએ ચૌધરી લક્ષ્મણભાઈના નામનો વિરોધ કર્યો હતો તે સમયે બોલાચાલી થતા ઉશ્કેરાઈ જઈ લક્ષ્મણભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપી નીચે પાડી દઈ હથિયારો વડે માર મારતા માથાના ભાગે અને નાકના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતા સારવાર અર્થે ખાનગી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ બાદ આદર્શ હાઈસ્કૂલમાં બંને જૂથના માણસો સામ-સામે આવી ગયા હતા અને એક બીજા ઉપર હથિયારોથી પ્રહારો અને પથ્થરમારો કરતા પરિસ્થિતિ વણસી હતી. જેમાં બંને જૂથના ૧૫થી વધુ લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. બનાવ અંગે માનસિંહભાઈ મેઘરાજભાઈ ચૌધરીએ પાટણ બી-ડિવિઝન પોલીસ મથકે રામજીભાઈ પુનાભાઈ ચૌધરી (રહે. ખાનપુરડા, તા.જિ. પાટણ) રામસિંહભાઈ દેવશીભાઈ ચૌધરી ( રહે. સરીયદ, તા. સરસ્વતી), કાન્તીભાઈ તેજાભાઈ ચૌધરી (રહે. દુધારામપુરા, તા.જિ. પાટણ) અને અલ્કેશભાઈ રામશીભાઈ ચૌધરી (રહે. સરીયદ, તા. પાટણ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષ દ્વારા પણ નોંધાવવાની કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે.

### વધુ એક સગીરા પર દુષ્કર્મનો પ્રયાસ

# આણંદના બેડવાના વલ્લીપુરાની સગીરાને નશાકારક પીણું પીવડાવી સામૂહિક દુષ્કર્મનો પ્રયાસ

## સગીરાએ બૂમાબૂમ કરતા આસપાસના લોકો દોડી આવતા બંને જણા ભાગી ગયા બાદમાં બંને આરોપીઓ તથા સગીરાની બહેનપણીની ધરપકડ



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૭

આણંદ તાલુકાનાં બેડવા ગામનાં વલ્લીપુરા વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની સગીર કિશોરીને દારૂ જેવા કોઈ પદાર્થનો નશો કરાવી બે યુવકોએ ખડીપુરા પ્રાથમિક શાળામાં લઈ જઈ તેણી પર સામુહિક દુષ્કર્મનો પ્રયાસ કરતા કિશોરીએ બુમાબુમ કરતા આસપાસનાં લોકો દોડી આવ્યા હતા. જેથી બન્ને યુવકો ત્યાંથી ફરાર થઈ ગયા હતા જે બનાવ અંગે ખંભોળજ પોલીસે પોસ્કો એકટ હેઠળ ગુનો નોંધી બન્ને આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. મળતી વિગતો અનુસાર બેડવા ગામનાં વલ્લીપુરામાં રહેતી સગીર વયની કિશોરીને ગત રાત્રીનાં સુમારે નજીકમાં રહેતી તેની સગીર વયની બહેનપણી ઘરેથી નજીકની ખડીપુરા પ્રાથમિક શાળામાં બેસવા માટે લઈ ગઈ હતી અને બન્ને ત્યાં બેઠા હતા ત્યારે સગીર કિશોરીની બહેનપણીનો ભાઈ મુકેશ ભીમસિંહ પઢીયાર અને તેનો મિત્ર સંજય સુરેશભાઈ ચૌહાણ ત્યાં આવેલા અને સંજય સુરેશભાઈ ચૌહાણએ કિશોરીને પોતાની પાસેની પાણીની બોટલમાં પાણી છે તેમ કહી સગીર કિશોરીને નશાકારક પ્રવાહી પીવડાવી દીધું હતું અને ત્યારબાદ સગીર કિશોરી સાથે શારીરીક અડપલા કરી ગાલ પર બચકું ભરી લીધું હતું તેમજ કિશોરીને ગુપ્તભાગે અડપલા કરતા કિશોરીએ બુમાબુમ કરતા આસપાસનાં લોકો દોડી આવ્યા હતા જેથી આરોપી સંજય અને મુકેશ બન્ને જણા ત્યાંથી ભાગી છુટ્યાા હતા, ઘટનાની જાણકારી મળતા કિશોરીનાં પરિવારજનો પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને કિશોરીને ત્વરીત સારવાર માટે સારસા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડી હતી, દરમિયાન ઘટનાની જાણ થતા ખંભોળજ પોલીસ પણ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને કિશોરીને વધુ સારવાર માટે વડોદરાની એસએસજી હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી. આ બનાવ અંગે ખંભોળજ પોલીસે કિશોરીની ફરીયાદનાં આધારે દુષ્કર્મનો પ્રયાસ કરનાર સંજય સુરેશભાઈ ચૌહાણ તેમજ મુકેશ ભીમસિંહ પઢીયાર અને સગીર કિશોરીને શાળામાં લઈ જનાર તેની સગીર વયની બહેનપણી સહિત ત્રણ વિરૂદ્ધ પોસ્કો હેઠળ ગુનો નોંધી ત્રણેય આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. સમગ્ર ઘટનાની તપાસ સીપીઆઈ કે.કે. દેસાઈ ચલાવી રહ્યા છે.

# આપ (સ.અ.વ.) સાહેબની શાનમાં ગુસ્તાખી કરનાર કટ્ટરવાદી યતિ નરસિંહાનંદ સામે કાર્યવાહીની માંગ



ઉત્તરપ્રદેશના કટ્ટરવાદી માનસિકતા ધરાવતા યતિ નરસિંહાનંદે ઈસ્લામ ધર્મના મહાન પયગમ્બર (સ.અ.વ.) સાહેબની શાનમાં ગુસ્તાખી કરતા ભારત સહિત વિશ્વભરમાં વસતા કરોડો મુસ્લિમોની ધાર્મિક લાગણી દુભાય છે. રાજય, દેશ અને વિશ્વની કોમી એકતાને છિન્ન-ભિન્ન કરનાર કટ્ટરવાદી સામે કડક કાર્યવાહી કરવા ભાવનગરના ફ્રેન્ડસ ગ્રુપ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. (તસવીર : ફૈઝલ કાઝી, ભાવનગર)

### સડક માર્ગની કામગીરીને મંજૂરી મળી

# અંકલેશ્વર-વાલિયા-નેત્રંગ સ્ટેટ હાઈવેનું ૫૦ કરોડના ખર્ચે નવીનીકરણ કરાશે

અંકલેશ્વર, તા.૭

અંકલેશ્વર-વાલિયા-નેત્રંગ ૩૭ કિલોમીટરના સ્ટેટ હાઈવેને સેન્ટ્રલ ઈન્ફ્રા સ્ટ્રકચર ફંડ સ્કીમ હેઠળ રૂા.૫૦ કરોડના ખર્ચે બનાવવામાં આવશે. ભરૂચ સિનિયર સિટીઝન કાઉન્સિલે બે મહિના અગાઉ રાજ્યના માર્ગ અને મકાન વિભાગના સચિવ અને કલેકટરને કરેલી રજૂઆત રંગ લાવી છે. સિટીઝન કાઉન્સિલના પ્રમુખ જીવરાજ પટેલ અને સેક્રેટરી હરીશ જોશીએ જુલાઈ મહિનામાં રાજય માર્ગ અને મકાન વિભાગના સચિવ સાથે કલેકટરને રજૂઆત કરી હતી. અંકલેશ્વર-વાલિયા-નેત્રંગ સ્ટેટ હાઈવેની અતિવ્યસ્તતા, ટ્રાફિકના ભારણ અને જીવલેણ અકસ્માતો અંગે ધ્યાન દોરાયું હતું. જેમાં ચોમાસામાં ભારે વરસાદના કારણે માર્ગની હાલત વધુ ખરાબ બનતા વાહન ચાલકોની હાલાકીનો પાર રહ્યો ન હતો. CRIF સ્કીમ હેઠળ અંકલેશ્વર, વાલિયા અને નેત્રંગને જોડતો ૩૭ કિલોમીટરનો સ્ટેટ હાઈવેના નવીનીકરણનું કામ મંજુર થયું હતું. જેનું ટેન્ડર રૂા.૫૦ કરોડ ૮ લાખનું વડોદરાની શિવાલય ઈન્ફ્રા પ્રોજેક્ટ્સે મેળવ્યું છે. કોન્ટ્રાકટ કંપનીએ માર્ગનું નવીનીકરણ ગુણવકત્તાયુક્ત તમામ સરકારી ધારાધોરણ મુજબ ૧૮ મહિનામાં પૂર્ણ કરી આપવાનું રહેશે.

### માળિયા હાટીના પોલીસ દ્વારા

# ‘ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી’ સંવાદથી સુરક્ષા કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ,તા.૭

પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સૂચના તથા નાયબ પોલીસ અધિક્ષક ડી.વી. કોડિયાતર માંગરોળ વિભાગના માર્ગદર્શન અન્વયે માળિયા હાટીના પટેલ સમાજ ખાતે પોલીસ અધિક્ષક અધ્યક્ષતામાં ત્રણ વાત તમારી, ત્રણ વાત અમારી સંવાદથી સુરક્ષા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે માંગરોળના ધારાસભ્ય ભગવાનજીભાઈ કરગઠિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમજ આ કાર્યક્રમમાં અલગ અલગ રહ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, માળિયા હાટીના વેપારી વર્ગ, આગેવાનો તથા પત્રકાર મિત્રો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ માળિયા હાટીના પોલીસ તરફથી યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં માળિયા હાટીના તાલુકા લોકોના પ્રશ્નોનું સ્થળ ઉપર નિરાકરણ લાવવામાં આવ્યું હતું. ડ્રગ્સના દૂષણ સામે ઝીરો ટોલરન્સની નીતિથી પેશ આવી ડ્રગ પેડલર્સના મૂળ સુધી પહોંચી દુષણ દુર કરવા ઉપરાંત સાયબર ક્રાઈમ હેઠળ નાના અને મધ્યમ વર્ગના લોકો છેતરપિંડીના ભોગ બની રહ્યા છે. જેમાં જાગૃતતા લાવવા, ગુનાખોરી અટકાવવા, ગુનેગારની ઓળખ મેળવી ધોરણસરની કાર્યવાહી કરવામાં અને કાયદાકીય રીતે માહિતગાર કરી સામાન્ય લોકોનો વિશ્વાસ મેળવવા માળિયા હાટીના ખાતે લોકસંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં હાલમાં સાયબર ફ્રોડનું પ્રમાણ વધ્યું હોય જેમાં વધુ પડતો સોશિયલ મીડિયાનો ઉપયોગ તથા અણસમજ તેમજ લાલચના લીધે નાગરિકને બહુ મોટી આર્થિક નુકસાની ભોગવવાનો વારો આવે છે. જેથી આવા બનાવો ન બને તે માટે ફોન ઉપર આવતા કોઈપણ પ્રકારના ઓટીપી કોઈને પણ શેર કરવા નહી, તેમજ કોઈ અજાણ્યા નંબર ઉપરથી વીડિયો કોલ ઉપાડી વાતો કરવી નહીં કે જેથી કરીને આવા ફ્રોડ થાય ઉપરાંત સાયબર ફ્રોડ ટોલ ફ્રી નંબર ૧૯૩૦ ઉપર તુરત જ સંપર્ક કરવા સમજ અપાઈ હતી. પોલીસ સબ ઈન્સ. એસ.આઈ. સુમરા તથા નાયબ પોલીસ અધિક્ષક ડી.વી. કોડિયાતર જે પોલીસવડા દ્વારા અનેક સૂચનો અપાયા હતા.

# નવસારીમાં ત્રણ નવી એમ્બ્યુલન્સને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવતા કલેક્ટર



નવસારી, તા.૭

નવસારી જિલ્લામાં જરૂર પડ્યે આકસ્મિક સમયમાં આરોગ્ય સેવાઓ વધુ સુલભ બની રહે તે માટે ત્રણ નવી અને અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ફાળવાયેલી આ ત્રણેય નવી એમ્બ્યુલન્સને આજે કલેક્ટર ક્ષિપ્રા આગ્રે દ્વારા કલેક્ટર કચેરીના પ્રાંગણથી લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. મહત્ત્વનું છે કે, હાલમાં ૧૦૮ ઈમરજન્સી સેવામાં ૧૫ જેટલી એમ્બ્યુલન્સ નવસારીવાસીઓને આરોગ્ય સેવા પૂરી પાડી રહી છે. જે પૈકી રાજ્ય સરકાર દ્વારા ત્રણ જૂની એમ્બ્યુલન્સની જગ્યાએ ત્રણ નવી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ નવી એમ્બ્યુલન્સ આપી હતી. જેનું આજરોજ કલેક્ટર દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. તદુપરાંત કલેક્ટરે એમ્બ્યુલન્સનું નિરીક્ષણ પણ કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, ઈમરજન્સી મેનેજમેન્ટ એક્ઝ્યુકેટીવ, પ્રોગ્રામ ઓફિસર તેમજ અન્ય સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

### અંબાજી નજીક ત્રિશૂલિયા ઘાટ પાસે થયેલ

# બસ અકસ્માતમાં મોટાભાગના શ્રદ્ધાળુઓ કઠલાલ પંથકના, ગામમાં ચૂલા પણ સળગ્યા નથી

નડિયાદ, તા.૭

અંબાજી નજીક ત્રિશૂલિયા ઘાટ પાસે આજે સોમવારે શ્રદ્ધાળુઓથી ભરેલી લક્ઝરી બસને અકસ્માત નડ્યો છે. જેમાં ચારના કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. જ્યારે બસમાં સવાર ૫૪ લોકો ઈજાગ્રસ્ત થયાં છે. બસમાં સવાર તમામ લોકો પૈકી મોટાભાગના લોકો ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના નાની શાહપુર ગામના વતની હોવાનું સામે આવ્યું છે. જ્યારે આ અકસ્માત બાદ આ ગામમાં ગળાડૂબ શોકનો માહોલ જોવા મળ્યો છે. ગામના માજી સરપંચ અને ગામના અગ્રણી રમેશભાઈ પરમાર જણાવ્યું કે, સવારે ૬ વાગ્યે અમને અકસ્માતના સમાચાર મળ્યા હતા. અમારા ગામથી દર વર્ષે આસો નવરાત્રિએ આ સંઘ નીકળે છે. ચાલુ વર્ષે શનિવાર આ સંઘ મહિસાથી નીકળ્યો હતો. આ સંઘમાં મહિલા, પુરૂષો અને બાળકો હતા. હાલ સુધી બે વ્યક્તિઓના મોતના સમાચાર અમને મળ્યા છે. હાલ સુધી નામ આવતા નથી. અમારા ગામના અંદાજે ૩૦-૩૫ વ્યક્તિઓ સંઘમાં ગયા છે. સમાચાર સાંભળ્યા બાદ અમે કોઈએ ગામમાં રાંધ્યુ નથી. મારો દીકરો પણ આ સંઘમાં ગયો હતો જેને ઈજાઓ પહોંચી છે.

# ભાવનગરમાં ઈકોની ટક્કરે વિદ્યાર્થિનીનું મોત નિપજ્યું

ભાવનગર, તા.૭

ભાવનગર શહેરના ચિત્રા વિસ્તારમાં ઈકો કાર અને સ્કૂટરનું ધડાકા ભેર અકસ્માત સર્જાતા સ્કૂલમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ આજે ભાવનગર શહેર ચિત્રા વિસ્તારમાં ઈકો કાર અને સ્કૂટર વચ્ચે ધડાકા ભેર અકસ્માત થતાં જીલ બારૈયા (ઉ.વ.૧૮)નું ઘટના સ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું આ અકસ્માતની જાણ થતાં લોકોના ટોળા ઊમટી પડ્યા હતા. મૃતદેહને હોસ્પિટલ ખસેડી પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

### દુષ્કર્મના વધતા જતા બનાવોને લઈ

# સુરતમાં આપના કાર્યકરો દ્વારા ગૃહમંત્રીના રાજીનામાની માંગ સાથે સૂત્રોચ્ચાર કરાયા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૭

ગુજરાતમાં બનતા દુષ્કર્મના બનાવોને પગલે સુરતમાં આમ આદમી પાર્ટીએ આજે વિરોધ નોંધાવ્યો હતો. કાળા કપડા પહેરી અને કાળી પટ્ટી ધારણ કરીને આપ રસ્તા પર ઉતરી હતી. આ રેલીમાં ‘ગૃહમંત્રી શરમ કરો’, ‘તમારા રાજમાં દીકરીઓને ડર લાગે છે’, સહિતના પોસ્ટર અને બેનરો સાથે કલેકટર કચેરી ખાતે પહોંચ્યાં હતા. આ ઉપરાંત ગૃહમંત્રી હર્ષ સંઘવીના રાજીનામાંની માંગ કરી હતી. વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ કહ્યું કે, જો તમારાથી મહિલાઓની સુરક્ષા ન થતી હોય તો તમને એ ખુરશી પર બેસવાનો કોઈ હક્ક નથી. સુરત શહેરમાં આજે આમ આદમી પાર્ટી દ્વારા ગૃહમંત્રી હર્ષ સંઘવી અને ભાજપ વિરુધના નારા અને બેનરો-પોસ્ટર સાથે રેલી યોજવામાં આવી હતી. કાળા કપડા પહેરીને આમ આદમી પાર્ટી દ્વારા કલેકટર કચેરી પહોચીને ધુન અને સુત્રોચાર પોકાર્યા હતા. આ ઉપરાંત વડોદરાની દીકરીને ન્યાય આપો, ગૃહમંત્રી ફાંકા ફોજદારી બંધ કરો, ગૃહમંત્રી શરમ કરો, ગૃહમંત્રી તમારા રાજમાં દીકરીઓને ડર લાગે છે, નિષ્ફળ ગૃહમંત્રીને પદભ્રષ્ટ કરો જેવા બેનરો સાથે વિરોધ નોંધાવ્યો હતો. બીજી તરફ પોલીસે વિરોધ કરી રહેલા કાર્યકરોની અટકાયત કરી હતી. કેટલાક કાર્યકરોની તો ટીંગાટોળી કરીને અટકાયત કરવી પડી હતી. વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતની અંદર રોજેરોજ મહિલાઓની છેડતીના બનાવો બનતા હોય, પરંતુ છેલ્લા એક અઠવાડિયાથી જોઈએ તો એક પછી એક દુષ્કર્મના બનાવો બની રહ્યા છે. આ પ્રકારની ઘટના બની છતાં પણ આ બાબતે ગૃહમંત્રાલય ચુપ છે, હર્ષ સંઘવી ચુપ છે, ભાજપના મહિલા મોરચો અને બધા ચુપ છે. આની પહેલા દાહોદની અંદર ૫ વર્ષની બાળકીની હત્યા થઈ હતી. સુરેન્દ્રનગરની અંદર ૫ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ થાય છે. આટલી બધી ઘટનાઓ બની રહી છે અને મહિલાઓ અસુરક્ષિત છે, છતાં પણ ભાજપના નેતાઓ ચુપ છે, ગૃહમંત્રી ચુપ છે. વધુમાં જણાવ્યું હતું કે, અમારી એટલી જ માંગણી છે કે જો તમારાથી મહિલાઓની સુરક્ષા ન થતી હોય તો તમને એ ખુરશી પર બેસવાનો કોઈ હક્ક નથી. કારણ કે, સરકારમાં બેસીને મહિલાઓની સુરક્ષા કરવાની પ્રાથમિક જવાબદારી હોય છે. આજે મહિલાઓ પોતાને અસુરક્ષિત અનુભવી રહી છે. મહિલાઓ પર દુષ્કર્મના બનાવો બની રહ્યા છે.

# ૬૪ વર્ષના વૃદ્ધ સાથે અકુદરતી સેક્સ સંબંધમાં ૨૨ વર્ષીય યુવકને હાઈકોર્ટમાંથી જામીન

જૂનાગઢમાં ૬૪ વર્ષીય વૃદ્ધ સાથે અકુદરતી શારીરિક સંબંધનો વીડિયો બનાવી રૂા.૩૧ લાખ પડાવી લેવાના ૨૨ વર્ષીય યુવકને ગુજરાત હાઈકોર્ટમાંથી શરતી જામીન મળ્યા છે. હાઈકોર્ટે આરોપી તરફથી કરાયેલી રજૂઆતની નોંધ લીધી હતી કેબંને વચ્ચેના સંબંધો પરસ્પર સંમંતિથી બંધાયા હતા અને ખંડણી સ્વરૂપે પૈસા માંગ્યા હોવાનો કોઈ પૂરાવા નથી. કેસની વિગત મુજબ, ૬૪ વર્ષીય વૃદ્ધ અને ૨૨ વર્ષીય યુવક બંને સોશ્યલ મીડિયાના માધ્યમ મારફતે પરિચયમાં આવ્યા અને મિત્ર બન્યા હતા. બાદમાં બંને વચ્ચેની સહમતિથી અપ્રાકૃતિક સંબંધો બંધાયા હતા. જે દરમ્યાન યુવકે વીડિયો પણ ઉતારી લીધો હતો અને બાદમાં વૃદ્ધને અવારનવાર ધમકી આપી સંબંધો બાંધી રૂા.૩૧ લાખ પડાવ્યા હતા. આ અંગે વૃદ્ધે જૂનાગઢ પોલીસ મથકમાં આરોપી યુવક વિરૂદ્ધે ફરિયાદ નોંધાવી હતી. યુવકે કરેલી જામીન અરજીમાં બચાવ કર્યો હતો કે, બંને વચ્ચેના સંબંધો પરસ્પર સંમંતિથી બંધાયા હતા અને ખંડણી સ્વરૂપે પૈસા માંગ્યા હોવાનો કોઈ પુરાવા નથી. વળી, રોકડમાં નાણાંકીય વ્યવહારના પણ કોઈ પૂરાવા મળ્યા નથી.

### દાંતા ત્રિશુળિયા ઘાટ પર ભયંકર અકસ્માત

# રીલ બનાવી રહેલા ડ્રાઈવરે ચાર બમ્પ કૂદાવી દેતા બસ પલટી : ૪નાં મોત, ૫૦થી વધુ ઈજાગ્રસ્ત

## ડ્રાઈવર નશાની હાલતમાં હોવાનો આરોપ

## કલેક્ટર સહિતના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૭

રાજયમાં અકસ્માત સર્જાવવાનો સિલસિલો યથાવત્ રહ્યો છે. એક મહિના દરમ્યાન કેટલીક અકસ્માતની ઘટનાઓ બની. ગઈકાલે રવિવારે ફોર્ચ્યુનર કારે બાઈકસવાર ત્રણ લોકોને અડફેટમાં લીધા હતા. જે અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત નિપજ્યા હતા ત્યારે આજે ફરી એકવાર અકસ્માતની ઘટના સામે આવી છે. આધુનિક યુગમાં કેટલાક લોકોને સોશિયલ મીડિયાની લત લાગી છે. બનાસકાંઠા સ્થિત દાંતા ત્રિશુળિયા ઘાટ ખાતે સવારે બસમાં ભયંકર અકસ્માત સર્જાયો હતો. ડ્રાઈવરે ચાલુ ગાડીમાં રીલ બનાવતા ચાર બમ્પ કૂદાવી દીધા હતા. બાદમાં બસ પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં બાળક સહિત ચાર લોકોનાં મોત નિપજ્યા જ્યારે ૫૩ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડાયા છે. પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા સ્થિત દાંતા ત્રિશુળીયા ઘાટ ખાતે સવારે બસમાં ભયંકર અકસ્માત



સર્જાયો હતો. નડિયાદ, કઠલાલ તથા આજુબાજુના વિસ્તારના ૬૦થી વધુ મુસાફરો અંબાજીના દર્શન કરીને પરત ફરતા બસ પલટી ખાતા અકસ્માત થયો હતો. બનાસકાંઠા જિલ્લા કલેકટર અને વહીવટી તંત્ર દ્વારા ત્વરિત સમયસૂચકતા દાખવી તમામ ઘાયલ મુસાફરોને દાંતા રેફરલ હોસ્પિટલ ખાતે પ્રાથમિક સારવાર અપાઇ હતી. જયારે ૫૩ જેટલા ઘાયલ મુસાફરોને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે ખસેડાયા હતા. જિલ્લા કલેકટર મિહિર પટેલ અને જિલ્લા પોલીસ અધિક્ષક અક્ષયરાજ મકવાણાએ દાંતા સ્થિત ત્રિશુળીયા ઘાટના અકસ્માત સ્થળે વિઝીટ લીધી હતી. જે બાદ તેઓએ સિવિલ હોસ્પિટલ પાલનપુર ખાતે ગંભીર રીતે ઘાયલ થયેલા મુસાફરોની મુલાકાત લીધી હતી. જિલ્લા કલેકટરે સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈને ગંભીર અકસ્માત બાબતે સમગ્ર સ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમણે ઘાયલ લોકોને રૂબરૂ મળીને તેમના ખબર અંતર પૂછ્યા હતા. આ તકે જિલ્લા કલેકટરે જણાવ્યું હતું કે, તમામ ઘાયલ મુસાફરોની સ્થિતિ અત્યારે સ્ટેબલ છે. પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ઘાયલોને સઘન સારવાર અર્થે આરોગ્યની ટીમ ખડેપગે છે. આ અકસ્માતમાં ૨ પુરૂષ અને ૧ બાળક તેમજ અન્ય એમ કુલ મળીને ૪ લોકોનું નિધન થયું છે. આ અકસ્માત અંગે પોલીસ તપાસ ચાલી રહી છે. ત્યારે મુસાફરોએ જણાવ્યું હતું કે, ડ્રાઈવરે નશો કર્યો હતો અને બેદરકારીથી બસ હંકારતો હતો. અમે લોકોએ ના પાડી હતી છતાં ડ્રાઈવર રીલ બનાવતો હતો. ડ્રાઈવરે ૪ બમ્પ કુદાવી દીધા હતા. બાદમાં બસ પલટી મારી ગઈ હતી. અકસ્માત બાદ ડ્રાઈવર ત્યાં હતો જ નહીં, તે ફરાર થઈ ગયો હતો. બસમાં સવાર અનય મુસાફરે જણાવ્યું કે, અમે અંબાજીથી સવારે આવી રહ્યા હતા ને અકસ્માત થયો હતો. વળાંકમાં ડ્રાઈવર કટ મારતો હતો અને અકસ્માત થયો, આમાં ડ્રાઈવરનો જ વાંક હતો.

### શિક્ષકો સહિતના કર્મચારીઓના આંદોલનના ભયે સરકારે માગણીઓ સ્વીકાર્યા બાદ વધુ એક મોરચો ખુલ્યો !

# રાજ્યભરના TRB જવાનોએ હવે સરકાર સામે હડતાળનું શસ્ત્ર ઉગામ્યું

## વેતનમાં વધારાની માંગ સાથે ઠેર-ઠેર વિરોધ પ્રદર્શન કરતા TRB જવાનો : ટ્રાફિકજામના દશ્યો

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૭

રાજ્યમાં શિક્ષકો સહિતના સરકારી કર્મચારીઓના આંદોલનના ભયે સરકાર દ્વારા તેમની માગણી ગતરોજ સ્વીકારતી જાહેરાત કરાયા બાદ હવે વધુ એક આંદોલનનો મોરચો સરકાર સામે ખૂલ્યો છે. અમદાવાદ શહેર સહિત ગુજરાતમાં ફરજ બજાવતા ટીઆરબી ટ્રાફિક જવાનો હવે હડતાળ પર ઊતરી ગયા છે, વેતનમાં વધારો કરવાની માંગ સાથે જવાનો હડતાળ પર ઊતરી જતા શહેરોમાં ટ્રાફિક સર્કલ પર સ્ટાફના અભાવે ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ છે. અમદાવાદમાં પણ વિવિધ માર્ગો પર ટ્રાફિકજામની સમસ્યા સર્જાતા લોકોને હેરાનગતિ થવા પામી હતી. અમદાવાદનો ધમધમતો રોડ એટલે ગાંધી આશ્રમ રોડ અને આ રોડ પર વાહનોની અવર-જવર રહેતી હોય છે, પરંતુ ટ્રાફિકના ટીઆરબી જવાનો હડતાળ પર ઊતરતા શહેરમાં



ટ્રાફિકની સમસ્યા ખોરવાઈ ગઈ છે, ઓફિસ જવાના સમયે ટ્રાફિક વધતા શહેરીજનો હેરાન થઈ ગયા હતા. બીજી તરફ અમદાવાદ શહેરની ટ્રાફિક પોલીસ પણ રોડ પર જોવા મળી નથી, જેના કારણે સમસ્યા વધી ગઈ હતી. ગુજરાતભરમાં ટીઆરબી જવાનો હડતાળ પર ઊતર્યા છે, આ ટીઆરબી જવાનોની માંગ પગાર વધારાની છે, હાલમાં તેઓને રૂા.૩૦૦ રોજ લેખે વેતન આપવામાં આવે છે પરંતુ તેમની માંગ છે કે, ૫૦૦ રૂપિયા વેતન આપવામાં આવે જેને લઈ તેઓ હડતાળ પર ઊતરી ગયા છે. હળતાળના કારણે રાજયની ટ્રાફિક વ્યવસ્થા પર મોટાપાયે અસર થઈ છે. શહેરની ટ્રાફિક પોલીસ આ વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ગઈ છે જેના કારણે ટ્રાફિક સમસ્યાનું સર્જન થયું છે. આ હડતાળમાં રાજયભરના ૬૦૦૦થી વધુ ટીઆરબી જવાનો હડતાળમાં જોડાયા છે, જેમાં અમદાવાદના ૧૬૦૦ જેટલા જવાનો પણ સામેલ છે. નોંધનીય વાત એ છે કે, ટીઆરબી જવાનોએ ટ્રાફિક પોઈન્ટ પર ફરજ બજાવવી બંધ કરીને, હડતાળ તરીકે રાજયના વિવિધ સ્થળોએ ભેગા થવાનું નક્કી કર્યું છે. હડતાળના ભાગરૂપે અમદાવાદમાં ટીઆરબી જવાનો કલેક્ટર કચેરીએ મોરચો કાઢશે અને આવેદનપત્ર પણ આપી શકે છે. એ જ રીતે રાજ્યમાં અન્યત્ર પણ મોરચો કાઢી વિરોધ પ્રદર્શન કરવામાં આવે તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. મળતા અહેવાલ પ્રમાણે સમગ્ર રાજ્યભરના ટ્રાફિક વિભાગમાં કામ કરતાં ટીઆરબી જવાનો હડતાળ પર ઊતર્યા છે. ટીઆરબી જવાનો ફિક્સ પગારને લઈ છેલ્લા અનેક સમયથી પગાર વધારાની માંગ સતત કરી રહ્યા હતા. સરકારે ચૂંટણી સમયે પગાર વધારાનો વાયદો કર્યો હતો પણ તેનો અમલ કરવામાં આવ્યો નહોતો. સમગ્ર વિવાદને એક વર્ષ થવા છતાં પણ પગારવધારો ન કરાતાં આખરે ટીઆરબી જવાનોએ હવે ઉગ્ર આંદોલનનું શસ્ત્ર ઊઠાવ્યું છે. જેને લઈને આગામી દિવસોમાં પણ જવાનો તેમનું વિરોધ પ્રદર્શન જારી રાખે તેમ જણાય છે.

### રાજ્યના વન વિભાગ દ્વારા આધુનિક ટેક્નોલોજીના ઉપયોગ થકી ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી યોજાઈ

# દેશમાં માત્ર એકલા ગુજરાતમાં જ જોવા મળતા ઘુડખરની વસ્તીમાં વધારો, ૭૬૭૨ નોંધાયા

## છેલ્લા પાંચ વર્ષમાં ૨૬ ટકાનો વધારો; નીલગાય, ચિંકારા, કાળિયાર વગેરેની પણ ગણતરી થઈ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૭

દેશભરમાં માત્ર ગુજરાતમાં જ જોવા મળતા ઘુડખરના રક્ષણ અને સંવર્ધન માટે કચ્છના નાના રણ સહિતના આસપાસના પ્રદેશમાં ઘુડખર અને રણની સ્થાપના કરવામાં આવેલ છે. ભૂતકાળમાં ઘુડખર ઉત્તર-પશ્ચિમ ભારત, પાકિસ્તાનથી માંડીને મધ્ય- એશિયાના સુકા વિસ્તાર સુધી વિહરતા જોવા મળતા હતા. જોકે, આ ઘુડખર હાલ ભારતમાં એક માત્ર ગુજરાતના કચ્છના નાના-મોટા રણના વિસ્તારોમાં જ જોવા મળે છે. રાજ્યમાં હાથ ધરાયેલ ઘુડખર વસ્તી ગણતરીમાં ૭,૬૭૨ ઘુડખરની વસ્તી નોંધાઈ છે, એટલે કે અંદાજે ૨૬.૧૪ ટકાનો વધારો નોંધાયો છે. વન મંત્રી મુળુભાઈએ આ અંગે કહ્યું હતું કે, દર પાંચ વર્ષે ઘુડખરની વસ્તી ગણતરી કરવામાં આવે છે. આ વર્ષે પણ રાજ્યના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા ૧૦મી ઘુડખર વસ્તી ગણતરી કરવામાં આવી હતી, જેમાં રાજ્યમાં ઘુડખરની કુલ વસ્તી અંદાજે ૭,૬૭૨ નોંધાઈ છે. જયારે, છેલ્લી ગણતરી મુજબ ગુજરાતમાં ૬,૦૮૨ ઘુડખર હતા. ગુજરાતના ઘુડખર વિશ્વમાં



'Equus heminious khur' અને "ખુર" તરીકે પણ ઓળખાય છે. ઘુડખર મુખ્યત્વે રાજ્યના ૬ જિલ્લાઓમાં જોવા મળે છે. ઘુડખર વસ્તી ગણતરી પ્રમાણે ૨,૭૦૫ ઘુડખર સૌથી વધુ સુરેન્દ્રનગર જિલ્લામાં વસવાટ કરે છે. જ્યારે ૧,૯૯૩ ઘુડખર કચ્છ જિલ્લામાં, ૧,૬૧૫ પાટણમાં, ૭૧૦ બનાસકાંઠામાં, ૬૪૨ મોરબીમાં તેમજ ૭ ઘુડખર અમદાવાદ જિલ્લામાં જોવા મળે છે. આ ઉપરાંત વન રીઝિયન પ્રમાણે સૌથી વધુ ૩,૨૩૪ ઘુડખર ધાંગધ્રામાં, ૨,૩૨૫ રાધનપુર અને ૨,૧૧૩ ભચાઉ રીઝિયનમાં વસવાટ કરે છે. વધુમાં આ વન અને અભયારણ્ય વિસ્તારમાં ૨,૫૬૯ માદા ઘુડખર, ૧,૧૧૪ નર ઘુડખર, ૫૮૪ બચ્ચા અને ૨,૨૦૬ વણ ઓળખાયેલ જ્યારે, રેવન્યુ વિસ્તારમાં ૫૫૮ માદા ઘુડખર, ૧૯૦ નર ઘુડખર, ૧૬૮ બચ્ચા તેમજ ૨૮૩ વણ ઓળખાયેલા ઘુડખર છે. આમ બે વિસ્તારના મળીને રાજ્યમાં કુલ ૭,૬૭૨ ઘુડખર નોંધાયા છે.

ઘુડખર વસ્તી ગણતરી અંદાજે WAPE- 2024માં લગભગ ૧૫,૫૧૦ ચો. કિ.મી. વિસ્તારમાં ડાયરેક્ટ કાઉન્ટ મેથડથી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪માં ઘુડખરની સાથે સાથે અન્ય વન પ્રાણીઓની ગણતરી પણ કરવામાં આવી હતી. આ ગણતરીમાં નીલગાય, ચિંકારા, કાળિયાર, જંગલી ભૂંડ, ભારતીય શિયાળ, રણ લોંકડી જેવા વન્ય જીવોનો સમાવેશ થાય છે. જેમાં સૌથી વધુ ૨,૭૩૪ નીલગાય, ૯૧૫ જંગલી ભૂંડ, ૨૨૨ ભારતીય સસલું, ૨૧૪ ચિંકારા તેમજ ૧૫૩ ભારતીય શિયાળ નોંધાયા છે. રાજ્યમાં ઘુડખર સાથે સંકળાયેલ અન્ય વન્ય પ્રાણીઓની વિગત ગણતરી મુજબ જોઈએ તો નીલગાય પછી બીજા ક્રમે જંગલી ભૂંડ ૯૧૫ નોંધાયા છે. તે બાદ ભારતીય સસલું ૨૨૨, ચિંકારા ૨૧૪, ભારતીય શિયાળ ૧૫૩, રણ લોંકડી ૭૦, ભારતીય લોંકડી ૪૯, કાળિયાર ૩૯ અને ભારતીય ઝરખ ૧૫ નોંધાવવા પામેલ છે. WAPE-2024ના આયોજનને પૂરી કરવા ગણતરીકારોને ઘુડખર તેમજ અન્ય વન્ય પ્રાણીઓની ઓળખ માટે ખાસ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ ગણતરીકારોને પરંપરાગત પદ્ધિતિની સાથે જ, આધુનિક ટેકનોલોજી જેમ કે, ડ્રોન કેમેરા, કેમેરાટ્રેપ, ઈ-ગુજ ફોરેસ્ટ મોડ્યુલ જેવા સંસાધનો પણ આપવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઈન્ટરનેશનલ યુનિયન ફોર કન્ઝર્વેશન ઓફ નેચર-૨૦૦૮ની રિપોર્ટ મુજબ ઘુડખર બહુ જ ઓછા પ્રમાણમાં જોવા મળતા હોવાથી વન્યજીવ રક્ષણ અધિનિયમ હેઠળ તેને આરક્ષિત કરવામાં આવ્યા છે. IUCNના થ્રેટંડ સ્પીસીસની યાદીમાં ઘુડખરને એન્ડેજર્ડ કેટેગરીમાં મૂકવામાં આવ્યા છે.

### છેલ્લા એક વર્ષમાં ૧૦૫ કિલો કોકેઈનના પેકેટ કબજે કરાયા

# રાજ્યમાં ફરીવાર ડ્રગ્સની એન્ટ્રી : કચ્છના ગાંધીધામ પાસે રૂા.૧૨૦ કરોડનું કોકેઈન ઝડપાયું

## યુવાઓને બરબાદ કરનાર ડ્રગ્સ સતત ગુજરાતમાં મળે છે શું તેનો વિકાસ કરવાના ભાજપે શપથ લીધા ? : શક્તિસિંહ ગોહિલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

ગુજરાતમાંથી નશીલા પદાર્થ ઝડપાવાનો ક્રમ શરૂ જ છે. કચ્છમાંથી ૧૨૦ કરોડની કિંમતનું ૧૨ કિલો કોકેઇન ઝડપાયું છે. પોલીસે મળેલી બાતમીના આધારે સર્કીક વિસ્તારમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જેમાં રવિવારે રાત્રે કોકેઈનના ૧૦ બિનવારસી પેકેટ મળી આવ્યા હતા. જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત અંદાજે રૂા.૧૨૦ કરોડ છે.

પૂર્વ કચ્છના એસપી સાગર બાગમરના જણાવ્યા અનુસાર બાતમીના આધારે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસને ખારીરોહર સીમમાં આવેલા તળાવ નજીક બાવળની ઝાડી નીચે બિનવારસી હાલતમાં ૧૦ પેકેટ કોકેઈનના મળી આવ્યા હતા. જેમાં અંદાજિત ૧૨૦ કરોડની કિંમતનું ૧૨ કિલોગ્રામ કોકેઈન ઝડપ્યું છે. અહીંથી સમુદ્રની ખાડી માત્ર દોઢેક કિલોમીટર દૂર છે. તેથી કોઈ



દાણચોરો દ્વારા તેને લાવવામાં આવ્યું હોઈ શકે છે.

આ પહેલા ગત વર્ષે ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ ગાંધીધામ પોલીસે અહીંથી થોડે દૂર મીઠીરોહર સીમમાંથી ૮૦૦ કરોડની કિંમતનું ૮૦ કિલો કોકેઈન જપ્ત કર્યું હતું. આ વર્ષે ૪ જૂન, ૨૦૨૪ના રોજ ખારીરોહરથી કંડલા જતાં માર્ગ પર HPCL પાઈપલાઈન નજીક બાવળની ઝાડીમાંથી ગુજરાત ATSએ પણ બિનવારસી હાલતમાં પડેલું ૧૩ કિલો કોકેઈન જપ્ત કર્યું હતું. આમ છેલ્લા એક વર્ષમાં ત્રણ વખત એક જ પટ્ટામાંથી અંદાજિત ૧૦૫ કિલોગ્રામ કોકેઈનના પેકેટ કબજે કરાયા છે. જો કે, એકપણ કિસ્સામાં આ પેકેટ અહીં કોણ નાંખી ગયું તે જાણી શકાયું નથી. ગુજરાત કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે કચ્છમાંથી ડ્રગ્સ મળવાની ઘટનાને લઈને ભાજપ સરકાર પર સવાલ ઊઠાવ્યા છે. શક્તિસિંહ ગોહિલે સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું કે, ગુજરાતના કચ્છ જિલ્લામાં ૧૨ કિલોગ્રામ કોકેઇનથી ભરેલા ૧૦ પેકેટ મળ્યા છે, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૧૨૦ કરોડ રૂપિયા છે. યુવાઓને બરબાદ કરનાર કોકેઈન સતત ગુજરાતમાં મળે છે. ભાજપ સરકારને ચિંતા નથી. શું તેનો વિકાસ કરવાના ભાજપે શપથ લીધા છે ? ઉલ્લેખનીય છે કે, દેશમાં સૌથી મોટો ૧૬૦૦ કિ.મી.નો દરિયાકાંઠો ગુજરાત ધરાવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી કચ્છ જિલ્લાના દરિયાકાંઠા વિસ્તારમાં તણાઈને આવેલા ડ્રગ્સના બિનવારસી પેકેટ મળી આવતા રહે છે. દરિયાઈ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન અલગ - અલગ સુરક્ષા એજન્સીઓ દ્વારા ડ્રગ્સના બિનવારસી પેકેટ જપ્ત કરવામાં આવતા હોય છે. ત્યારે વધુ એકવાર ગાંધીધામના ખારીરોહર પાસેથી ૧૨ કિલો ડ્રગ્સ બિનવારસી હાલતમાં મળી આવતા પોલીસ ચોંકી ઊઠી છે. આ મામલે પૂર્વ કચ્છ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

### પત્રકાર પરિષદમાં ચાલુ માઈકમાં સરકારના મંત્રીઓ પક્ષની કામગીરીની ચર્ચા કરતા થયો બફાટ !

# ભાજપના સદસ્યતા અભિયાનની કામગીરીના બોજ તળે નેતાઓ દબાયા; ન બોલવાનું બોલી ગયા !

## "કાઢી મેલે તો, કાઢી મેલે" બંને મંત્રીઓનો વીડિયો સોશિયલ મીડિયામાં જોરશોરથી વાયરલ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૭

ગુજરાત સહિત દેશભરમાં હાલ ભાજપનું સદસ્યતા અભિયાન ચાલી રહ્યું છે. મંત્રીઓથી લઈ કાર્યકરો સુધી હાલ ભાજપ સદસ્યતા અભિયાનને લઈ વ્યસ્ત છે. આ બધાની વચ્ચે ગાંધીનગરમાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જે બન્યું તે ખરેખર ચોંકાવનારૂં અને ખળભળાટ મચાવી દે તેવું હતું. આ ઘટના સોશિયલ મીડિયા પર જોરશોરથી વાયરલ થતાં ચર્ચા વ્યાપક બની છે. સરકારની વિગતોની વિગતો આપવા યોજાયેલ પત્રકાર પરિષદમાં સરકારના મંત્રીઓ વાસ્તવમાં પોતાની વાતચીતમાં ભૂલી જ ગયા કે મીડિયાનું માઈક ચાલુ છે. આ દરમિયાન તેઓ સદસ્યતા અભિયાનને લઈ વાતચીત કરતાં જોવા મળ્યા હતા. આ વાતચીત વખતે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે તો એટલા સુધી કહી દીધું કે, 'કાઢી મેલે તો, કાઢી મેલે.' સવારથી જ આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલ છે.

ગાંધીનગરમાં રવિવારે મળેલી કેબિનેટ બેઠક બાદ જયારે પત્રકારોને સંબોધિત કરવાની તૈયારીમાં હતા ત્યારે આ ઘટના બની હતી. વાસ્તવમાં પત્રકાર પરિષદ દરમિયાન જગદીશ વિશ્વકર્મા અને પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ મંચ પર બંને એક બીજા સાથે વાતચીત કરી રહ્યા હતા. આ દરમિયાન મંત્રી જગદીશ વિશ્વકર્માએ કહ્યું હતું કે, પાર્ટી એનાલિસિસ કરતી જાય છે જયારે મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું 'કાઢી મેલે તો, કાઢી મેલે' વાસ્તવમાં જયારે આ બંને નેતાઓ વાતચીત કરતાં હતા ત્યારે તેમની પાસે મીડિયાના બૂમ માઈક પણ પડેલા હતા. એટલે આ બધી વાતો મીડિયાના પત્રકારો વગેરે સાંભળી લેતા બધી વિગતો વાયરલ થવા સાથે રાજકીય ચર્ચાઓ પણ શરૂ થઈ જતાં માહોલ ગરમાયો છે. આ બંને નેતાઓ વચ્ચે થયેલી ચર્ચા પરથી જણાય છે કે ભાજપના સદસ્યતા અભિયાનની કામગીરીની વાત તેઓ કરી રહ્યા હતા. જેમાં પાર્ટી દ્વારા કન્ફર્મ ચેકિંગની સાથે કામગીરીનું એનાલિસીસ કરાઈ રહ્યાની વાતને લઈ કાઢી મેલે તો કાઢી મેલે તેવું મંત્રીએ એનો વાત કરી હોવાનું જાણવા મળેલ છે. જોકે આ ઘટનાને લઈ ચર્ચા જોરશોરથી થઈ રહી છે.

# RTE : પાંચ સ્કૂલોમાં ૫૦ વિદ્યાર્થીઓના પ્રવેશ બોગસ ડોક્યુમેન્ટથી થયાની શંકા

## હિયરીંગ કરવામાં આવ્યા બાદ ખોટા પ્રવેશ જણાશે તો પ્રવેશ રદ કરવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૭

રાઈટ ટુ એજ્યુકેશન (RTE) એક્ટ અમદાવાદની પાંચ જેટલી સ્કૂલોમાં ૫૦ કરતા વધુ વિદ્યાર્થીઓએ ખોટા ડોક્યુમેન્ટના આધારે પ્રવેશ લીધો હોવાની વિગતો સામે આવી છે. આ અંગે આગામી દિવસોમાં હિયરીંગ કર્યા બાદ જો ખરેખર ખોટા ડોક્યુમેન્ટના આધારે પ્રવેશ લીધા હોવાનું સાબિત થશે તો તેમના પ્રવેશ રદ કરવામાં આવશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજયની ખાનગી સ્કૂલોમાં ગરીબ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તે માટે RTE અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગ્રામ્ય વિસ્તાર માટે રૂા. ૧.૨૦ લાખ અને શહેરી વિસ્તાર માટે રૂા. ૧.૫૦ લાખની વાર્ષિક આવક મર્યાદા નક્કી કરવામાં આવેલી છે. આ આવક મર્યાદામાં આવતા હોય તેવા વાલીઓના બાળકોને RTE અંતર્ગત ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવતા હોય છે. પરંતુ ઘણા વાલીઓ શહેરની સારી ગણાતી ખાનગી શાળામાં પ્રવેશ મેળવવા માટે આવકના ખોટા દાખલા રજૂ કરી પ્રવેશ મેળવતા હોવાનું સામે આવતા હવે ઈક્મટેક્સ રિટર્નની વિગતો પણ પ્રવેશ વખતે માંગવાનું શરૂ કરાયું છે. દરમિયાન, ચાલુ વર્ષે પણ શહેરમાં RTE અંતર્ગત પ્રવેશ કાર્યવાહી પૂર્ણ થયા બાદ સ્કૂલોએ પોતાની રીતે તપાસ શરૂ કરી હતી. આ માટે સ્કૂલો દ્વારા ખાનગી એજન્સીને રાખી પ્રવેશની તપાસ કરાવવામાં આવી હતી. જેમાં શહેરની વિવિધ ચારથી પાંચ જેટલી સ્કૂલોના ૫૦ કરતા વધુ વિદ્યાર્થીઓના પ્રવેશ શંકાસ્પદ જણાયા છે. શહેરની શિવાસીસ, જેમ જેનસિસ, આનંદ નિકેતન, ઉદગમ સ્કૂલ અને કે.એન. પટેલ સ્કૂલના RTE વિદ્યાર્થીઓ પૈકી ખોટા ડોક્યુમેન્ટના આધારે પ્રવેશ થયા હોવાનું સામે આવ્યું છે. જેથી હવે આ તમામ વિદ્યાર્થીઓના પ્રવેશને લઈને હિયરીંગ રાખવાનું આયોજન કરાયું હોવાનું જાણવા મળે છે. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ હિયરીંગ પૂર્ણ થયા બાદ જો ખરેખર વિદ્યાર્થીઓના પ્રવેશ ખોટા ડોક્યુમેન્ટના આધારે થયા હોવાનું જણાશે તો તેમના પ્રવેશ રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS